ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

Vol No. 9 • ISSUE : 06 • Mumbai • September 2021 • PAGES 44 • PRICE : 30/-

ગુજરાતી અંગ્રેજી વર્ષ ૯ (કુલ વર્ષ ૯૩) • અંક ૦૬ • સપ્ટેમ્બર ૨૦૨૧ • પાનાં : ૪૪ • કિંમત રૂ. ૩૦/-

## પ્રબુદ્ધ જીવનની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકાઃ ૧૯૨૯થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈનઃ ૧૯૩૨ થી ૧૯૩૩ બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈનઃ ૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશનઃ ૧૯૩૯ ૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.



- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.

વિશેષ નોંધઃ

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામા સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરનાં સરનામા પર જ કરવો.


## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાસાદ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | વિષમ કાળની ઉપલબ્ધિઓને ગાંઠે બાંધીને રાખો | સેજલ શાહ | ૦૩ |
| ૨. | ઉકાળો અને ત્રણ ખાખરા | પદ્મશ્રી. કુમારપાળ દેસાઈ | ૦૬ |
| ૩ | અધ્યાત્મ સાધકની લાયકાતો | ડૉ. નરેશ વેદ | ૦૯ |
| ૪. | પર્યુષણ પર્વ સત્ય સ્વરૂપ તપનું પર્વ | તત્વચિંતક વી. પટેલ | ૧૬ |
| ૫. | સત્યનો વિજય કેમ થતો નથી? | ભાણદેવ | ૧૮ |
| ૬. | 'અંબડ વિદ્યાધરદાસ'નું ગુજરાતી સાહિત્યમાં પ્રદાન | ડૉ. અશોક ચૌધરી | ૨૦ |
| ૭. | ભક્ત કવિહૃદયનો કલાત્મક દસ્તાવેજ : શ્રી નિત્યલાભ કૃત સ્તવનો | ડૉ. રમજાન હસણિયા | ૨૨ |
| ૮. | જૈન ધર્મના પાયાના સિદ્ધાંતોઃ સાંપ્રત સમસ્યાનો ઉકેલ | ડૉ. પુલિન વસા | ૨૬ |
| ૯. | ગુફાઓ અને મંદીરોની જૈન પરંપરાઃ એક વિસ્તૃત વિશ્લેષણ | ડૉ. રેણુકા પોરવાલ | ૨૯ |
| ૧૦. | નવલા વર્ષની પહેલી અંધારી રાત... | જ્યોતિબેન મોતા | ૩૧ |
| ૧૧. | જ્ઞાનસંવાદ - સમુદ્ઘાત | ડૉ. પાર્વતીબેન ને. ખિરાણી | ૩૪ |
| ૧૨. | શ્રી ભક્તામર સ્તોત્ર આસ્વાદ | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૩૭ |
| ૧૩. | ફરીએ તો વિસ્તરીએ - પ્રા...આ...હા...! | જેલમ હાર્દિક | ૪૦ |
| ૧૪. | સર્જન સ્વાગત | સંધ્યા શાહ | ૪૨ |
| ૧૫. | અતીતની બારીએથી....... પર્યુષણ વ્યાખ્યાનમાળા | બકુલ ગાંધી | ૪૩ |
| ૧૬. | સાધો : મનકા માન ત્યાગો | આચાર્યશ્રી વિજયશીલચંદ્રસુરિશ્વરજી | ૪૪ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી)
: માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
વિક્રમ સંવત ૨૦૭૭ • વીર સંવત ૨૫૪૭ • ભાદરવા સુદ-૧૦

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## વિષમ કાળની ઉપલબ્ધિઓને ગાંઠે બાંધીને રાખો

**મ**નુષ્યનો સ્વભાવ વિસ્મરણનો છે. ગત સમયને તે વીસરી જઈ આગળ જવામાં એટલો ઉતાવળો બનતો હોય છે કે ઘણીવાર તે સાથે લાવવાની વસ્તુ પણ પાછળ મૂકીને ચાલે છે. ભવિષ્યની ક્ષિતિજ પર ઠેરવાયેલી આંખ તેને દોડાવે છે. તેને હાંસિલ કરી લેવું છે, એક, પોતાની જીત, પોતાનું સામ્રાજ્ય અને બીજું સૌથી આગળ હોવાનું ગૌરવ. આ લોભનો કોઈ અંત નથી. સિકંદર હોય કે લોધી, આ રાજાઓના ઈતિહાસ આપણને ખબર જ છે. માર્ચ ૧૭, ૨૦૨૦થી જે અવસ્થામાં આપણે હતા અને પછી ધીરે ધીરે જેમ જેમ એક પછી એક બંધનો ખુલતા ગયા, તેમ તેમ જોયું કે મનુષ્ય જેવો હતો તેવો જ ફરી પાછો દોડવા માંડ્યો છે. ભૂલી ગયો તેના બંધનો, એ સન્નાટો અને જે આટલા દિવસોમાં નહોતું કપાયું તે અંતર સરભર કરી લેવાની હાયવોય લાગી ગયો.

> **આ અંકના સૌજન્યદાતા**
>
> **શ્રીમતી રીટાબેન ઉમંગભાઈ શાહ**
>
> **શૈલી, અપૂર્વ અને ઝૂબિન**

દરેક દિવસ, પ્રસંગ આપણામાં કંઈક ઉમેરો કરે કે આપણામાંથી કંઈક બાદ કરે તેને સમજવું આવશ્યક. સંયોજન - કોમ્બીનેશ, પરમ્યુંટેશન આવશ્યક. એમ થતું જ રહેવું જોઈએ, સ્થિરતા તો બંધિયાર જળ જેવી નુકશાનકારક. પણ દોડ એવી પણ ન હોવી જોઈએ કે સમુદ્રમાં જે અનુભવો લીધા તેને બાજુએ મૂકીને પાછા રન-વે પર દોડી પડીએ. આપણા એ હિલ્લોળાને સાવ ભૂલી જઈએ. માનવજાતને સ્મૃતિ-વિસ્મૃતિનું વરદાન મળ્યું છે. વિસ્મૃતિ એક અર્થમાં વરદાનરૂપ પણ છે. પણ જે મર્યાદિત વસ્તુમાં જીવ્યા, જે માનવતા શીખ્યા, જેટલા કાગળોને બચાવ્યા, જે પર્યાવરણના સાથી બન્યા, જે થોડોસમય ઘરના કામોમાં સહકાર દર્શાવ્યો, જે સંપ દર્શાવ્યો, એ બધું કઈ રીતે ભૂલી શકાય! સગવડોના અતિરેક વગર પણ જીવી શકાય છે, એકાંતમાં રહી શકાય છે, શ્રધ્ધાના આધારે હોસ્પિટલમાં કોઈ કુટુંબીજન વગર

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭, એસ. વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોનઃ ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯૩
• શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઈન્ડિયા FSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

એકલા લડીને ઘરે પાછા ફર્યા બાદ સમજાય છે કે બધી જ સંપત્તિ હોવા છતાં ઓક્સિજન ન મળે અને લાચાર બની જઈ જે જેવું છે તે તેવું સ્વીકારી, એમાં સમાયોજિત થવું પડે.

માણસ સાથેના બધા સંબંધો માત્ર સ્વાર્થના નથી હોતા, નિરંજન ભગતને સાથે લઈને જીવવામાં કેવી પ્રસન્નતા છે,

**લાવો તમારો હાથ, મેળવીએ**
**(કહું છું હાથ લંબાવી) !**
**કહો શું મેળવી લેવું હશે મારે ? તમારા હાથમાં તો કેટલુંયે -**
**ધન હશે, સત્તા હશે, કીર્તિ હશે-**
**શું શું નથી હોતું તમારા હાથમાં ? મારે કશાનું કામ ના,**
**અરે, એના વડે આવો, પરસ્પરના હૃદયનો ભાવ ભેળવીએ,**
**અને બિનઆવડત સારું-નઠારું કેટલુંયે કામ કરતા**
**આપણા આ હાથ કેળવીએ ! અજાણ્યા છો ? ભલે !**
**તોયે જુઓ, આ હાથ લંબાવી કહું -**
**લાવો, તમારો હાથ, મેળવીએ !**

**-નિરંજન ભગત**

હવે આ સમય હાથ લંબાવીને ચાલીએ, કોઈના સાથી, કોઈના અવાજનો હોકાર, કોઈના હૃદયની વાત બનીએ.

મુંબઈને સમુદ્ર કિનારો વરદાનરૂપે મળ્યો છે. નરીમન પોઈન્ટની પાળ પરથી એક તરફ દરિયો અને બીજી તરફ ડામરનો રસ્તો! આ બન્ને સતત માણસને જાગતા રાખે, દિવસ દરમ્યાન ઉંચી ઈમારતોનો ખખડાટ અને રાત્રે મોજાનો નાદ. આ શહેર તમને કાલની ચિંતામાં સુવા ન દે! મરણપથારી પૂર્વેની ગાઢ નિંદ્રા કેવી રીતે મળે? કારણ રોજેરોજ ડાયરીના પાનાં પર કોઈક તો બાકી રહેલા કામનું નામ હોય જ. 'સંપન્ન' એવો શબ્દ લખીને સુવાનું ન બને, ત્યારે મને સમજાય છે કે કે આ જીવવાની ધધખ નથી, આ તો માનુષી ધધખ. જેનો કારક પણ હું જ અને કારણ પણ હું જ. અસ્તિત્વના વિકાસને બદલે વસ્તુના વિકાસને પ્રાધાન્ય આપ્યું. વૃત્તિનો વિકાસ કર્યો. આ વૃત્તિથી મુક્ત થવાનું છે. **જિદ્દ એ તમારા અસ્તિત્વ અને બીજાને બન્નેને ખલાસ કરે છે. વાણીમાં મીઠાશ નહીં હોય તો ચાલે પણ વર્તનમાં નમણાશ હોવી જોઈએ.**

એમ.જી. રોડ અને એસ.વી. રોડ પરની દોડાદોડ ચાલુ થઈ ગઈ છે, ફરી પાછા માણસોના ધડ રસ્તા પર ઉતરી આવ્યા છે, પોતપોતાના સ્વપ્નોના ભાર અને મહત્વકાંક્ષા સાથે. સન્નાટાને મનુષ્યે ભગાડી દીધો છે, કોઈ પણ પરિસ્થિતિ ક્યા સદા જેમની તેમ રહેતી હોય છે! મૃત્યુનો ડર પણ ઓછો થતો ચાલ્યો છે. ગયાવર્ષ અને રહેલાવર્ષોનો હિસાબ માંડવાનો સમય નથી. હા, નિરાંતે બેઠેલા મનમાં ક્યારેક યાદોના થોર ઉગે છે અને પોતે વાવેલી સિદ્ધિ પણ ક્યારેક ક્યારેક ફૂલ બનીને ઉગી આવે ત્યારે તરંગો ઉંચાઈએ ચડે. **આ બધાની વચ્ચે મહત્વ તો મનુષ્ય હોવાનું જ. મનુષ્ય હોવું, બની રહેવું અને ટકી રહેવું, જે માત્ર ને માત્ર પોતાના આત્મ-પ્રકાશથી જ શક્ય બનતું હોય છે.** આત્મ-પ્રકાશ એટલે માત્ર ફિલસુફી નહી પણ જે અંદરનું 'સત' છે, જે સમજાયું છે, જેની વાત ગાંધીજી, રવીન્દ્રનાથ, કબીર અને શ્રીમદ બધાએ કરી છે. એ કોઈ એક સંપ્રદાય કે પંથની વાત નથી, એ મનુષ્યની વાત છે. મનુષ્ય બની રહેવાની વાત છે. છેલ્લા આટલા સમય પછી ફરી પાછા આપણે એવા ને એવા કેવી રીતે હોઈ શકીએ? જો હજી પેલો 'હું' આમનામ હોય તો આશ્ચર્ય થાય. શબ્દોની સંવેદના તો સાવ નકામી જો એ વર્તનમાં ન આવે. આપણે ભલે જીવનને રંગમંચ માનીએ પણ વર્તન અને શબ્દભેદને કઈ રીતે પ્રોત્સાહિત કરી શકાય! મનુષ્યનું હોવું, થવું એટલે જ્યારે જે બોલીએ ત્યારે તેનું મૂલ્ય કરીએ. ક્યારેક એવા લોકો મળે છે જે 'મિચ્છામિ દુકડમ' સંદેશ પછી પણ એટલા ઈર્ષા અને વેરથી સભર હોય છે, ત્યારે વેદના એ થાય છે કે આવા વ્યક્તિત્વને કારણે શબ્દ અને પર્વનું મહત્વ ઘટી જાય છે.

કાળની થપાટ જે લાગી છે, સમયના પ્રવાહ પર જે પગલા અંકિત થયા છે, તેના દર્દને ભલે વિસરીને આગળ જઈએ, પણ તેમાંથી ધડો લઈને આગળ ચાલવાનું છે. તેને પોતાની પીઠ પર લાદીને નહીં પણ તેને જે શીખવ્યું તેને ભૂલ્યા વગર આગળ જવાનું છે.

ફિલસૂફ કાંતની એક વાત છે, અહી બહુ વિસ્તારથી ચર્ચા કરવાનો ઉપક્રમ નથી પરંતુ એક આધાર તરીકે એ વાતને લઈએ તો, 'જે વસ્તુ જેવી છે તેને તેવી જ જુઓ. આપણા પૂર્વગ્રહો, માન્યતા ઉમેરીને આપણે વસ્તુને મલિન કરી દેતા હોઈએ છીએ, તેને કારણે આપણે વસ્તુને જેવી છે, તેવી પામી શકતા નથી.' આમ પણ એક તરફ આપણી મર્યાદિત ક્ષમતા અને તેને કારણે વસ્તુને પામવાનો મર્યાદિત દૃષ્ટિકોણ અને તેમાં પાછુ આપણું ઉમેરણ. વસંત હોય કે પાનખર, એને જેમ છે તેમ જુઓ, તો પુરેપુરી પામી શકશો. આપણું સંવેદનનું વિશ્વ બહુ મર્યાદિત છે, તેમાં આપણી પોતાની શક્તિઓની પણ ઓછપ છે. આપણે હજી ઘણું ઘણું કરવાનું બાકી છે ત્યારે જાતને આવા સંકુચિત વિચારોના શરણે લઇ જઈ, જાતને ક્યા છીછરી બનાવવી!

જેમ છે તેમ ચાલીએ, ચાલતાં રહીએ, વિશ્વને પોતાના બન્ને બાહુ ખોલીને આવકારીએ. ગ્રંથિની ગાંઠ છોડીએ, 'હું' હોવાનું અભિમાન છોડીએ, પોતાના સ્વાર્થ સિવાયના વિશાળ પ્રદેશને પામીએ, સમાજ તમારા શબ્દો અને વચનો નથી માંગતું, તમારા વર્તનને માંગે છે.

ચાલો, હવે જાતને, કાળને છેતરવાનું છોડી દઈએ.

આપણે, આપણાને આયનામાં મળીએ.


**ડૉ. સેજલ શાહ**

સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨

sejalshah702@gmail.com

સંપર્ક સમય : સાંજે ૪ થી ૭


વહેલી સવારના પાંચ વાગે ફરી દુધવાળાએ બેલ મારી.
'આજ પાસૂન મી દૂધ દેણાર આહે, તુમ્હી ઘેણાર કા?'
'નાહી, આતા આમ્હી દૂધ નહીં, માત્ર કાઢા ચ પીત આહે.'
'બર બર!
મી તે પણ દેત આહે,
માઝે પન્નાસ પૈકી સદ્‌તીસ લોક કાઢા જ ઘેતાત,
કોણતા ઘેણાર?
ગાવઠી, પિત્ત ન કણનારા કીવાં બાબા સમાદેવ ચા.'
'અરે, એક ચ કાઢા અસતો.'
તે હસ્યો
મારા અજ્ઞાન પર.
કાઢાની વિવિધતા અંગેનું મારું મર્યાદિત જ્ઞાન.
અને તે સિકંદર.
મારા ઘરના ઉંબરા બહાર ઉભો રહીને.
મારી ભીંતના પોપડા
ખેરવી રહ્યો હતો.
મારે ચુપ રહેવાનું છે, જ્યાં સુધી
બહાર તરફની ભીંત અકબંધ છે.

\- અનામી


પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરોઃ
(૧) sejalshah702@gmail.com
(૨) પ્રવીણભાઈ દરજીઃ ૯૮૬૯૫૦૩૦૭૨
મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો.
પ્રબુદ્ધ જીવન સામાયિકનું કાર્ય તંત્રીના નિવાસસ્થાનેથી થતું હોવાને કારણે પત્રવ્યવહાર, લેખ નીચેના સરનામે જ મોકલવું.
સરનામુંઃ ૧૦/બી, ૭૦૨, અલીકા નગર, લોખંડવાલા કોમ્પલેક્સ, આકુર્લી રોડ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧

खामेमि सव्वे जीवे,
सव्वे जीवा खमंतु मे
मित्ती मे सव्वे भूएसु,
वेरं मज्झं न केणई।।

## મારો અસબાબ-૫

# ઉકાળો અને ત્રણ ખાખરા

### પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

ધીમા દબાતા પગલે એ રૂમમાં હું પ્રવેશ્યો. ભાવનગરના એ પરિચિત સ્વજનના ઘેર ભારત વાણિજ્ય અને ઉદ્યોગમંત્રીનો ઉતારો હતો. ઘણા લાંબા સમયથી એ ખંડમાં મંત્રીશ્રી એકલા બેસીને સરકારી ફાઈલોનો અભ્યાસ કરતા અને એના પર પોતાની નોંધ કરે જતા હતા. ઘણો સમય વીતી ગયો હોવાથી મને એમ થયું કે, 'લાવો, એમને કંઈ નાસ્તાની જરૂર હોય તો પૂછી આવું.'

એમણે પ્રશ્નની સામે વળતો પ્રશ્ન કર્યો. 'કોઈ મીઠાઈ કે ફરસાણ નહીં, કિંતુ સાવ સાદો હોય તે નાસ્તો આપો.'

'એ તો ઉકાળો અને ખાખરા હોઈ શકે.'

એમણે કહ્યું કે, 'બસ, તો ઉકાળો અને ત્રણેક ખાખરા આપશો, તો આનંદ થશે.' વળી પાછા એ મંત્રીશ્રી ફાઈલોના ઢગલા વચ્ચે ગૂંથાઈ ગયા.

૧૯૬૧ની બીજીથી છઠ્ઠી જાન્યુઆરી સુધી ભાવનગરમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનું છાસઠમું અધિવેશન યોજાયું હતું. ગુજરાતમાં યોજાયેલા આ પાંચમા ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રસના અધિવેશનમાં પ્રમુખ તરીકે શ્રી નિલમ સંજીવ રેડ્ડી હતા અને વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સાથે દેશના ઘણા અગ્રણી નેતાઓ આમાં ઉપસ્થિત રહ્યા હતાં. ભાવનગરના કૃષ્ણનગરની સામે આવેલા એકસો એકરના ખુલ્લા મેદાનમાં આ વિશાળ અધિવેશન યોજાયું હતું. આ અધિવેશનમાં દેશના નેતાઓને નીરખવા અને સાંભળવા ભાવનગરના 'જયભિખ્ખુ'ના કુટુંબીજનો અને સ્નેહીજનોને ખાસ નિમંત્રણ આપ્યું હતું, તેથી હું પણ પિતા 'જયભિખ્ખુ'ની સાથે રાષ્ટ્રનેતાઓને નિહાળવા ઉમંગભેર ભાવનગર ગયો હતો અને એમાં જે સ્વજનને ત્યાં ભારતના વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રીનો ઉતારો હતો, ત્યાં જ હું ઊતર્યો હતો અને તેથી એ મંત્રીશ્રીને નાસ્તા-પાણીનું પુછવાની આવી ગુસ્તાખી કરી હતી. એમણે ઉકાળા અને ત્રણ ખાખરાને ન્યાય આપ્યો અને પાછા હસતા મુખે અમને ખંડમાંથી વિદાય આપીને પોતાના કામમાં ડૂબી ગયા.

લાલબહાદુર શાસ્ત્રીની સાદાઈ, નમ્રતા અને સહજતા સ્પર્શી ગયાં અને ભીતરમાં એક એવી અનુભૂતિ થઈ કે આ કોઈ દેશની સરકારમાં ઉચ્ચસ્થાને બિરાજેલા મંત્રીશ્રી નથી, પરંતુ આપણા સહુની વચ્ચે હરતાં-ફરતા અને હસતા એક આમઆદમી છે. કેટલાક સમર્થ નેતાઓમાં આમઆદમી હોવાની અનુભૂતિ થતી હોય છે. એ મહાત્મા ગાંધીજી અને અબ્રાહમ લિંકનમાં હતી. નેલ્સન મંડેલા કે લાલબહાદુર શાસ્ત્રીમાં એ પ્રત્યક્ષ જોવા મળે.

બસ, પછી તો આ ઉકાળા અને ત્રણ ખાખરાની ઘટનાએ મન પર એવું કામણ કહો તો કામણ અને પ્રભુત્વ માનો તો પ્રભુત્વ જમાવ્યું કે એ આ લોકનેતા વિશે વિચારવા લાગ્યું. એમ થયું કે જાણે ગાંધીજીની સાદાઈ, સચ્ચાઈ, પુરુષાર્થ અને પ્રજાપ્રેમની નાની આવૃત્તિ ન હોય! અને એ દિવસથી લાલબહાદુર શાસ્ત્રીની પ્રતિભાએ જાણે ચિત્ત પર એવું કામણ કર્યું કે એમના પૂર્વજીવનની અને એમના વર્તમાન જીવનની નાનામાં નાની વિગતો એકત્રિત કરવાના મહાપુરુષાર્થનો પ્રારંભ કર્યો.

એ સમયે 'નવચેતન'ના ભેખધારી તંત્રી અને મારા મુરબ્બી ચાંપશીભાઈ ઉદેશીને મારા મન પર છવાઈ ગયેલી લાલબહાદુરની છબીની વાત કરી તો એમણે કહ્યું કે જો આટલો બધો રસ છે, તો એક સરસ લેખ લખી આપો અને લાલબહાદુર શાસ્ત્રી વિશેનો એક વિસ્તૃત લેખ એમણે પ્રગટ કર્યો અને એથીયે વિશેષ તો 'નવચેતન' સામાયિકના મુખપૃષ્ઠ પર લાલબહાદુર શાસ્ત્રીની તસવીર પણ પ્રગટ કરી. જેમ જેમ લાબહાદુર શાસ્ત્રીના પૂર્વ-જીવનની માહિતી એકત્ર કરતો ગયો, તેમ તેમ સતત એક પછી એક આશ્ચર્ય પ્રગટતાં રહ્યાં. બસ, મનમાં એક જ ભાવ જાગે કે જે દેશને મહાત્મા ગાંધીજીએ આઝાદી અપાવી, એ દેશની વિશાળ જનતાને આવો જ નેતા જોઈએ અને પછી તો જેમ જેમ બધા સ્તોત્રમાંથી એમની ચરિત્રવિષયક સામગ્રી એકત્ર કરતો ગયો, તેમ તેમ એમના પ્રત્યેની આદરભાવનામાં સતત વૃદ્ધિ થતી રહી.

લાલબહાદુર શાસ્ત્રીમાં કોઈ આડંબર નહીં, કોઈ છટા નહીં, કૃત્રિમ રીતે ભપકો ખડો કરવાની કોઈ ચાહના નહીં, જેવો છું તે આ છું. જે છે તે આ છે. લાલબહાદુર શાસ્ત્રી એમની ગાંધી ટોપી સાથે પાંચ ફૂટથી સહેજ જ ઊંચા લાગતા અને બાળપણના એમના સહાધ્યાયી મિત્ર આનંદીલાલ અગ્રવાલે તો કહ્યું કે અમે એમને એમની ગેરહાજરીમાં 'ગટ્ટી' કહેતા હતા. જેમ એમનું કદ ટૂંકું, એમ એમની વાત

પણ મુદ્દાસરની. જે કંઈ બોલતા તે પૂરેપૂરું વિચારીને બોલે. મિત્રો પાસેથી માહિતી મળતી હોય કે વિરોધીઓ વિરોધ કરતા હોય, તે સહુને બરાબર સાંભળીને સચોટ અને તર્કયુક્ત જવાબ આપે. આ નાના કદ અને નમ્રતાની પાછળ એક વજ્ર સમી દૃઢતા અનુભવાતી હતી.

૧૯૫૬માં અરિયાલુરમાં થયેલા અકસ્માતની ચર્ચા વખતે એમણે કહ્યું હતું, 'મારા નાના કદને લીધે અને મારી નમ્રતાને લીધે કેટલાક એમ માની બેસશે કે હું મક્કમ નથી. ભલે શરીરથી બળવાન ન હોઉં, પણ આત્માથી બળવાન છું જ.' અને પછી લાલબહાદુર શાસ્ત્રીને મળનારા દેશ કે વિદેશના પત્રકારો એમને વિશે એક જ વાત કરતા કે આ ચાલીસ કરોડ પ્રજાનો પ્રતિનિધિ એ ખુરશીમાં પણ ન દેખાય તેવો છે, પણ એમના નાના કદની પાછળ એક પ્રભાવક વ્યક્તિત્વ છુપાયેલું છે. હું પણ જેમ જેમ એમને વિશેની વિગતો મેળવતો ગયો, તેમ તેમ એ કથનની સચ્ચાઈ અનુભવતો રહ્યો.

આજે તો કલ્પના પણ ન થાય કે કોઈ રાજ્યના ગૃહપ્રધાનને અખબારમાં એવું વિજ્ઞાપન આપવું પડે કે 'મારે ભાડે મકાન જોઈએ છીએ.' જ્યારે રાજ્યના ગૃહપ્રધાન બનીને લાલબહાદુર શાસ્ત્રીને લખનૌ છોડીને અલ્હાબાદ આવવાનું થયું, ત્યારે એમણે લખનૌનું ભાડાનું ઘર ખાલી કરવું પડ્યું. અલ્હાબાદમાં ઉત્તરપ્રદેશના ગૃહપ્રધાન તરીકે આવ્યા હોવાથી સામાન્ય રીતે સહુ કોઈ એમને મકાન આપવા આતુર હોય. એમની સાથે સંબંધ હોય, તો ઘણો લાભ મળે. પરમિટ કે લાઈસન્સ મળે અને એમની લાગવગથી ઘણાં અંગત લાભદાયી કામ થઈ જાય. પણ લાલબહાદુર શાસ્ત્રી જુદી માટીના માનવી હતા. એ કોઈની શેહમાં તણાય નહીં, કોઈને માટે કશી લાગવગ વાપરે નહીં અને એમની સાથે લાંચ-રુશવત લેવાની વાત કરવાનો ભાગ્યે જ કોઈ વિચાર કરી શકે. હિંમત કરવાની વાત તો દૂર રહી. તેઓ અલ્હાબાદમાં ઓછી કિંમતે ઘર ભાડે રાખવા ચાહતા હતા. સુવિધાવાળા વિસ્તારમાં રહેવા માટે ઘણું ભાડું આપવું પડે અને તે આ પ્રધાનને પોસાય તેમ નહોતું! વળી જેમ લાલબહાદુર કોઈને અંગત લાભ ન કરાવે, એ રીતે કોઈની સામે વેરવૃત્તિ પણ ન રાખે. અલ્હાબાદના મુંઠીગંજના મૂજર વિસ્તારમાં ભાડાના નાના મકાનમાં એ રહેવા લાગ્યા. બહાર પાંચ-સાત મુલાકાતી માંડ બેસી શકે એટલું ઘર. એટલે બનતું એવું કે એમનું ઘર તો મુલાકાતીઓથી ભરાઈ જતું, પરંતુ બહાર સડક પર પર બેસીને લોકો એમની રાહ જોતા. અહીં લાઈટ કે ટેલિફોનની વ્યવસ્થા નહોતી તેથી કામચલાઉ વ્યવસ્થા ઉભી કરવામાં આવી, પણ લાઇટની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી લાલબહાદુર ક્યારેક ફાનસથી કામ ચલાવતા હતા.

લાલબહાદુરમાં ગરીબીનું ગૌરવ હતું, આક્રંદ નહીં. ઘણી ચીજો વિના ચલાવવું પડે છે એનું એમણે કદી દુઃખ અનુભવ્યું નહોતું, બલ્કે ગરીબીમાં-ફાકામસ્તીમાં મોજ માણનારા અમીરો-ગરીબ આદમી હતા. ગરીબીની લાચારી નહીં, પણ કરકસરની ખુમારી હતી. બાળપણમાં એક સમય એવો પણ હતો કે જ્યારે બે વર્ષ સુધી એમણે બૂટ-ચંપલ વગર ચલાવ્યું હતું. આ જોઈને મોટા ભાઈને દેવ સમાન માનતાં એમનાં બહેન સુંદરીદેવીનું કાળજું કપાઈ જતું. એમણે કહ્યું કે પગે કેવા ફોલ્લા પડ્યા છે. વળી બહારના લોકો આપણને ગરીબ ધારે છે, ત્યારે લાબહાદુરે કહ્યું, 'અરે! એમાં શું? ગરીબી એ કોઈ શરમ નથી. આ ગરીબીમાં પણ મસ્તી, મોજ અને અમીરી છે.'

બાળપણમાં લાલબહાદુરે પોતાને માટે બેથી વધુ શર્ટ સિવડાવ્યાં નહોતાં. ઉત્તરપ્રદેશના ગૃહપ્રધાન હતા, ત્યારે એકવાર એમના મિત્ર અને એ પછી એમને વિશે 'वह नन्हा-सा आदमी' (ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન) પુસ્તકના લેખક સુમંગલ પ્રકાશને લાલબહાદુરે સાંજે જમવા આવવાનું કહ્યું. લાલબહાદુરનાં પત્ની લલિતાદેવી બહારગામ ગયાં હતાં, ત્યારે એક છોકરો આવીને એમને માટે રસોઈ બનાવતો હતો. લાલબહાદુર શાસ્ત્રી અને સુમંગલ પ્રકાશ ભોજન માટે બેઠા. પરોઠા અને રસાદાર બટાટાનું શાક હતું, પણ જમતાંજમતાં શાક ખૂટી ગયું, ત્યારે શાસ્ત્રીજીએ પેલા છોકરાને પૂછ્યું, 'ભાઈ! બીજું શાક છે કે?' છોકરાએ ગભરાટ સાથે કહ્યું, 'ના જી! હતું એટલું પીરસી દીધું છે.' અને શાસ્ત્રીજી શાક વિના બે-ત્રણ પરોઠા ખાઈ ગયા. સુમંગલ પ્રકાશ તો આ જોઈને સ્તબ્ધ થઈ ગયા.

લાલા લજપતરાય અને રાજર્ષિ પુરુષોત્તમદાસ ટંડન જેવા સમર્થ દેશભક્તો પછી લાલબહાદુર શાસ્ત્રી 'ભારત સેવક સંઘ' (સર્વન્ટ્સ ઑવ ઈન્ડિયા સોસાયટી)ના પ્રમુખ બન્યા હતા. આ ભારત સેવક સંઘમાં જોડાઈને ૨૨ વર્ષની વયે લાલબહાદુરે ધગશભેર દેશસેવાનાં કાર્યોનો પ્રારંભ કર્યો હતો. એક વર્ષ સુધી મુઝફ્ફરપુરાબાદના દૂરના વિસ્તારોમાં કામ કર્યું. ગીચ રસ્તાઓ પરથી ગંદકી સાફ કરી એ લોકોનાં ઘરો સ્વચ્છ કર્યાં. રખડતાં નિરક્ષર બાળકોને શાળાએ મોકલ્યાં. આ જોઈને લાલા લજપતરાયે આ યુવાનને

બીજે જ વર્ષે ભારત સેવક સંઘનું આજીવન સભ્યપદ આપ્યું હતું. આ સંસ્થાનું સભ્યપદ ધરાવનારે એક જ કામ કરવાનું અને તે દેશસેવાનું અને એક જ ચિંતા કરવાની અને તે દેશોદ્ધારની. આમાં યુવકોને તાલીમ આપવામાં આવતી. એનું સભ્યપદ મેળવવું અત્યંત કપરું હતું અને પછી એના આજીવન સભ્યપદ પર રહેવું એ લોઢાના ચણા ચાવવા જેવું કપરું કામ હતું. આનું આજીવન સભ્યપદ ધરાવનારને સામાન્ય માનવીની પેઠે સાદાઈથી જીવવાનું. કોઈ સારા પગારની નોકરી કરી શકાય નહીં, શરૂઆતમાં આજીવિકા માટે સાઠ રૂા. મળે અને પછી એકસો રૂા. મળે. દેશમાં જુદાંજુદાં રચનાત્મક કામો કરવાં અને એનો આજીવન સભ્ય દસ વર્ષ સુધી ધારાસભામાં જઈ શકે નહીં.

વિચિત્ર ઘટના એ બની કે જ્યારે લાલબહાદુરે એમની માતા રામદુલારી દેવીને કહ્યું કે મને આનું આજીવન સભ્યપદ મળ્યું છે, ત્યારે એમની માતાને થયું કે વાહ, હવે તો દીકરો ઘણા રૂપિયા કમાશે, મોટા ઘરમાં રહેશે અને દુઃખના દિવસો પૂરા થશે, પણ માતાએ જ્યારે એના નિયમો જાણ્યા, ત્યારે એમને એ વાત વજ્રપાત જેવી વસમી લાગી. પણ યુવાન લાલબહાદુર સામે દેશની આમજનતાનું દુઃખ તરવરતું હતું, ત્યાં વળી પોતાના દુઃખને શું રડવું ?

આથી લાલબહાદુરને જે કંઈ આવક થતી, તેમાંથી ભારત સેવક સંઘને રકમ આપવાની રહે અને બીજું વિશાળ કુટુંબની જવાબદારી નિભાવવાની રહે, પરંતુ એમનો સિદ્ધાંત હતો કે કોઈની પાસે ધનની લાલસા ન રાખવી. જેટલી આવક હોય એટલામાં કરકસરથી પૂરું કરવું અને એમનાં સંતાનોને એ હંમેશાં કહેતા કે, 'પૈસાની કદી લાલસા રાખવી નહીં. નીતિમાન અને કર્મશીલ બનવું.'

એકવાર લાબબહાદુરના મિત્ર હેમવતી નંદને કહ્યું, 'તમે આખો દિવસ કામ કરો છો સવારે ચા પીને ઘરેથી નીકળી જાઓ છો અને પછી સાંજે ઘરે પાછા ફરો છો. કોઈક જ દિવસ બપોરનું ભોજન લો છો, ત્યારે બપોરે ચાને બદલે સંતરાનો રસ લેતા હો તો.' ત્યારે લાલબહાદુરે હસતાં હસતાં કહ્યું, 'જનાબ, મને આનંદ છે કે તમે એમ માનો છો કે સંતરાનો રસ પીવાની મારી હેસિયત છે.' આમ કહીને એમણે એ વાત ઉડાડી દીધી!

૧૯૬૧ના વર્ષ બાદ ૧૯૬૨ની ચૂંટણીમાં કૉંગ્રેસ પક્ષના ત્રણ વરિષ્ઠોમાં એક લાલબહાદુર હતા. સવારથી સાંજ સુધી એ ચૂંટણીનાં આયોજનોમાં વ્યસ્ત રહેતા. આથી એક વાર એમના મિત્ર પ્યારેલાલ શ્રીવાસ્તવ મોડી રાત્રે એમને મળવા આવ્યા. લાલબહાદુર સૂવાની તૈયારી કરતા હતા. પ્યારેલાલે જોયું કે એક ખાટલા પર ચાદર પાથરી હતી એ માથા નીચે એક ઓશીકું મૂક્યું હતું. એ સમયે અત્યંત પ્રભાવશાળી કૉંગ્રેસ પક્ષના અગ્રણી અને ૧૯૬૧ના એપ્રિલમાં પં. ગોવિંદ વલ્લભ પંતના અવસાન પછી ભારતના ગૃહપ્રધાન તરીકે કાર્યરત એવા લાલબહાદુરની આવી સાદગી જોઈને પ્યારેલાલ આશ્ચર્યચકિત બની ગયા. દિલ્હીમાં ક્યારેક એવું પણ બનતું કે તેઓ મોડી રાત્રે ઘેર પાછા આવે, ત્યારે બાળકોને ખાટલામાં સૂતેલાં જુએ એટલે શાંતિથી જમીન પર ચાદર બિછાવીને એ એક કામળી ઓઢીને આખી રાત વિતાવે!

અરે! લાબહાદુર શાસ્ત્રી વડાપ્રધાન હતા, ત્યારે પણ કાથીના ખાટલા પર સૂતા હતા. મોડી રાત્રે જ્યારે પાછા આવે, ત્યારે એમનાં પત્ની લલિતાદેવી અને બહેન સુંદરીદેવી જમવાનું યાદ કરાવે, તો ખાટલા પર બેસીને થોડું જમી લે. ખાટલો એ જ ડાઈનિંગ ટેબલ અને એ જ સૂવાનો પલંગ.

બધે જ ઘર ભાડે રાખીને રહેતા લાલબહાદુર શાસ્ત્રીને ઘણી વાર લલિતાદેવી હસતાંહસતાં કહેતાં, 'શાસ્ત્રીજી, અમને ઝાડની નીચે જ રહેઠાણ કરાવશો.' કદાચ લલિતાદેવીએ હસતાંહસતાં કહેલા આ શબ્દો એક અર્થમાં સાચા પુરવાર થયા, કારણ કે લાલબહાદુર શાસ્ત્રીનું અકાળે અવસાન થતાં ભારતના આ અપાર ચાહના પ્રાપ્ત કરનાર વડાપ્રધાન પોતાની પાછળ પોતાના દેશની ધરતી પર પોતાનું કહી શકાય એવું એક નાનું શું ઘર પણ છોડી ગયા નહીં અને આ ધરતી પર એમની માલિકીની એક તસુ જમીન પણ નહોતી.

લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય કૉંગ્રેસના અધિવેશનમાં ભાગ લેવાનું ભાગ્યે જ ચૂકતા હતા, પણ એમની સાદાઈ એવી કે પોતાના આવાસની આજુબાજુ પોલીસ-વ્યવસ્થા રાખે નહીં. દરવાજા પર પહેરેગીર પણ ન જોઈએ, વળી સ્વયંસેવકો પાસે મુદ્દલ કામ કરાવે નહીં. એમની પાસે સામાન્ય માણસ પણ આવકાર પામતો. લાલબહાદુર સહુની વાત નિરાંતે સાંભળતા.

મારી સાથે પણ કેટલી બધી નમ્રતાથી વાત કરી! ઉકાળો અને ત્રણ ખાખરા આપવા માટે આભાર માન્યો. એ ૧૯૬૧ના જાન્યુઆરી મહિનામાં આ દેશનેતા વિશે જાણવાની એવી ધૂન લાગી કે એમના સ્વજનો, મિત્રો, રાજકીય અગ્રણીઓ અને પરિચિતો પાસેથી એમની સતત માહિતી મેળવતો રહ્યો અને જેમ જેમ માહિતી મેળવતો ગયો, તેમ મનમાં થયું કે આ ઉકાળા અને ત્રણ ખાખરાએ ભારે કરી. મારા ઉલ્લસિત મનની અપાર જિજ્ઞાસા હવે મને જંપીને બેસવા નહીં દે!

***

સંપર્કઃ ૯૮૨૪૦૧૯૯૨૫

# અધ્યાત્મ સાધકની લાયકાતો

ડૉ. નરેશ વેદ

જેમને વેદાન્તનું અધ્યયન કરવું હોય, તેમ જ આત્માની ઓળખ કરવી હોય એવા અધ્યાત્મ સાધક પાસે કોઈ ખાસ લાયકાતની આવશ્યકતા ખરી? તો એ પ્રશ્નનો ઉત્તર આપતાં ઋષિઓએ કહ્યું હતું કે એ માટે એવા સાધકે ચાર લાયકાતો કેળવવી પડે. એ ચાર લાયકાતોના સમૂહને એમણે 'સાધન ચતુષ્ટ્ય' કહીને ઓળખાવ્યું છે. એ ચાર લાયકાતો એટલે - વિવેક, વૈરાગ્ય, ષડ્સંપત્તિ અને મુમુક્ષુતા. બ્રહ્મજિજ્ઞાસાના અધિકાર માટે કે મોક્ષમાર્ગી જ્ઞાનસાધનામાં આગળ વધવા માટે વિચારકોએ આ ચાર સાધનો કહ્યાં છે. આ લાયકાત હોય તો જ બ્રહ્મનિષ્ઠા પ્રાપ્ત થાય. 'હું પરબ્રહ્મ છું અને બાકીનું સર્વકાંઈ પણ પરબ્રહ્મ જ છે' એવી જ્ઞાનિષ્ઠાને બ્રહ્મનિષ્ઠા કહેવાય. આ સાધન ચતુષ્ટ્ય અભાવમાં કોઈપણ ઉપાયે મોક્ષની પ્રાપ્તિ થતી નથી. તેથી જે કોઈ વ્યક્તિ આત્મસાક્ષાત્કાર કરી મોક્ષ પામવા ઈચ્છતી હોય તેમણે આ ચાર સાધનોવાળી લાયકાતથી સંપન્ન બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. મોક્ષ મેળવવા માટે આ ચાર સાધનો સિવાય બીજી કોઈ બાબત મહત્ત્વની નથી. એટલે કે મોક્ષપ્રાપ્તિ માટે જાતુ, કુળ, ગોત્ર, વર્ણ, વ્યવસાય એવી કોઈ બાબત મહત્ત્વની નથી.

કોઈ એમ વિચારે કે આ ચાર સાધનો પ્રાપ્ત કરવા ઘણાં મુશ્કેલ છે. એના કરતાં કોઈ સંત-મહાત્માના આશીર્વાદ વડે કે કોઈ જોગી-જતિ પાસે શક્તિપાત કરાવીને સહેલાઈથી જ્ઞાન અને મોક્ષ મેળવી લઈએ તો સારું. પણ એ માન્યતા બરાબર નથી. શાસ્ત્રોની તો સ્પષ્ટ વાત છે કે એવું કાંી કરવાની જરૂર નથી. એવા સંત-મહાત્મા કે જોગી-જતિ શોધવા પડે, એમને પર્સન્ન કરવા પડે અને રીઝે તો જ એ બધું શક્ય બને. માટે એ રસ્તો પણ કાંઈ સહેલો નથી. ખરી વાત એ છે કે એવા બધા પ્રયત્નો પડતાં મૂકીને સાધકે ઉપર કહી તેવી લાયકાતો પ્રાપ્ત કરી, પાત્રતા કેળવી, અને એ પામવા માટે ખરા અધિકારી બનવાનો પ્રયત્ન જ કરવો જોઈએ. આવો અધિકાર પ્રાપ્ત કરવા માટે આપણે જે ચાર સાધનોવાળી લાયકાત મેળવવી પડે તો એ ચાર સાધનો ક્યાં છે, એનું સ્વરૂપ એ સહાય કેવાં છે, હવે સમજીએ.

શાસ્ત્રોએ જે ચાર સાધનોનો નિર્દેશ કર્યો છે. એમાં પ્રથ છે નિત્ય-અનિત્ય વસ્તુનો વિવેક, બીજું છે આ લોક અને પરલોકના ભોગો પ્રતિ વૈરાગ્યભાવ, ત્રીજું છે શમ, દમ આદિ ષડ્સંપત્તિની પ્રાપ્તિ અને ચોથું સાધન છે મોક્ષ પામવાની અદમ્ય ઈચ્છા.

**(૧) વિવેકઃ**

સાધન-ચતુષ્ટ્યમાં સૌથી પહેલું સાધન છે નિત્ય-અનિત્ય વસ્તુવિવેક. નિત્ય અને અનિત્ય વસ્તુને સૂક્ષ્મ બુદ્ધિથી છૂટા પાડી, એમની વચ્ચે જે ભેદ છે તે પારખવાની શક્તિને શાસ્ત્રની ભાષામાં વિવેક કહે છે. શાશ્વત અને નશ્વર, સત્ય અને મિથ્યા વચ્ચેના ભેદને ઓળખવાની શક્તિને વિવેક કહેવાય. બુદ્ધિ તો ઓછીવધતી બધા પાસે હોય છે, પરંતુ બુદ્ધિ વડે નિર્મય કરતી વખતે તરતમનો ભેદ કરી શકે અને ઔચિત્યપૂર્ણ નિર્ણય લઈ આપે એને વિવેકબુદ્ધિ કહે છે. બુદ્ધિનું કામ આપણે જીવનમાં જે અનુભવો મેળવીએ છીએ, તેમનું વર્ગીકરણ, વિશ્લેષણ, વિચક્ષણ કરીને નિર્ણય આપવાનું છે. બુદ્ધિની આ શક્તિનો ઉપયોગ આપણે રોજબરોજ આપણાં દુન્યવી કામોમાં કરીએ છીએ, પરંતુ જ્યારે આવાં દૈનિક દુન્યવી કાર્યો વિશેના નિર્ણયોને બદલે જ્યારે આપણે આપણી આંતરિક સંરચના અથવા પ્રકૃતિના સંબંધમાં નિર્ણય લેતી વખતે સમીક્ષાત્મક (**Critical**) બુદ્ધિનો ઉપયોગ કરીએ ત્યારે તેને શાસ્ત્રની ભાષામાં 'વિવેક' કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો બુદ્ધિનો સામાન્ય રૂપે નહીં, પણ સૂક્ષ્મ અને તીક્ષ્ણ રૂપે ઉપયોગ કરીએ તો એને 'વિવેક' કહેવાય. જરા જુદા શબ્દોમાં કહીએ તો **minute and acute power of judgement** એટલે વિવેક.

આવી વિવેકબુદ્ધિ આપણામાં જાગ્રત થાય ત્યારે આપણને સમજાય છે કે કેવળ બ્રહ્મ નિત્ય અને સત્ય છે, તે સિવાયનું બધું અનિત્ય છે, માટે મિથ્યા છે. આ જાતની નિત્ય-અનિત્ય વસ્તુ વચ્ચેનો તરતમ ભેદ પારખવાની વિવેક બુદ્ધિશક્તિ

પ્રાપ્ત થયા પછી જ આપણા જીવનમાં આપણે શું ગ્રહણ કરવા જેવું છે અને શું છોડી દેવા જેવું છે તેનો નિર્ણય લઈ શકીએ છે. આવા વિવેક વડે શરીર અને સંસારની, જીવન અને જગતની અનિત્યતા જણાતાં આપણા મનમાં એમના વિશે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, માટે જ્ઞાનપ્રાપ્તિનું પહેલું સાધન વિવેક ગણાય છે.

હવે આપણે અહીં નિત્ય અને અનિત્ય કોને કહેવાય તે સમજી લઈએ. (૧) જે ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણેય કાળમાં વિદ્યમાન હોય તેને નિત્ય કહેવાય, અને જે ત્રણેય કાળમાં ન હોય તેને અનિત્ય કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ પણ કાળે જેનો અભાવ ન હોય તેને નિત્ય કહેવાય અને જેનો કોઈ પણ કાળમાં અભાવ જણાય તેને અનિત્ય કહેવાય. (૨) જે દેશ, કાળ અને વસ્તુથી અપરિચ્છિન્ન હોય તેને નિત્ય કે સત્ય કહેવાય અને જે દેશ, કાળ અને વસ્તુથી પરિચ્છિન્ન હોય તે અનિત્ય કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો જે વસ્તુ રૂપાંતરણશીલ, વિકારી અને નાશવંત છે તે અનિત્ય છે, જે વસ્તુ સ્થિર, અવિકાર અને શાશ્વત છે તે નિત્ય છે. નિત્ય-અનિત્ય વસ્તુના સંદર્ભમાં આ બે મુદ્દાઓ અગત્યના છે.

નિત્ય એટલે શું અને અનિત્ય એટલે શું એ સમજીને બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એવો જે વિચાર પૂર્વકનો તાર્કિક નિર્ણય કર્યો તેને વિવેક કહેવાય. આવી વિવેકબુદ્ધિ પ્રાપ્ત થયા બાદ આપણે નક્કી કરી શકીએ કે આપણે શું જોઈએ છે. પહેલાં પણ હતું અને જે કાયમ રહેવાવાળું છે એવું અવિનાશી બ્રહ્મ જોઈએ છે કે વિનાશી જગત જોઈએ છે? વિવેકપૂર્વક આપણે એ નક્કી કરવાનું છે કે આપણે વિનાશી દેહ છીએ એવું સમજવું છે કે અજર-અમર આત્મતત્ત્વ છીએ એવું સમજવું છે? આવા નિર્ણયો આપણે ત્યારે જ લઈ શકીએ જ્યારે આપણી પાસે વિવેક હોય. જો વિવેક ન હોય તો જીવનમાં કોનો ત્યાગ કરવો અને કોનો સ્વીકાર કરવો, શું હેય (નકામું) છે અને શું ઉપાદેય (કામનું) છે, કોને અનુસરવું અને કોની પાછળની દોટ બંધ કરવી એવા પ્રશ્નો આપણાથી નિર્ણય થઈ શકે નહીં. આવા વિવેકના અભાવમાં આપણે સતનો માર્ગ છોડીને, અસત્ અને અનિત્ય પાછળ દોટ મૂક્યા કરીએ છીએ. જો વિવેકશીલ થઈએ તો જડ અને અનિત્ય વસ્તુઓ તરફની દોટ થંભાવીને આપણે નિત્ય અને અવિનાશી એવા આત્મતત્ત્વની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ થઈ શકીએ. તેથી 'વિવેક' સાધકનો મુખ્ય આધાર છે, મુમુક્ષાનો મૂળભૂત પાયો છે અને સાધક માટે સૌથી મહત્ત્વનું સાધન છે,

અંગ્રેજીમાં કહીએ તો **Vivek means discrimination between the eternal and the ephemeral, a firm conviction of the mind that Brahman is real (unchanging) and the universe of names and forms is unread (changing)**

**(૨) વૈરાગ્યઃ**

જ્ઞાનમાર્ગના અધિકારી બનવા માટે બીજું સાધન, બીજી લાયકાત છે **इह अमूत्रफल भोग विरागः।।** જર્શન અને શ્રવણથી જાણેલા, દેહથી માંડી બ્રહ્મલોક સુધી ફેલાયેલા તમામ ભોગ્ય પદાર્થો પ્રત્યે અણગમાનો ભાવ એટલે વૈરાગ્ય. આપણે વાસનાગ્રસ્ત અને કામનાયુક્ત જીવો છીએ. આપણામાં જે જે વાસનાઓ અને કામનાઓ જાગે છે અને તેથી જે તે વ્યક્તિ કે વસ્તુ પ્રાપ્ત કરવાની આપણામાં ઈચ્છા જાગે છે, તે તે વ્યક્તિ કે વસ્તુના દર્શન કે એના વિશેના વર્ણના શ્રવણથી જાગી હોય છે. એટલે કાં તો એને જોઈને અથવા એના વિશે સાંભળીને જાગી હોય છે. જેમકે, રામને જોતાં જ શૂર્પણખાના મનમાં એમની સાથે લગ્ન કરવાની વાસના જાગી, હિમાલય કે કાશ્મીરનું આપણે ખુદ સૌંદર્યદર્શન કર્યું ન હોય, પરંતુ એમનું વર્ણન સાંભળીને ત્યાં જવાની આપણા મનમાં કામના જાગે છે. પરંતુ શાસ્ત્રો કહે છે કે આ રીતે દર્શન કે શ્રવણથી જાણવામાં આવનારી પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુ અનિત્ય અને વિનાશી છે. ઈહલોક (પૃથ્વી પર)ની વ્યક્તિ કે વસ્તુનું વિનાશીપણું તો આપણે સારી રીતે જાણીએ છીએ, પરંતુ અન્ય લોકના ભોગ પણ વિનાશી જ છે. આ પ્રમાણે વિવેકપૂર્વક વિચાર કરીને, દર્શન તેમજ શ્રવણથી જે કાંઈ જાણવામાં આવે છે તેવી બધી વસ્તુઓ, વ્યક્તિઓ કે પરિસ્થિતિઓ પ્રત્યે અણગમાનો ભાવ જાગે તેને વૈરાગ્ય કહેવાય. વૈરાગ્યવાન વ્યક્તિ એને કહેવાય જેને આંખે જે દેખાય કે કાનથી જે સંભળાય તેના વિશે રાગ, આસક્તિ કે આકર્ષણ ન થાય. આંખે દેખાતી વસ્તુ માટે જો રાગ કે આકર્ષણ ન જન્મે તો સાંભળેલી વસ્તુ માટે જો રાગ કે આકર્ષણ ન જન્મે તો સાંભળેલી

વસ્તુ માટે તો રાગ કે આકર્ષણ જન્મે જ ક્યાંથી? આવો રાગરહિત, મોહરહિત, આસક્તિરહિત વૈરાગ્યભાવ જેની પાસે હોય તે જ્ઞાનમાર્ગે પ્રયાણ કરવાનો અધિકારી છે એમ કહી શકાય.

હવે સંસ્કૃત ભાષામાં એને **इए अणूत्र फल भोग विराग**:।। શા માટે કહ્યો છે તે સમજીએ. જે કર્મફળ, શરીરના મૃત્યુ પહેલાં પૃથ્વીલોકમાં જ મળે છે તે ઈષ્ટફળ કહેવાય અને શરીરના મૃત્યુ પછી મળનારાં કર્મફળને અદષ્ટફળ કહેવાય. મૃત્યુ પછી પ્રાપ્ત થનાર લોકને સંસ્કૃત ભાષામાં અમૂત્ર કહેવાય. એટલે અહીં કહેવાનો મતલબ એ છે કે આ લોક અને પરલોકના ભોગરૂપી દૃષ્ટ કે અદૃષ્ટ કર્મફળમાં રાગરહિતપણું એટલે વૈરાગ્ય. જેણે શરીરના મ-ત્યુ પહેલાં મળનારાં દૃષ્ટ કર્મફળની ઈચ્છાનો ત્યાગ કર્યો છે, તેમ જ શરીરના મૃત્યુ પછી મળનારાં અદૃષ્ટ કર્મફળોની ઈચ્છાનો પણ ત્યાગ કર્યો છે, તે વૈરાગ્યવાન કહેવાય. જ્યારે મનમાં વિવેકજ્ઞાન જાગે છે કે બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે, ત્યારે આવો વૈરાગ્ય ભાવ જન્મે છે. જેજે પદાર્થો મિથ્યા છે તેમના પ્રત્યે આવી વ્યક્તિને અણગમો થતો હોય છે. પૃથ્વીલોક, દેવલોક, પિતૃલોક, ઈન્દ્રલોક વગેરે તમામ લોક વિનાશી છે. માટે મિથ્યા છે, એમ જાણવાથી એને કોઈ લોક પ્રાપ્ત કરવાની ઈચ્છા રહેતી નથી. તેને બ્રહ્મથી નિમ્નતર કંઈ ખપતું નથી અને બ્રહ્મથી ઉચ્ચતર કંઈ છે નહીં. તેથી સત્ય અને નિત્ય એવા બ્રહ્મના સાક્ષાત્કાર સિવાય, જેના જીવનનું બીજું કોઈપણ ધ્યેય નથી, તેવી વ્યક્તિ શ્રેષ્ઠ વૈરાગ્યવાન છે. અંગ્રેજી ભાષામાં કહીએ તો **vairagya means nonattachment to the fruits of one's actions in this life or the next, leads one to renounce carvings for transitory enjoyments.**

**(૩) ષડ્સંપત્તિઃ**

અધ્યાત્મને પંથે આગળ વધવા તત્પર થયેલા સાધકને અધિકાર આપતાં ચાર સાધનો પૈકીનું ત્રીજું સાધન છે શમ, દમ આદિ ષડ્સંપત્તિ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર જેમ મનુષ્યના આંતરિક શત્રુઓ છે તેમ શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન મનુષ્યની આંતરિક સંપત્તિ છે, ખાસ કરીને જ્ઞાનમાર્ગના પથિકની.

**શમઃ**

ઈન્દ્રિયોના વિષયોમાં વારંવાર દોષદર્શન કરી, તે વિષયોના સમૂહમાંથી વૈરાગ્ય પામીને, વિરક્ત મનને પ્રયત્નપૂર્વક પોતાના લક્ષ્યમાં સ્થાપવાથી પ્રાપ્ત થતી મનની નિર્મળ અવસ્થાને કે મનની તેવી સંયમી સ્થિતિને શમ કહેવાય. બીજી રીતે કહીએ તો મન ઉપર નિયંત્રણ મેળવવાની ક્રિયાને 'શમ' કહે છે.

'શમ' કેળવવા માટે મન ઉપર કાબૂ લાવવો જરૂરી છે. મન જેમ મારક છે તેમ મન તારક પણ બની શકે છે. મન બગડે કે લપસે નહીં એ માટે એનો પ્રયોગકલ્પ કરવો પડે. જેમ કેટલા ઔષધોથી કાયાકલ્પ કરી શકાય છે, તેમ ધ્યાનયોગથી મનકલ્પ પણ કરી શકાય છે. આવો પ્રયોગ કરવો એટલે મનને કોઈ ઉદાત્ત અને દિવ્ય લક્ષ્ય તરફ દોરવું. મનની સામે આવું કોઈ લક્ષ્ય હોય તો તે તારકરૂપ પુરવાર થાય છે. મન એટલે વિચાર-પ્રવાહ. આ પ્રવાહ સંસારના વિષયો ઉપર નિરંતર વહેતો રહેતો હોય તો ધ્યાનના પ્રયોગ દ્વારા એને આત્મા (બ્રહ્મ)ના વિષય ઉપર ઠરતો કરી શકાય. મનને કાબૂમાં લેવાનો ઉત્તમ ઉપાય છે **मुहुर्हुए**: **दोषद्रष्ट्या**। એટલે કે ઈન્દ્રિયોના વિષયોમાં દોષદર્શન કરતાં રહેવાથી મન વિષયો તરફ વૈરાગી બનતું જાય છે. આવા દોષદર્શનથી વિષયોમાં રહેલી આસક્તિ છૂટી જાય છે. તેમ થવાથી મન ચંચળતા છોડી નિશ્ચલ તત્ત્વમાં સ્થિરતા પ્રાપ્ત કરે છે. મનની આવી શાંત અને સ્થિર-અવસ્થાને 'શમ' કહેવાય.

વિષયોમાં દોષદર્શન કરવું એટલે કે જેજે વસ્તુ કે પદાર્થ પ્રત્યે આકર્ષણ અનુભવાય, જ્યાંજ્યાં સુખનો આભાસ વર્તાય તેતે સુખપ્રદ વસ્તુ કે અનુભવની મર્યાદા જાણી, તેના ભોગને પરિણામે પેદા થતાં દુઃખનો વિચાર કરી, વિષયો તથા તેમાં રહેલા સુખોપભોગની ક્ષણભંગુરતા જાણી, વિષયગત દોષોનો વારંવાર વિચાર કરીને મનને વિવેકપૂર્વક વસ્તુ અને અનુભવોની આસક્તિમાંથી મુક્ત કરવું. સંસારના અલ્પજીવી સુખાભાસમાં આવી દોષ દર્શનની કળા જો હસ્તગત થઈ જાય તો વૈરાગ્યની અમૂલ્ય મૂડી હસ્તગત થઈ જાય. મનને આ રીતે વિષયપ્રાતાત (વિષય સમૂહ)થી પાછું વાળીને '**स्वलक्ष्य**' (બ્રહ્મપ્રાપ્તિરૂપી) લક્ષ્ય

તરફ વાળવું, એવા મનોનિગ્રહને 'શમ' કહેવામાં આવે છે. આ પ્રમાણે વિષયભોગના સુખમાં દોષદર્શનની કળા જો હસ્તગત થઈ જશે તો વિષયભોગ પ્રત્યે મનનું સંતૃપ્તબિંદુ **(Ceturation point)** આવી જશે. તેમ થવાથી મનની ચંચળતા ઘટે અને એકાગ્રતા વધે. અંગ્રેજી ભાષામાં કહીએ તો **control over the mind detacting the mind from sense objects (not allowing sense objects to enter the mind.**)

**દમઃ**

વિષયોમાં વિહાર કરવાના સ્વભાવવાળી ઈન્દ્રિયોને તેમના વિષયોમાંથી પાછી વાળીને પોતપોતાના સ્થાનમાં સ્થિર કરવાના પ્રયત્નને 'દમ' કહેવાય. મતલબ કે ઈન્દ્રિયો ભોગલિપ્સુ છે. એના ઉપર અંકુશરૂપે મૂકાયેલું મન પણ માંકડો-ચીંદડાં જેવું ભોગલિપ્સુ છે. તેથી મરણ સાથે માણસની ઈન્દ્રિયો અને મનની વાસનાઓ અતૃપ્ત રહે છે. એ માણસના પુનર્જન્મનું નિમિત્ત બને છે. જો માણસે જન્મ અને મૃત્યુના વારાફેરાને ટાળવા હોય તો ઈન્દ્રિયસંયમ રૂપી 'દમ' હાંસલ કરવો પડે. જો લખચોરાસીના ફેરામાંથી જીવે મુક્ત થવું હોય તો ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો જોઈએ. ઈન્દ્રિય નિગ્રહ જીવનમુક્તિરૂપી ઈમારતનો પાયો છે. તે જેટલો મજબૂત હશે, તેટલી ઈમારત સુદૃઢ બની શકે. તેથી મોક્ષમાર્ગના સાધકને આવશ્યક એવા દમ-રૂપી સાધનને યોગ્યતા અને પાત્રતાનું અંગ માનવામાં આવ્યું છે.

મનનો સ્વભાવ છે ઈન્દ્રિયો પાછળ ભટકવાનો અને ઈન્દ્રિયોનો સ્વભાવ છે વિષયોમાં આસક્ત થવાનો. ઈન્દ્રિયોને તેમના આવા વિષય ભ્રમણમાંથી પરાવૃત્ત કરી એના પોતાના ગોલકમાં જો સ્થિર કરવામાં આવે તોજ વાસનાક્ષયના પંથે પ્રયાણ થઈ શકે. વાસનાક્ષય થાય ત્યારે જ જીવન-મૃત્યુની ઘટમાળનો અંત આવી શકે. પરંતુ વાસના સમાપ્ત ત્યારે જ થાય જ્યારે જીવનમાં વૈરાગ્યની પ્રાપ્તિ થાય. વૈરાગ્ય ત્યારે જ આવે જ્યારે આપણી બુદ્ધિમાં વિવેક ઉપલબ્ધ થાય. સત્સંગ વગર વિવેક જાગ્રત થઈ શકે નહીં અને જો વિવેકબુદ્ધિ જાગ્રત થઈ જાય તો મનોનિગ્રહ એટલે કે 'શમ' ઉપલબ્ધ થાય 'શમ' આવતાંની સાથે જ 'દમ' એટલે કે ઈન્દ્રિયનિગ્રહ પ્રાપ્ત થઈ જાય. ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવવો એ પ્રત્યેક મોક્ષાર્થી જ્ઞાનીજનનું પ્રથમ કર્તવ્ય છે. જે ઈન્દ્રિયોને જીતે છે તે જિતેન્દ્રિય છે. જિતેન્દ્રિય હોવું તે જીવનમુક્તનું લક્ષણ છે. જિતેન્દ્રિય થવાથી ઈન્દ્રિયો વિષયભ્રમણ કરી શકતી નથી એટલું જ નહીં એમ કરવાની વાસનાઓ જ સમાપ્ત થઈ જાય છે. તેથી વ્યક્તિ પોતાના નિજી આત્મસ્વરૂપમાં સ્થિત થઈ જીવનમુક્ત થઈ શકે છે. અંગ્રેજી ભાષામાં કહીએ તો 'દમ' એટલે **control over the senses from sense objects (not allowing the sense organs to go out to the sense objects).**

**ઉપરતિઃ**

ઈન્દ્રિયોને વિષયવાસનામાંથી પાછી વાળી, તેમના ગોલકમાં સ્થાપી ઈન્દ્રિયનિગ્રહ કર્યા બાદ, મનના વિચારોને વિષય ભ્રમણ કરતાં અટકાવવા તેને 'ઉપરતિ' કહે છે. દમ વડે ઈન્દ્રિયનિગ્રહ એ શમ વડે મનોનિગ્રહ થવાથી ઉપરતિ આપોઆપ આવી જાય છે. ઉપરતિ એટલે ઈન્દ્રિયરાગ અને મનની માગથી ઉફરા થવું, રતિરાગનો હોમ થવો. ઈન્દ્રિયોના ભોગમાં અને મનના રાગાવેગમાં સાચું સુખ નથી, એનાથી મળતો આનંદ ક્ષણિક છે અને સરજાતી પરિસ્થિતિઓ દુઃખદાયક છે એવું સમજાતાં જ વ્યક્તિ પોતાની ઈચ્છાઓ તૃષ્ણાઓ, લિપ્સાઓ, કામનાઓ અને એષણાઓથી ઉબાઈ-ઓચાઈ જઈ એનાથી ....રંગ થઈ જાય, ફરી ભોગો ભોગવવા ઈચ્છે નહી. વિવેક, વૈરાગ્ય અને શમદમ જેવાં સાધનો દ્વારા બાહ્ય વિષયોના આલંબનથી પાછું વળેલું અને ભાવો દશાઓની જટાઝાળમાંથી મુક્ત થયેલું મન ઉપરતિને પામે છે. આવું શાંત અને શુદ્ધ થયેલું મન આત્મદર્શન માટે મદદરૂપ બની શકે છે. અંગ્રેજી ભાષામાં કહીએ તો **Uparati means inner withdrawal, where the mind is no longer affected by the external world of objects.**

**તિતિક્ષાઃ**

દુઃખથી હાર્યા, ભાંગ્યા કે થાક્યા વિના જીવનમાં દુઃખો અને વિપદાઓને, કષ્ટો પીડાઓને, ચિંતા અને શોકથી રહિત થઈને સહન કરવાં, તેને તિતિક્ષા કહે છે. તિતિક્ષા અને સહન કરવાની શક્તિ. આત્મદર્શન માટે આ શક્તિનો વિકાસ આવશ્યક છે. પરંતુ તિતિક્ષાને નામે કેટલાક લોકો હઠાગ્રહી થઈને પોતાની જાતને શારીરિક અને માનસિક

કષ્ટો અને પીડાઓ આપે છે. જો કોઈ વ્યક્તિ ન્યૂનતમ અન્ન અને વસ્ત્ર લઈને આવાસ છોડીને જીવનથી ભાગી જઈને ગુફાવાસી બનીને જંગલોમાં એકલા જીવવાનો પ્રયત્ન કરે કે સહનશક્તિ કેળવવાને નામે પોતાનાં કોઈ અંગનો ભંગ કરે, એ તિતિક્ષા નથી.

તિતિક્ષા તો માનસિક વલણ છે. જ્યારે આપણી બુદ્ધિ આપણા જીવનલક્ષ્યની ઉંચાઈ અને પવિત્રતા સાથે જીવનમૂલ્યોથી થઈ જાય છે ત્યારે તેની પ્રાપ્તિ માટે આપણું તનમન બધા પ્રકારની મુશ્કેલીઓ વેઠવા સહર્ષ તત્પર થઈ જાય છે. આ રીતે ઉંચા લક્ષ્યને પામવાના માર્ગમાં આવનારી કઠીણાઈઓની ધીરતાપૂર્વક ઉપેક્ષા કરીને, પ્રસન્ન ચિત્તે કષ્ટો સહન કરવાની જે માનસિક ક્ષમતા કેળવે છે તેને તિતિક્ષા કહેવાય આવી પડેલ દુર્નિવાર સંજોગોને આમ તો બધા મનુષ્યો દુઃખદ કે વિકટ પરિસ્થિતિને સહન તો કરે છે, પરંતુ પ્રતિક્રિયાઓ સાથે સહન કરે છે. એટલે કે આવી પડેલા દુઃખદ કે પ્રતિકૂળ સંજોગોને સહન કર્યા સિવાય બીજો કોઈ જ ઉપાય ન હોવાથી નિઃસહાય અને લાચાર થઈને વિલાપ કરતાંકરતાં એવી પરિસ્થિતિઓનો મુકાબલો કરે છે. આવી રીતે જીવતાં લોકોને તિતિક્ષાનો પરિચય નથી. એમનામાં કષ્ટો અને વિપદાઓને વેઠવાની સહનશીલતા એ ધૈર્ય હોતાં નથી. ખરેખર તો આપત્તિઓ અને વિપત્તિઓને ઈશ્વરનો પ્રસાદ માનીને આવકારવાના અને એમને હસતાં મુખે સહન કરી લેવાના વલણને સાચી તિતિક્ષા કહેવાય. જીવનમાં તમામ વિપરીત સંજોગોને કોઈ પ્રતિક્રિયા વિના, ચિંતા કે વિલાપ કર્યા વિના, નિસાસા નાખ્યા વગર સહન કરવાની શક્તિને અને એવાં સહન અને તપનના સામર્થ્યને તિતિક્ષા કહેવાય. ઈન્દ્રિયજન્ય અને મનસંવર્ધિત આવા સુખ-દુઃખાત્મક અનુભવો પરપોટાની જેમ ઉત્પન્ન થનારા અને નાશ હોવાથી એ અનિત્ય છે, એમ સમજીને, પ્રતિક્રિયારહિત સાધના કરવાની ક્ષમતા સાધકમાં હોવી જરૂરી છે. માટે તિતિક્ષાને પણ ષડ્‌સંપત્તિ પૈકીની એક સંપત્તિ ગણવામાં આવી છે. અંગ્રેજી ભાષામાં કહીએ તો તિતિક્ષા એટલે **foreabarance, patiently persevering in the face of all afflictions and difficulties, without grievance or worry.**

**શ્રદ્ધાઃ**

સાધક માટે શ્રદ્ધા મોટું સંબલ છે. સાધકમાં પહેલી શ્રદ્ધા પોતાની જાત ઉપર હોવી જોઈએ, બીજી ભગવાન ઉપર, ત્રીજી શાસ્ત્રવચનો ઉપર અને ચોથી ગુરુ ઉપર હોવી જોઈએ. આત્મસાક્ષાત્કાર એ સાધકના જીવનનું અંતિમ લક્ષ્ય છે, તેને પામવા માટે શાસ્ત્રનાં વચનોનું શ્રવણ અને આકલન તથા ગુરુના યુક્તિયુક્ત આદેશ અને ઉપદેશ ઉપર વિચારણા જરૂરી છે. શ્રદ્ધાવાન જ્ઞાનનો લાભ પામે છે. એટલે જેને ભગવાનમાં અખૂટ ક્ષદ્ધા છે, ગમે તેમ વિકટ અને વિપદ અવસ્થામાં પણ પોતાની સાધનામાં પોતે ઊણો નહીં ઊતરે એવી જેને પોતાનામાં શ્રદ્ધા છે, એ માટે જેણે શાસ્ત્રાધ્યન કરવાનું આરંભ્યું છે તેથા શાસ્ત્રની સાંધ્ય કે સમાધિ ભાવવાના ગૂઢાર્થો સમજાવીને પોતાની સાધના પ્રક્રિયામાં આવતાં અંતરાયો ગુરુ અને ટાળી આપશે એવી શ્રદ્ધા ધરાવનાર સાધક પોતાની સાધનામાં સફળ થાય છે. શાસ્ત્ર અને ગુરુનાં વચનો સત્ય જ હોય તેવી શંકા વગરની દૃઢ માન્યતાને 'શ્રદ્ધા' કહે છે. બીજી રીતે કહીએ તો શાસ્ત્રો અને ગુરુ દ્વારા જે કાંઈ ઉપદેશાય છે, તે સત્ય જ છે, એવા દૃઢ નિશ્ચયવાળી બુદ્ધિને શ્રદ્ધા કહેવાય. જ્ઞાનમાર્ગે આગળ વધવા ઈચ્છતા સાધક પાસે આવી શ્રદ્ધા એક સાધના છે. જેની પાસે આવી અચળ શ્રદ્ધાનું સાધન હોય તે સાધક જ જ્ઞાનસાધના માટે અધિકારી ગણાય.

જીવ, જગત, માયા અને ઈશ્વર વિશેની સાચી સમજણ શાસ્ત્રો દ્વારા મળતી હોય છે, માટે શાસ્ત્રોમાં શ્રદ્ધા હોવી જરૂરી છે. જ્ઞાનપ્રાપ્તિ માટેના મનુષ્ય પાસે જે છ મુખ્ય માર્ગો છે, એમાંનો એક શાસ્ત્રો છે. અનેક દ્રષ્ટાઓના શ્રુતિસંમત, તર્કયુક્ત અને પ્રયોગમૂલક સ્વાનુભવનો નિષ્કર્ષ એટલે શાસ્ત્રો. તેમાં પ્રબોધાયેલ કથનો દેશ અને કાળની મર્યાદાઓથી પર હોય છે. એ મન, બુદ્ધિ અને વાણીની ક્ષિતિજોની પેલે પારના હોય છે. તેથી કોઈપણ સક્ષમ વ્યક્તિના માર્ગદર્શન વિના કેવળ સ્વઅધ્યયન વડે તેના ગૂઢાર્થોને પામવાનું અઘરું હોય છે. શાસ્ત્રોનાં આવાં ગૂઢ રહસ્યાર્થોને પામવા શાસ્ત્રોના જ્ઞાતા તેમ જ શાસ્ત્રોવર્ણિત સત્યોને જેમણે આત્મસાત કર્યા હોય એવા ગુરુ પાસે જવું પડે. ગુરુ જ્ઞાની અને તત્ત્વદર્શી હોય છે.

જે લોકો શ્રદ્ધાવિહિન, સંશયગ્રસ્ત અને શંકાશીલ કે સંદેહયુક્ત હોય છે. તેવા મામસો વિનાશ પામે છે, એમ શાસ્ત્રો કહે છે. મામસ અંધકારરૂપી અજ્ઞાનમા વેરાયેલો હોવાથી, પોતાના અંતરાત્માને-પોતાના સ્વ-રૂપને ઓળખી

શકતો નથી. આવા અજ્ઞાનને દૂર કરવા માટે શાસ્ત્રાધ્યયન દ્વારા જ્ઞાનનો દીવો પેટાવવો જરૂરી હોય છે. જ્ઞાનરૂપી દીપકને પ્રગટાવવા શ્રદ્ધારૂપી તેલ હોવું જરૂરી છે, મતલબ કે મોક્ષની દિશામાં પ્રયાણ કરવા ઈચ્છનાર સાધક પાસે જાત, ઈશ્વર, શાસ્ત્ર અને ગુરુમાં અતૂટ શ્રદ્ધા હોવી મહત્ત્વની બાબત છે. અંગ્રેજી ભાષામાં કહીએ તો **shraddha means faith, firm conviction in the Guru, Lord, Scriptures and self.**

**સમાધાનઃ**

સર્વ સમયે, સર્વ પ્રકારે બુદ્ધિને શુદ્ધ બ્રહ્મમાં જ સ્થિર કરવી તેને સમાધાન કહેવાય. વાસનાગ્રસ્ત ચિત્ત જે ઈચ્છે, જેની કામના કરે તેવા પદાર્થો કે સંજોગને પ્રાપ્ત કરી, ચિત્તના અજંપાને વાસનાતૃપ્તિથી દૂર ક રવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે સમાધાન નથી. મતલબ કે 'સમાધાન' સંજ્ઞાનો અહીં અર્થ બાંધછોડ, તડજોડ કે સુલેહ નથી. અવિવેકી મન અને ચિત્ત ઉપર નિમંત્રણ કર્યા વિના તેમની બધી કામનાઓને પૂર્ણ કરવાના પ્રયત્નો કરવા તેને મનનું લાલનપાલનની અને ચિત્તની આળપંપાળ કહેવાય. એવું કરવાથી વિષય વાસનાની વૃદ્ધિ થાય છે. મન-બુદ્ધિ બ્રહ્મમાં સ્થિત થતાં નથી. અસ્થિર મન એ અવિવેકી બુદ્ધિ દ્વારા સમાધાનની પ્રાપ્તિ થતી નથી. જ્યારે ચિત્તવૃત્તિ કેવળ શુદ્ધ બ્રહ્મમાં નિરંતર લાગી રહે, તેમાં જ સ્થિર થઈ જાય તેવી ચિત્તની અવસ્થાને સમાધાન કહેવાય.

અહીં સ્પષ્ટ રીતે એ સમજી લેવું જોઈએ કે 'સમાધાન'નો અર્થ અહીં દૈહિક અને બૌદ્ધિક સ્તરે પરિસ્થિતિનો માર પડવાના ભયના માર્યા ચુપચાપ સહન કરતાં રહેવું, સમય સંજોગો સામે નમતું જોખી તડજોડ કે બાંધછોડ કરી લેવું તે નથી. બલકે અહીં સમાધાનનો અર્થ છે માનસિક સ્થિરતા એ ચિત્તની સંપૂર્ણ સંતુલિત અવસ્થા. મન, બુદ્ધિ અને ચિત્તમાં ઊઠતા શંકા, સંશય ભાવ-વિચારોનાં વમળો શાંત થતાં જે માનસિક, બૌદ્ધિક અને ચૈતસિક સંતુલનના અવસ્થા પ્રાપ્ત થાય તેને 'સમાધાન' કહે છે. મનના ઝંઝાવાતથી, બુદ્ધિની દ્વિધાયુક્ત અવઢવથી, ચિત્તના અજંપાથી, અભિમાનથી મુક્ત થયેલું અંતઃકરણ સમતાયુક્ત સામ્યાવસ્થા પ્રાપ્ત કરે છે. આસક્તિઓ અને અભિનિવેશો ઓગળી જતાં અચ્છેદ સરોવર જેવા નિર્મળ, શાંત અને સ્થિર અસ્તિત્વનો અનુભવ થાય તેને સમાધાન કહે છે. એમાં મનુષ્યનો પુરુષાર્થ, ઈશ્વરની કૃપા, ગુરુની કરુણા અને શાસ્ત્રવચનોનો સધિયારો કારણભૂત હોય છે, માણસનું મનન, ચિંતન, વિમર્શણ અને નિદિધ્યાસન એકાગ્રતા પ્રાપ્ત કરી જે સમધારણ અવસ્થાનું નિર્માણ કરે છે, તેનાથી સ્થૂળજીવનના રાગ-દ્વેષ, અહંતા-મમતા, હર્ષ-શોક સમાપ્ત થઈ જાય છે. અંગ્રેજી ભાષામાં કહીએ તો **Samadhan means single - pointedness in scriptural studies, reflection adn contemplation.**

**મુમુક્ષતા :**

અજ્ઞાનને કારણે કલ્પી કાઢેલાં બંધનોમાંથી આત્મસ્વરૂપના સાચા જ્ઞાન દ્વારા મુક્ત થવાની ઈચ્છાને 'મુમુક્ષતા' કહે છે. સંસારમાં જીવતો મનુષ્ય સંબંધો અને વ્યવહારોના, અધ્યાસો અને આસક્તિઓનાં બંધનોનો ભાવ અનુભવે છે મને એમાંથી છૂટવા ઈચ્છે છે. પરંતુ ખરી વાત એ છે કે આપણે શરીર નથી, આત્મા છીએ. આત્મા તો નિત્ય મુક્ત છે. તેથી આત્માને એટલે કે આપણને કોઈ બંધનો હોઈ શકે નહિ. છતાં પણ દેહના અધ્યાસને કારણે આપણો રોજબરોજનો અનુભવ બંધનનો છે. સંસાર અને જગત સત્ય નથી, મિથ્યા છે, તેથી સ્પષ્ટ થાય છે કે બંધનોનો અનુભવ મન દ્વારા કલ્પિત છે. આત્મસ્વરૂપના અજ્ઞાનને કારણે બંધનોનો ભાવ મનમાં પેદા થાય છે. એટલે કે બંધનોનું મૂળ અજ્ઞાન છે. તેથી જો અજ્ઞાનનો નાશ કરવામાં આવે તો આ અજ્ઞાનજન્ય બંધનોની કલ્પનાનો પણ નાશ થઈ જાય. તેથી જ કહેવાયુ છે કે **अज्ञानकल्पितान् वन्धान् स्वरुवरूपावबोधेन मोकुम् इच्छा मुमुसुता।** એટલે કે અજ્ઞાનજન્ય કલ્પિત બંધનોમાંથી સ્વ-સ્વરૂપના જ્ઞાન પડે મુક્ત થવાની ઈચ્છાને જ મુમુક્ષા કહેવાય.

અજ્ઞાનને કારણે રઆમણું 'હું શરીર છું' એવું દેહતાદાત્મ્ય થઈ જાય છે. દેહતાદાત્મ્ય થતાં આપણે આપણને કર્તા અને ભોક્તા માની ઈન્દ્રિયો દ્વારા ભોગના બંધનમાં બંધાઈ જઈએ છીએ. વળી આકરણે જ સુખી દુઃખી થનારા મન સાથે પણ આપણું તાદાત્મ્ય સધાય છે. તે કારણે આપણે રાગ અને દ્વેષ, હર્ષ અને શોકનાં બંધનમાં ફસાઈએ છીએ. ત્મ્મન સાથેના આવા તાદાત્મ્યથી આપણે અહંકારના બંધનમાં આવી જઈ કર્તાભોક્તાવાળી જીવ ભાવના તથા એ જીવનાં

જન્મ-મૃત્યુ, જરા-વ્યાધિ તથા દેશકાળનાં બંધનોમાં ફસાતા જઈએ છીએ. આ તમામ બંધનો આગળ કહ્યું તેમ અજ્ઞાનને કારણે મનકલ્પિત છે. કેમકે નથી આપણે શરીર, નથી ઈન્દ્રિયો કે નથી મનબુદ્ધિચિત્ત અને અહંકાર, આપણે તો આત્મા છીએ. જગત અને સંસાર પણ સ્વપ્ન જેવાં આભાસી, મિથ્યા અને નશ્વર છે, એવા જ્ઞાનનો ઉદય થતાં આવી બધી કાલ્પનિક ભ્રમહાકેદમાંથી છૂટવા અને મુક્તિ પામવાનો ઉપાય વિચારાય છે. એટલે અજ્ઞાનજનિત તમામ બંધનોમાંથી સદાને માટે મુક્ત થવાનો જે ઉત્કટ ભાવ અનુભવે છે અને અસાર એવા દેહ અને સંસારની જન્મપુર્જન્મની ઘટમાળની કારમી ભીંસમાંથી મુક્ત થવા જે થનગને છે, તેવા પ્રયત્નોને, મોક્ષ માટેની તીવ્ર ઈચ્છાને મુમુક્ષુતા કહેવા છે.

જેમ ખાવાની ઈચ્છાને બુભુક્ષા, પીવાની ઈચ્છાને પિપાસા, જીવવાની ઈચ્છાને જિજીવિષા કહેવામાં આવે છે તેમ મુક્તિ કે મોક્ષની ઈચ્છાને મુમુક્ષા કહેવામાં આવે છે. વેગવાન જળરેલમાં તણાતાં મનુષ્યની એમાંથી બહાર આવી જવાની તીવ્ર ઈચ્છા હોય છે. તેવી જ તત્પરતા મુમુક્ષુને આ સંસારસાગરનાં ડૂબકાંઓમાંથી બહાર નીકળવા માટેની હોય છે. દૃઢ વૈરાગ્ય વિના આવી પ્રબળ મુમુક્ષુતા પ્રાપ્ત થતી નથી, વૈરાગ્યયુક્ત વિવેક ધરાવતા સાધકે ગુરુનું શરણ ગ્રહર કરી, શાસ્ત્રનો સારને જાણી, ભવચક્રના બંધનમાંથી મુક્તિનો ઉપાય વિચારવો જોઈએ અને એ માટે પ્રયાસો કરવા જોઈએ. જેના જીવનમાં આવી મુમુક્ષુતા હોય, તે જ તેની મુક્તિ માટેનાં, એટલે કે મોક્ષનાં દ્વાર ખોલી આપે છે. તેથી સાધનચતુષ્ટયના આ અંતિમ અને મહત્ત્વના સાધનને હસ્તગત કરવું તથા લક્ષ્યપ્રાપ્તિ પર્યંત એની તીવ્રતા ટકાવી રાખવી તે સાધકનું કર્તવ્ય છે. અંગ્રેજી ભાષામાં કહીએ તો **Mumuskhuta means intense yearing for libration from all bondage; longig for freedom from identification with the three instruments (body, mind and intellect), the three states (waking, dream and deep sleep) and three limitations (time, space and object).**

***

સંપર્ક: ૯૮૨૧૮૭૭૩૨૭

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### જનલર ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| રૂા ૨૫,૦૦૦ | હીનાબેન એ. ચોકસી |
| રૂા ૨૫,૦૦૦ | અજીતભાઈ આર. શાહ |
| રૂા ૧૦,૦૦૦ | ભારતીબેન પી. શાહ |
| રૂા ૫,૦૦૦ | ગિરીશભાઈ સંઘવી |
| રૂા ૨,૦૦૦ | દિનેશભાઈ શાહ |
| રૂા ૨,૦૦૦ | સુરેશભાઈ શાહ |
| રૂા ૨,૦૦૦ | આશાબેન શાહ |
| રૂા ૨,૦૦૦ | કૌશલબેન શાહ |
| રૂા ૨,૦૦૦ | રેખાબેન શાહ |
| રૂા ૭૫,૦૦૦ | |

### જમનાદાસ હાથીભાઈ અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| રૂા ૫૦,૦૦૦ | શ્રી નિતીનભાઈ કે. સોનાવાલા |
| રૂા ૫૦,૦૦૦ | |

### કિશોર ટિંબડિયા કેળવણી યોજના

| રૂપિયા | નામ |
|---|---|
| રૂા ૫૦,૦૦૦ | શ્રી નિતીનભાઈ કે. સોનાવાલા |
| રૂા ૫૦,૦૦૦ | |

### પુસ્તક વેચાણ

| રૂપિયા | નામ |
|---|---|
| રૂા ૧,૫૦૦ | શ્રી દિનેશભાઈ શાહ |
| રૂા ૧,૫૦૦ | |

### આ અંકના સૌજન્યદાતા

| રૂપિયા | નામ |
|---|---|
| રૂા ૨૫,૦૦૦ | શ્રીમતી રીટાબેન ઉમંગભાઈ શાહ, શૈલી, |
| રૂા ૨૫,૦૦૦ | અપૂર્વ અને ઝૂબિન |

# પર્યુષણ પર્વ સત્ય સ્વરૂપ તપનું પર્વ

તત્વચિંતક વી. પટેલ

જૈન ધર્મ તપ, ત્યાગ અહિંસા, અપરિગ્રહ અને આંતરશુદ્ધતા પર ઊભો છે, માનવ જીવનનું પ્રેરક બળ છે, અનેક પ્રકારની ઈચ્છાઓ છે, તેનાથી નિવૃત્ત થવાનું આ પર્વ છે, જો આ પર્વમાં ઈચ્છાથી મુક્ત થયા તો જ તમો જૈન ધર્મના સાચા સાધક છો,

માનવ જીવનમાં કારણ વિના કદી કાર્ય નિષ્પન્ન થતું જ નથી અને ઈચ્છા વિના કોઈ વર્તનની વ્યવહારની કે આચરણની ઘટનાઘટતી જ નથી, આથી જ ઈચ્છાઓને સુખપ્રાપ્તિ દુઃખમુક્તિ કે મુક્તિની ઈચ્છામાં સમાવેશ કરેલ છે.

આમ માણસ ઈચ્છાથી મુક્ત એટલેજ પરમ શાંતિ એજ જૈન ધર્મનો મૂળભૂત ઉદ્દેશ છે, આંતર સાધનાનું પર્વ છે, સત્ય સ્વરૂપ થઈને શુદ્ધ થવાનું, એટલે કે તમામ પ્રકારની ઈચ્છાઓથી મુક્ત થવાનું અને અપરિગ્રહમાં સ્થિર થવાનું આ પર્વ છે.

માત્ર વ્યાખ્યાનો આપીને સાંભળીને ખંખેરીને ચાલતા થવાનું આ પર્વ નથી, એટલું સૌએ સમજી લેવા જેવી બીના છે, અને માત્ર ભાષણો આપવાનું પર્વ નથી, પણ તેણે પણ પોતાની તમામ પ્રકારની ઈચ્છાઓથી આત્મિક સત્ય સ્વરૂપ થઈને મુક્ત થવાનું પર્વ છે, પોતાની પ્રસિધ્ધિનું અને પ્રતિષ્ઠા સ્થાપિત કરવાનું આ પર્વ નથી, પણ આંતરિક રીતે શુદ્ધ થવાનું પર્વ છે,

આજનો માનવ જાણ્યે અજાણ્યે સુખ પામવા અને દુઃખમાંથી મુક્ત થવા ઈચ્છે છે, અને આ હેતુથી જ વર્તન કરે છે, અને વર્તનનું કારણ ઈચ્છા જ છે, ઈચ્છાનું કારણ શું? આપણને ઈચ્છા શા માટે થાય છે? ઈચ્છાનો આદિ સ્ત્રોત ક્યો? આપણામાં એવું શું છે, જેમાંથી ઈચ્છાઓ જન્મે છે, તમામ ઈચ્છા અભાવમાંથી જ જન્મે છે, આમ ઈચ્છાનું કારણ અભાવ છે.

અભાવ એટલે શું? અભાવ એટલે આંતરિક ખાલીપાની, લાગણી આમ અભાવ એટલે જ આંતરિક સંતૃપ્તિ ન હોવી, તે છે એટલે જીવનમાં કાઈક ખૂટે છે, તેવો અનુભવ, અભાવ એટલે અધુરપનોભાવ, આમ અભાવ એ માણસનું મુળ સ્વરૂપ નથી, એટલે અભાવ માણસનું સ્વ સ્વરૂપગત લક્ષણ પણ નથી.

જો અભાવ જ માણસનું સ્વ સ્વરૂપગત લક્ષણ હોય તો તેમાંથી મુક્તિનો કોઈ ઉપાય ન હોય જો, આવું હોય તો સ્વ-સ્વરૂપગત લક્ષણમાંથી મુક્ત થવાની ઈચ્છા કે પ્રયત્ન સંભવે જ નહીં, પરંતુ આપણે સતત અભાવમાંથી મુક્ત થવા ઈચ્છીએ છીએ, અને તે માટેના પ્રયત્નો પણ કરીએ છીએ, અને થઈ પણ શકીએ પણ છીએ, તેથી અભાવપણું આપણું સ્વ-સ્વરૂપ તો નથી જ તે સાબિત થાય છે, આમ અભાવ એ આગંતુક આપણાં ચિત્તનો એક અનુભવ છે અને આ અભાવનું વિસર્જન શક્ય છે, ચિત્તને પરમ વિશ્રામમાં સ્થિર કરો, શૂન્ય થાવ પરમ મૌન થાવ અને સાક્ષીભાવનો સ્વીકાર કરો એટલે અભાવ રહેવા જ પામતો નથી, આમ અભાવનું કારણ પણ શોધી શકીએ છીએ અને નિવારણ પણ શક્ય છે, આ પર્વ દ્વારા આપણે સૌએ આજ કરવાનું છે, આપણે આપણાં અભાવથી મુક્ત થઈ પૂર્ણતા, શૂન્યતા અને સાક્ષીભાવ તરફ આગળ વધવાનું છે.

આમ જીવનમાં અભાવનું કારણ છે, આપણાં સ્વ-સ્વરૂપની વિસ્મૃતિ આપણે આપણાં યથાર્થ સ્વ સ્વરૂપને ભૂલી ગયા છીએ, તે જ અભાવનું કારણ છે.

માણસનું મુળ સ્વરૂપ તે સચ્ચિદાનંદ છે, પરંતુ સ્વ-સ્વરૂપ વિસ્મૃતિ તેને પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપથી વિમુખ કરે છે, સચ્ચિદાનંદ સ્વ-સ્વરૂપ આત્માના પોતાના સ્વ-સ્વરૂપમાંથી ચ્યુત થઈ શકે નહી. કારણકે જે પોતાનું સ્વરૂપ છે, તેમાંથી ચ્યુત થવું અશક્ય છે, તેથી માણસ પોતાના સ્વરૂપમાંથી ચ્યુત થયો નથી, પણ સ્વ-સ્વરૂપનું વિસ્મરણ જ થયું છે.

જેમ સૂર્ય પોતાના પ્રકાશથી વંચિત બની શકે જ નહીં, કારણ કે પ્રકાશ તેનું સ્વરૂપ છે, તેમ જ માણસ પોતાના જ સચ્ચિદાનંદ સ્વરૂપથી વંચિત બની શકે જ નહિ, પરંતુ વિસ્મૃતિ શક્ય છે, તેથી જ આપણામાં સ્વ-સ્વરૂપની, વિસ્મરણની ઘટના શક્ય બને છે, અને એ પ્રમાણે જ સચ્ચિદાનંદ સ્વરૂપ માનવઆત્માને પોતાના સ્વરૂપનું વિસ્મરણ થયું છે, તે છે અભાવનું કારણ, સ્વ-સ્વરૂપ વિસ્મૃતિમાંથી જ અભાવ જન્મે

છે, સ્વ જેમ સ્વ-સ્વરૂપ વિસ્મરણ કાલ્પનિક છે, યથાર્થ નથી, જ તેમ અભાવ પણ કાલ્પનિક છે યથાર્થ નથી.

આમ સ્વ-સ્વરૂપના વિસ્મરણનું કારણ અવિદ્યા એ અજ્ઞાન છે, તેથી અભાવ પણ અજ્ઞાનજન્ય અનુભવ છે, તેમ ફલિત થાય છે, આમ આપણો આત્મા સ્વરૂપતઃ જ પૂર્ણ છે, અને પૂર્ણને કશાનો અભાવ હોય શકે જ નહીં, પરંતુ પૂર્ણ જો પોતાના પૂર્ણત્વને ભૂલી જાય તો પૂર્ણને પણ અભાવનો અનુભવ થઈ જ શકે છે, અને તે અભાવ પૂર્તિનો પ્રયત્ન પણ હોય શકે છે, આમ ઈચ્છાઓ આ રીતના કાલ્પનિક અભાવની પૂર્તિનો જ પ્રયત્ન છે, એટલું જાણો એ ઈચ્છાથી પર્યુષણ પર્વમા મુક્ત થાવ એ અપરિગ્રહમા સ્થિર થાવ આ માટે, પર્યુષણ દરમિયાન કર્તા ભાવ અને ભોક્તા ભાવથી મુક્ત થાવ એજ પર્યુષણનું અમલીકરણ છે.

આપણાં સૌના સ્વભાવની પ્રપંચતા, વેરની મજબૂત ગાંઠ ઝગડાખોર વૃત્તિ, સત્યધર્મને અને દયા રહિતતાને સમજાવા છતાં ન માનવું, તે ચિત્તની દુષિત અવસ્થા છે, તેમાંથી મુક્ત થાવ.

આપણા સૌના સ્વભાવની પ્રપંચતા, વેરની મજબૂત ગાંઠ ઝઘડાખોર વૃત્તિ, સત્ય ધર્મને અને દયા રહિતતા ને સમજાવા છતાં ન માવનું તે ચિત્તની દૂષિત અવસ્થા છે, તેમાંથી મુક્ત થાવ.

આપણાં સૌનામાં થોડે ઘણે અંશે મંદતા, બુદ્ધી હીનતા, અજ્ઞાન અને વિષય લોલુપતા હોય છે, તેમાંથી સ્વસ્થ ચિત્તે નિવૃત્ત થવા સત્ય સ્વરૂપ પ્રયત્ન કરો એજ સાચું તપ છે.

જીવનમાં જલદીથી રોષે ભરાય જવું, બીજાની નિંદા કરવી, પોતાના વખાણ થાય તેવી ઈચ્છા, આપણી પોતાની ભૂલ હોવા છતાં બીજાનો દોષ કાઢવો, અતિશોકમાં ડૂબેલ રહેવું અને સંશય અને ભયગ્રસ્ત ચિત્ત વગેરેમાંથી આ પર્યુષણપર્વમા નિવૃત્ત થવા આત્મિક સત્યસ્વરૂપ બનવું તે જ સાચી સાધના છે, મોઢે મુહપત્તી બાંધી માત્ર દેરાસર જવું તે સાધના નથી, આત્મિક સુધારણા એજ સાચી રીતે દેરાસર જવું જ છે.

જીવનમાં ત્યાગશીલતા, પરિણામોની ભદ્રતા, આત્મિક સત્યમાં સ્થિર થઈને વ્યવહાર અને આચરણમાં પ્રામાણિકતા રાખવી, કે કોઈને છેતરવા નહીં, કોઈસાથે કપટ કરવું નહીં અને કાર્યમાં પૂરી ઋજુતા સત્ય સ્વરૂપતા રાખવી તેમજ અપરાધીઓ પ્રત્યે ક્ષમાનો અંતરનો ભાવ રાખી ક્ષમાશીલ બનવું, અને જીવનમા નિષ્કામ, નિઃસ્વાર્થ અને નિર્વાસનાયુક્ત બની કર્તાભાવ અને ભોક્તાભાવમાં અંતરથી સ્થિર થઈને આત્મિક સત્યના આધારે જીવવું એ અતંરના ત્યાગની સાધના છે, તેનું આચરણ પર્યુષણ દરમિયાન કરવું.

કોઈની સાથે કોઈપણ જાતનો પક્ષપાત કરવો જ નહીં, તેમજ કોઈની પાસેથી ભોગોની આકાંક્ષા રાખવી જ નહિ, તેમજ બધા સાથે આત્મિક સત્યમાં સ્થિર થઈને સામાના ભાવમાં સ્થિર થઈને સમતા, સમત્વ ધારણ કરી સમદર્શીપણામાં સ્થિર થવું અને રાગ દ્વેષ અહંકારથી તદ્દન દૂર રહેવું અને જીવનમાં દંભ કરવો જ નહીં, જેવા હોઈએ તેવા જ બતાવવા પ્રયત્ન કરવો, જેવા હોવા જોઈએ તેવા હોવું જોઈએ. આમ પર્યુષણ દરમિયાન 'જીવન જીવવું' એજ પર્યુષણની સત્ય સ્વરૂપ સાધના છે.

***

સંપર્ક : sarujivan39@gmail.com અમેરિકા


| ભારત માટેના લવાજમ દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ વાર્ષિક લવાજમ | ₹ ૩૦૦ | ✦ ૧ વર્ષનું લવાજમ | $ 30 |
| ✦ ત્રણ વર્ષનું લવાજમ | ₹ ૭૫૦ | ✦ ૩ વર્ષના લવાજમ | $ 80 |
| ✦ પાંચ વર્ષનું લવાજમ | ₹ ૧૨૫૦ | ✦ ૫ વર્ષના લવાજમ | $ 130 |
| ✦ દસ વર્ષનું લવાજમ | ₹ ૨૫૦૦ | ✦ ૧૦ વર્ષના લવાજમ | $ 250 |

**વાર્ષિક લવાજમ આપશ્રી $ (ડોલર)માં મોકલાવો તો $ પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બૅન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મન્દ્રિા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

# સત્યનો વિજય કેમ થતો નથી?

ભાણદેવ

આપણા વહાલા ભારત દેશનો ધ્યાનમંત્ર છે -

**सत्यमेव जयते।**

સત્યનો જ વિજય થાય છે.''

આ ધ્યાનમંત્રનું મૂળ મુંડકોપનિષદનો એક મંત્ર છે–

**सत्यमेव जयति नानृतं**
**सत्येन पन्था विततो देवयानः।**
**येनाक्रमन्त्यृषयो ह्याप्तकामा**
**यत्र तत् सत्यस्य परमं निधानम्।।**

''સત્ય જ વિજયી થા છે, અસત્ય નહિ, કારણ દે દેવયાન નામનો માર્ગ સત્યથી પરિપૂર્ણ છે, જે માર્ગ દ્વારા પૂર્ણકામ ઋષિઓ (ત્યાં) ગમન કરે છે, જ્યાં તે પરબ્રહ્મ પરમાત્માનું ઉત્કૃષ્ટ ધામ છે.''

સત્યનો વિજય થાય છે, અસત્યનો નહિ - આ અસ્તિત્ત્વનું, જીવનનું એક અતિમૂલ્યવાન સત્ય છે. આ સત્યને આર્ષદ્રષ્ટાઓએ આર્ષદૃષ્ટિથી જોઈને આપણી સમક્ષ મૂક્યું છે.

હા, આ વિધાન સંપૂર્ણ સત્ય છે કે સત્યનો જય થાય છે, અસત્યનો નહિ.

પરંતુ આ જગતમાં, આ જગતના વ્યવહારમાં અસત્યનો જય પણ અનેકવાર જોવા મળે છે. એ વાત સાચી છે કે અસત્યનો આ જય કાયમી નથી, આખરી નથી, અંતિમ નથી. આખરે તો સત્યનો જ જય થાય છે પણ પ્રત્યેક ઘટનામાં, પ્રત્યેક તબક્કે અને હમેશાં સત્યનો જ જય થાય છે, તેમ જોવા મળતું નથી. આ દુનિયામાં તો એવું વારંવાર જોવા મળે છે કે સત્યની હાર થતી હોય અને અસત્યનો વિજય થતો હોય. ભલે, કામચલાઉ ધોરણે પણ અસત્યનો વિજય શા માટે થાય છે? અસત્ય સત્યને ક્વચિત પણ થોડા સમય માટે પણ શા માટે હરાવી શકે છે?

ક્યારેક, કોઈક તબક્કે અસત્યનો વિજય અને સત્યનો વિજય થતો જોવા મળે છે તેના કારણો તપાસવા જોઈએ.

**૧. સામર્થ્યનો અભાવઃ**

અસુરો શક્તિની પ્રાપ્તિ માટે તપ કરે છે. તપ દ્વારા શક્તિમા બને છે, આ સામર્થ્યના જોરે તેઓ દેવોને હરાવે છે - આવી ઘટનાઓ પુરાણોમાં અનેકવાર જોવા મળે છે. અસુરો પાસે સત્ય નહિ હોવાં છતાં સામર્થ્યના જોરથી દેવોને, ભલે કામચલાઉ ધોરણે પણ હાર આપે છે. પરંતુ દેવો પાસે અસુરો કરતાં વધુ સામર્થ્ય હોત તો? સત્ય તો તેમના પક્ષે છે જ. સત્યની સાથે સામર્થ્ય પણ હોત તો તેમના માટે અસુરો સામે હારવાનો પ્રસંગ ઉપસ્થિત થાત નહિ.

નિર્માલ્યનું સત્ય સામર્થ્યવાનના અસત્ય સામે અનેકવાર હારી જાય છે. સત્ય જો સતત વિજયી રહે તેમ કરવું હોય તો સત્યવાનોએ સામર્થ્યવાન પણ બનવું જોઈએ.

એ વાત સાચી છે કે આખરે જરાસંધને પરાભવ થયો, પરંતુ જરાસંધ સાચો નહિ હોવા છતાં સામર્થ્યના જોરથી જીવનભર અનેકને હરાવતો રહ્યો. જરાસંધના સામર્થ્યને કારણે જ યાદવોએ મથુરા છોડીને દ્વારીકા જવું પડ્યું.

સત્ય સર્વોચ્ચ શક્તિ છે, પરંતુ સામર્થ્ય પણ એક મહત્ત્વનું પરિબળ છે. જય-વિજયના નિર્ણયમાં સામર્થ્ય પણ નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

સત્ય સામર્થ્યહીન હોવાને બદલે સામર્થ્યવાન - સમર્થ હોય તો અસત્ય તેને થોડા સમય માટે પણ હરાવી શકે નહિ. વિજય નિર્માલ્યને નહિ, સમર્થને મળે છે.

**૨. શાણપણનો અભાવઃ**

સાચા બળવાન માણસો પણ ઘણીવાર શાણપણના અભાવને કારણે હારી જાય છે.

પાંડવો સમર્થ હતા, સાચા હતા છતાં યોગ્ય ક્ષણે યોગ્ય શાણપણ દાખવી ન શક્યા, તેથી જીવનભર દુર્યોધનની મંડળી સામે હારતા રહ્યા. માર ખાતા રહ્યા! મહારાજ યુધિષ્ઠિરે જુગાર રમવાનો ઈન્કાર કરવાનું શાણપણ દાખવ્યું હોત તો! પોતાના ભાઈઓને, પોતાની જાતને અને અંતે અગ્નિકન્યા દ્રૌપદીને જુગારમાં ન મૂકવાનું શાણપણ બતાવ્યું હોત તો! મહાભારતના યુદ્ધમાં પણ સત્ય અને સામર્થ્ય તેમના પક્ષે હોવા છતાં જો ભગવાન શ્રીકૃષ્ણનું શાણપણ તેમના પક્ષે ન હોત તો પાંડવો હારી ગયા હોત!

સત્ય સત્ય હોય તેટલું પૂરતું નથી. સત્ય સમર્થ હોય તેટલું પણ પૂરતું નથી. આદિથી અંત સુધી સતત વિજયશીલ રહેવું હોય તો સામર્થ્યવાન સત્યે શાણપણ પણ દાખવવું જોઈએ.

મૂર્ખ માનવ સાચો હોય છતાં હારી જાય અને હેરાન પણ થાય - તેમ બની શકે છે. વિજય મૂર્ખાઓને નહિ, ડાહ્યાઓને વરે છે. સત્ય જો વિજયશ્રી ઈચ્છે તો તેણે સમર્થ રહેવાની સાથે જ શાણા રહેવાનું ડહાપણ પણ બતાવવું જોઈએ.

જેમ સત્ય એક શક્તિ છે, સામર્થ્ય એક શક્તિ છે, તેમ ડહાપણ, સમજણ, શાણપણ, આવડત, ચતુરાઈ, બુદ્ધિમત્તા પણ એક મૂલ્યવાન પરિબળ છે અને વિજય-પરાજયનો નિર્ણય

થવામાં આ પરિબળ પણ ઘણો મૂલ્યવાન ભાગ ભજવે છે.

**૩. સંગઠનનો અભાવઃ**

વેરવિખેર સત્ય નહિ. સંગઠિત સત્ય વિજય પામે છે.

આખરે તો સત્યનો જ જય થાય છે, તે તો છે જ; પરંતુ સત્ય જો સંગઠિત ન હોય, વેરવિખેર હોય તો સત્યનો વિજય ઘણો મોડો, ઘણો મોંઘો અને ઘણા કષ્ટ પછી મળે છે.

લુંટારાઓનું, જુગારીઓનું, નશાખોરોનું પણ એક સંગઠન હોય છે. સંગઠનની પણ એક શક્તિ હોય છે. આ સંગઠનની શક્તિના જોરે તેઓ વિજય પામે છે. ઘણા સાચા માનવો વેરવિખેર હોય તો અને સત્ય તેમના પક્ષે હોવા છતાં સંગઠિત ખોટા માનવો તેમને અનેકવાર હરાવે છે, કષ્ટ આપે છે, તેવું જોવા મળે છે.

સામાન્યતઃ એવું જોવા મળે છે કે અસત્યના મશાલચીઓનું સંગઠન જોવા મળે છે, પરંતુ સાચા માનવો ભાગ્યે જ સંગઠિત હોય છે. પાંચ લુંટારાઓ આવીને પાંચ હજારની વસતિના ગામને લૂંટી જાય છે, કારણ કે લુંટારાઓ સંગઠિત છે, ગ્રામજનો સંગઠિત નથી. ગ્રામજનો સંગઠિત હોય તો લુંટારાઓ ગામમાં પ્રવેશી જ ન શકે.

સત્ય અને સામર્થ્ય બંને હોવા છતાં રાજપૂત રાજ્યકર્તાઓ સંગઠનના અભાવના કારણે મુસ્લિમ આક્રમણ સામે હાર પામ્યા હતા. બધાએ સાથે મળીને સંગઠિત રીતે પ્રતિકાર કર્યો હોત તો? ઈતિહાસ જુદો જ હોત! સંગઠનના સામર્થ્યથી અલ્પસંખ્યક ગ્રીકોએ ૧૨ લાખની ઈરાની સેનાને તિતરબિતર કરી નાખી હતી!

સત્ય સત્ય હોય તેટલું પૂરતું નથી, સત્ય સમર્થ હોય તેટલું પણ પૂરતું નથી, સત્ય સમર્થ અને શાણપણયુક્ત હોય તેમાં પણ ઈતિશ્રી નથી. સત્યે સંગઠિત પણ બનવું જ જોઈએ, જો તેને અસત્યની સામે વિજય પામવો હોય તો!

**૪. સક્રિયતાનો અભાવઃ**

સામાન્યતઃ એવું જોવા મળે છે કે અસત્યની સેના સક્રિય અને આક્રમક હોય છે. આ સક્રિયતા અને આક્રમકતાને કારણે તેઓ પહેલો ઘા મારી લે છે અને સત્યને દાબી દે છે. સત્યને પક્ષે સત્યની શક્તિ હોવા છતાં પોતાની નિષ્ક્રિયતા અને સામા પક્ષની સક્રિયતાને કારણે સામો પક્ષ અને અસત્ય મેદાન મારી જાય છે.

સત્યે જો અસત્યની સામે થોડા સમય માટે પણ જરા પણ હારવું ન હોય તો સત્યના ધારકો સક્રિય બને તે આવશ્યક છે.

સત્ય સમર્થ હોય, સંગઠિત અને શાણું હોય, પરંતુ નિષ્ક્રિયરૂપે પડ્યા રહેવું, તે અસત્યને, અવિદ્યાના તત્ત્વોને છૂટું મેદાન આપવાની મુર્ખતા છે.

સત્ય નિષ્ક્રિય બની જાય તો પણ તે સત્ય છે, પરંતુ તે સત્ય અસત્યની તાબેદારી સ્વીકારવા માટે તત્પર બનેલું સત્ય છે, તેથી હારને પાત્ર છે.

સત્ય જ્યારે સક્રિય બને છે, ત્યારે તેની સાથે જોડાયેલા સામર્થ્યાદિ ગુણો કાર્યરત બને છે અને ત્યારે સત્ય સરળતાથી અસત્યને હરાવી શકે છે.

**૫. પ્રતિકારનો અભાવઃ**

સત્ય જો અસત્યનો પ્રતિકાર ન કરે તો તેવું સત્ય અસત્યને વિજયની તક આપે છે. અસત્યનો પ્રતિકાર પણ સત્યની પ્રતિષ્ઠાવિધિનું જ એક અંગ છે, તેમ માનવું જોઈએ.

નાલંદા વિશ્વવિદ્યાલયમાં હજારો યુવાન વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. સેંકડો વિદ્વાન ડાહ્યા અધ્યાપકો રહેતા હતા. મુઠ્ઠીભર મુસ્લિમ આક્રમણખોરોએ સમગ્ર વિશ્વવિદ્યાલયને બાળીને ભસ્મ કરી નાખ્યું. સદીઓના પ્રચંડ પુરુષાર્થને થોડા કલાકોમાં નામશેષ કરી નાખ્યો. આમ કેમ બન્યું.? કારણકે વિશ્વવિદ્યાલયના પ્રાધ્યાપકોએ કે વિદ્યાર્થીઓએ - કોઈએ કશો પ્રતિકાર જ ન કર્યો. કેટલાક નાસી ગયા એ કેટલાકે દૂર ઊભાં ઊભાં જોયા કર્યું. સૌએ સાથે મળીને પ્રતિકાર કર્યો હોત તો વિદ્યાના એ મહાન કેન્દ્રને બચાવી શકાયું હોત, સત્યનો વિજય થઈ શક્યો હોત.

અસત્ય ગમે તેમ કરે અને સત્ય તેનો પ્રતિકાર જ ન કરે તો સત્ય, અસત્યને તાબે થાય છે, અસત્યનો વિજય સ્વીકારે છે. સત્ય યુદ્ધખોર ભલે ન હોય, પરંતુ અસત્યનો પ્રતિકાર કરવાની હિંમત અને પ્રતિકાર કરવાની તત્પરતા તો સત્યે દાખવવી જ પડશે અન્યથા અસત્યની ગુલામી વહોરવા માટે તૈયાર રહેવું પડશે.

એવું વારંવાર જોવા મળે છે કે પ્રતિકાર કરવાની હિંમતના અભાવને કારણે અનેક ચારિત્ર્યવાન સન્નારીઓનું શિયળ લુંટાય છે. અસત્યનો પ્રતિકાર સત્યનો ધર્મ છે. જો અસત્યનો પ્રતિકાર ન થાય તો સત્ય તેટલે અંશે દૂષિત અને તેથી નબળું બની જાય છે.

'સત્યમેવ જયતે' તે સાચું છે, પરંતુ અહીં સત્યની સાથે પાંચ વિશેષણો અધ્યાહાર છે, તેમ સમજવું જોઈએ. આ વિશેષણો છે - (૧) સમર્થ, (૨) ડાહ્યુ, (૩) સંગઠિત, (૪) સક્રિય (૫) પ્રતિકાર માટે તત્પર.

'સત્યમેવ જયતે'નું વિસ્તૃત ભાષાંતર આ રીતે કરવું જોઈએ.

''સમર્થ, શાણપણયુક્ત, સંગઠિત, સક્રિય અને અસત્યના પ્રતિકાર માટે તત્પર સત્યનો વિજય થાય છે.''

***

# ‘અંબડ વિદ્યાધરદાસ’નું ગુજરાતી સાહિત્યમાં પ્રદાન

ડૉ. અશોક ચૌધરી

જૈન સાહિત્યધારા એ ગુજરાતી સાહિત્યધારાનો એક અતિ સમૃદ્ધ પ્રવાહ છે. આ અંગે હસુ યાજ્ઞિકે લખ્યું છે કે, “જૈન સાહિત્ય કે જૈનો દ્વારા રચાયેલું સાહિત્ય ભલે ધર્મ, કર્મ અને અધ્યાત્મલક્ષી હોય પણ આજના સમયમાં પણ કેટલુંક સાહિત્ય તો પ્રસ્તુત છે, કેમ કે એમાં પડેલી વિષમ સામગ્રી, ચિંતનસામગ્રી, ચરિત્રસામગ્રી માત્ર ઐતિહાસિક નહી, સામાજિક અને સાંસ્કૃતિક મહત્તા ધરાવે છે.” (પુ. ૨૫૦, ગુજરાતી સાહિત્ય કોશ-૩ ગુ. સા. પરિષદ)

જૈન પરંપરામાં અનેક નાના-મોટા કવિઓ થઈને આશરે બે થી અઢી હજાર કવિઓની સંખ્યા થવા જાય છે, કેમ કે દરેક કોઈ મુનિએ ક્યાંક, કશુંને કશું તો લખ્યું જ છે, કોઈ લઘુકૃતિ હોય તો કોઈ દીર્ઘકૃત્તિ વગેરે. આ રીતે મંગલ માણિક્ય નામના કવિએ પણ એક મહત્વની એવી કૃત્તિ રચી છે. અને તે છે - ‘અખંડ વિદ્યાધરદાસ.’

જૈન મુનિ મંગલમાણિક્યે આ કૃત્તિ અનુવાદ રૂપે રચી છે. પોતાની ગુરુ પરંપરાના મુનિ રત્નસૂરિની મૂળ ગદ્ય-પદ્ય કૃત્તિ ‘અંબડ ચરિત્ર’. ને આધારિત પોતાનો ‘અંબડ વિદ્યાધરદાસ’ આવે છે. બે હજાર બસ્સો એકતાલીસ કડીઓમાં રચાયેલી આ કૃત્તિ કુલ સાત આદેશો ધરાવે છે. આદેશ એટલે વિભાગ, પ્રકરણ વગેરે. આ કૃતિ રચવામાં કવિએ જુદા જુદા છંદ અને દેશીઓનો પ્રયોગ કર્યો છે. જેમાં ચોપાઈ-બંધ એ મુખ્યત્વે આવતો છંદ છે, જ્યારે દુહા પણ આ રચનાનો ઘણો ભાગ રોકે છે. એટલું જ નહીં પણ વસ્તુ છંદમાં વણી બધી પંક્તિઓ જોવા મળે છે. લય, પ્રાસ, વર્ણન, સંવાદ અને ભાષાની દ્રષ્ટિએ આ કૃતિ ચરિત્રાત્મક કૃત્તિને અનુસરે છે.

આ કૃત્તિનું વિષયવસ્તુ જોઈએ તો - અંબડ એક અત્યંત ગરીબ એવો યુવાન છે. તેને ગોરખયોગિની નામના સંતના આર્શીવાદ મળે છે. આ આર્શીવાદના કારણે તેનું નસીબ જ પલટાઈ જાય છે. તેને મોટું રાજ્ય પ્રાપ્ત થાય છે. અઢળક ધનવારસો મળે છે. આ ઉપરાંત તેને ૩૨ પત્નીઓ પણ પ્રાપ્ત થાય છે. આ કથાને વિવિધ પ્રસંગો, વળાંકો સંઘર્ષો અને ચરિત્રાત્મક ગુણોથી વણી લેવામાં આવી છે. આ કથાનો મુખ્ય રસ અદભૂત રસ છે. અદભૂત રસના અનેક તથ્યો અહીં મોજૂદ છે. ચમત્કારિક પ્રસંગોનો આધાર લઈ સમગ્ર કથાવસ્તુને બહેલાવવામાં પોતાની સર્જક શક્તિનો પ્રયોગ કર્યો છે. અનુવાદ નહી પણ ભાવાનુવાદ લાગતી આ કૃતિ ભાવકના આંતરસત્વને સ્પર્શી જાય તેવી છે.

કૃતિની રચના સાલ ઈ.સ. ૧૬૫૦ની દર્શાવાઈ છે. મૂળ કૃતિની રચના ઈ.સ. ૧૬૩૫માં રચાઈ હતી. તેનો ઉલ્લેખ કૃતિમાંથી જ જડી આવે છે, ત્યારબાદ આ કૃતિનો અનુવાદ થયો છે. મૂળ કૃતિ મળતી નથી. પણ તેની હસ્તપ્રતો, અને તે પણ કોઈ લહિયા દ્વારા લખાયેલી હાથપ્રતો મળે છે. પાઠાંતર ભેદો જોવા મળે છે. ‘અંબડ’ના જીવનના પ્રસંગોમાં ઘણું ઉમેરણ દેખાય છે. પરંતુ સળંગ કૃતિ રસમય, આસ્વાદમય છે.

આ કૃતિમાં કૃતિરસ પ્રવૃત રહે, તેમજ ભાવક વાર્તારસ માણી શકે તે માટે કથાપ્રસંગોને સુયોજિત કરવામાં આવ્યા છે. જેમ કે કથામાં સાત આજ્ઞા પાર પાડવાની શરત મૂકવામાં આવ છે. સાત આજ્ઞા મુજબ સાત આદેશોની રચના કરવામં આવી છે. એક આજ્ઞા જોઈએ તો પૂર્વ દિશામાં જઈને એક ગુણવર્ધ નામની વાડી શોધવી એ વાડીમાંથી એક પાકું શર્કરા ફળ

મેળવવું. આ આમાની પૂર્તિ માટે અંબડ પ્રમાર 'કર' ગોરખયોગિનીની આ પ્રકારની સાત આજ્ઞાઓ આ કથાના કેન્દ્રમાં છે.

આ રાસનું વસ્તુસંકલન જોઈએ તો મુખ્યત્વે આ પદકૃતિ છે. તેથી તેમા પદ્યાત્મકતાના આધારે સમગ્ર સંકલન કરવામાં આવ્યું છે. કથા અને કવિતા, બેઉનું મિશ્રણ કરવું, બેઉનો સમન્વય કરવો ઘણો કઠિન હતો, પરંતુ કવિએ આ કામ યોગ્ય રીતે પાર પાડ્યું છે. કથાતત્ત્વમાં અંબડની કથા પ્રસંગો, વળાંકો, પાત્રો, વર્ણનો, સંવાદો, જ્યારે કવિતા તત્વમાં છંદ, પ્રાસ, લય, ગેયત ભાવ, કલ્પ વગેરે તત્વો જોવા મળે છે. આ બંને તત્વોનો સમન્વય અહીં જોઈ શકાય છે. મંગલમાણિક્યે પોતાની આ અનુવાદિત કૃત્તિમા 'વાર્તારસ' જળવાઈ રહે છે. આરંભ-મધ્ય અને અંતે ત્રણેય સુંદર રીતે આયોજિત થયાં છે. પ્રારંભમાં કથા, પાત્ર, વાતાવરણનો પરિચય આવ્યા બાદ, મધ્યમાં સાત આજ્ઞાનું આલેખન કરીને 'વાર્તારસ'માં અદભૂતતા ઊભી કરી છે. જ્યારે અંતભાગે યોગ્ય નિર્વહણ કરતાં તેમણે યોગિનીનું મૃત્યુ દર્શાવ્યું છે. પોતાના ગુરૂ એવા યોગિનીનું મૃત્યુ થતાં અંબડ દીક્ષાગ્રહણ કરી અંગીકાર કરે છે. અંતમાં આ પ્રમાણેની આયોજના ઉપરાંત સુબસા નામની શ્રવિકાનો પરિચય પણ થાય છે. અંબડ સમ્યકત્વ પામે છે. અને અંતે તેને મોક્ષ મળે છે, એવું કરવામાં આવ્યું છે.

કવિએ આ સર્જનમાં કેટલીક પ્રયુક્તિઓનો સુંદર પ્રયોગ કર્યો છે. તેમાંની પ્રયુકિત એટલે આડકથાઓ, આડકથાઓને વચ્ચે-વચ્ચે ગૂંથી લઈ તેમણે 'કથાનિરૂપણ'ને વધુ રોચક બનાવી છે. જેમાં અઢળક લૌકિક દૃષ્ટાંતો જોવા મળે છે. આ દૃષ્ટાંતો, આડકથાઓને કારણે સમગ્ર કથા, કથાસંકલના માટે સાર્થક બને છે. સાહિત્યને જરૂરી એવી કથાસંકલના પ્રાપ્ત થાય છે. કવિ તરીકેની સભાનતાથી નહીં પણ કોઈ શિષ્ય, ભક્ત, અનુયાયીની શ્રદ્ધાથી તેમણે આ કૃતિની રચના કરી હોઈ તેમાં આધ્યાત્મકિતા ભારોભાર છલકે છે.

સંસાર ચિત્રોનું નિદર્શન કરતાં કવિએ જીવનબોધન ધ્યેય રાખ્યો છે, આ ઉપરાંત જીવનદર્શન નિમિત્તે ત્યાગ, સમર્પણ, સંયમ, શાંતિ, સહકાર, સત્ય વગેરેના ચિંતનને ઉજાગર કર્યું છે. કવિએ બીજાં તત્ત્વો તરીકે અનેક સુભાષિતોનો પ્રયોગ કર્યો જેમાં સંસ્કૃત શ્લોકો, પ્રાકૃતગાથા વગેરેનો સમાવેશ થાય છે.

કવિનું પાંડિત્ય કૃતિમાંથી ઉપસી આવે છે. કૃતિની ખાસ વિશેષતાની નોંદ કરવી હોય તો તેમાં શંભુરૂપનું વર્ણન ઘણી ઉત્કૃષ્ટતાથી નોંધવામાં આવ્યું છે. યોગિનીની વિસ્તૃત પ્રાર્થનાએ કૃતિનો આકર્ષક ભાગ છે. સરખામણી, એ આ કૃતિની કાવ્યશૈલીનું કેન્દ્ર બને છે. ભાષાપ્રભુતા એવી છે કે, કથા, આચિત્યપૂર્ણ રસાવાહિતા ધરાવે છે અને સરળતાથી કથાને ગ્રહણ કરી શકે છે.

પ્રત્યેક આદેશમાં મંગલાચરણ જોવા મળે છે, તે આ કૃત્તિની અન્ય વિશેષતા છે. જેમાં ત્રિદેવ-બ્રહ્મા/ વિષ્ણુ અને મહેશની સ્તુતિ કરવામાં આવે છે. આમ, આ કૃતિ બીજી રાસ કૃતિઓ કરતાં અનેક બાબતે અલગ છે. અને વિશેષતાઓ ધરાવે છે.

(સંદર્ભ પુસ્તકો (૧) ગુ. સા. કોશ-ભાગ-૧, ૨ અને ૩ ગુ.સા. પરિષદ) (૨) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ - પ્રસાદ બ્રહ્મભટ્ટ

***

# ભક્ત કવિહૃદયનો કલાત્મક દસ્તાવેજ : શ્રી નિત્યલાભ કૃત સ્તવનો

ડૉ. રમજાન હસણિયા

ગુજરાતી કાવ્યસાહિત્યને રળિયાત કરવામાં જૈન કવિઓનો ફાળો બહુ મોટો રહ્યો છે. મધ્યકાળમાં વિશેષ કરીને સર્જાયેલાં ભક્તિરસથી-ધર્મરસથી ભરપૂર સાહિત્યમાં અન્ય ધર્મ સંપ્રદાયની સમાંતરે જૈન કવિઓ દ્વારા રચાયેલ ભક્તિ સાહિત્ય પણ વિશેષ ધ્યાનાકર્ષક બની રહે છે. વિતરાગ પરમાત્માની ભક્તિનું સ્વરૂપ સ્વાભાવિક જ જુદું તરી આવે પરંતુ પડોશી પરંપરાઓની અસર પણ સ્પષ્ટ વર્તાઈ આવે છે. દાસ્યભક્તિ, પ્રેમલક્ષણાભક્તિના સ્તવનો જૈન પરંપરામાં પણ ખૂબ મળી આવે છે. સાથોસાથ શુદ્ધ જૈન દર્શનને આલેખતા અવધૂત આનંદઘનજી મહારાજ, દેવચંદ્રજી મહારાજ આદિના સ્તવનો આપણો અમૂલ્ય વારસો છે.

કવિતા એ ઊર્મિની અભિવ્યક્તિ છે. સાધકના હૃદયમાં સ્ફૂરતાં ભાવે કવિતાનું રૂપ લઈને જ્યારે આવે છે ત્યારે ઊર્મિઓનું એ શબ્દરૂપ શાશ્વત આકાર ધારણ કરે છે. ઉત્તમ સાધક કવિઓ દ્વારા રચાયેલા સ્તવનો એમની ભાવદશાનું જાણે કાયમી દસ્તાવેજ બની રહ્યાં છે. આપણને હાથવગાં આ સ્તવનોને જ્યારે સ્પર્શીએ ત્યારે સાધકની ભાવદશા અનુભવ્યાની અનુભૂતિ થાય છે. જૈન સાહિત્યમાં ધરબાયેલાં આવા અસંખ્ય ભાવમોતીઓમાંથી કવિશ્રી નિત્યલાભજીના કેટલાંક સ્તવનોની થોડી આસ્વાદમૂલક વાત કરવી છે.

નિત્યલાભજીના સમય અને જીવન વિશે વધુ માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી. તેમના કચ્છમાં વિચરણ કર્યાના પુરાવા તેમનાં સ્તવનોમાં જ મળે છે. મુન્દ્રા, અંજાર, ભૂજ, સુરત આદિ નગરોમાં એકાધિક ચાતુર્માસ કર્યાના ને પર્યુષણ નિમિત્તે સ્તવનો રચ્યાની વિગતો મળે છે. વિક્રમ સંવત ૧૭૭૬માં મુન્દ્રામાં રચાયેલા સ્તવનમાં તેઓ અચલગચ્છના હોવાનો અને તેમના ગુરુ સહજસુંદર હોવાનો ઉલ્લેખ મળે છે.

**અચલગચ્છને દેહરે રે, મુંદરા નગર મોજાર**
**મહિમાવંત મયા કરો રે, ભવદુ:ખ ભંજણહાર**
**સાનિધકારી છો સાહેબા રે, પ્રણમ્યા પાતક જાય**
**સહજસુંદર ગુરુ રાયનો રે, નિત્યલાભ પ્રભુ ગુણ ગાય...**

અન્યત્ર પણ સહજસુંદરનો ગુરુ તરીકેનો ઉલ્લેખ મળે છે. વિ. સ. ૧૭૭૬માં તત્કાલીન અચલગચ્છધિપતિ વિદ્યાસાગરપ્રતી નિશ્રામાં વદ તેરસ ને ગુરુવારના રોજ દેરાસરની પ્રતિષ્ઠા થઈ હોય ને તેમાં વાસુપૂજ્ય સ્વામીની સ્થાપના કરાઈ હોય ઉલ્લેખ મળે છે.

**પૂજતાં જિનવર ભાવશું રે, લહિયે શિવસુખ સાર**
**સત્તર છહોંતેર થાપના રે, વદિ તેરસ ગુરુવાર**
**અચલગચ્છપતિ જાણીયે રે, વિદ્યાસાગર સૂરીરાય**
**વાચક સહજ સુંદર તણો રે, નિત્યલાભ પ્રભુ ગુણ ગાય...**

જૈનસાધુ-કવિશ્રી નિત્યલાભજી પાસેથી ૩૪ ગુજરાતી અને એક કચ્છી સ્તવન પ્રાપ્ત થાય છે. તેમની વધુ રચનાઓ સંભવી શકે, પણ પ્રાપ્ત થઈ શકી નથી. શ્રી આર્યકલ્યાણ ગૌતમસ્મૃતિ ગ્રંથમાં કચ્છી ભાષામાં પણ જૂનામાં જૂના કવિ અચલગચ્છના તેમની કચ્છી રચનાના આધારે તેમને કચ્છના કાપડી સંત કવિ મેકરણ પૂર્વેના કવિ ગણાવવામાં આવ્યા છે. આ રીતે કચ્છમાં કાવ્યસર્જન જૈન મુનિવરો દ્વારા આરંભાયું હોવાનો દાવો કર્યો છે. જે કચ્છી સ્તવનના આધારે આવું નિયત કરાયું છે. તેમાં સ્તવન રચ્યાની સવંતનો નિર્દેશ નથી. પણ અન્ય ગુજરાતી સ્તવનોમાં વિક્રમ સંવત ૧૭૭૬તી માંડીને ૧૭૮૧, ૮૯, ૯૪ આદિના સંદર્ભો મળે છે. જ્યારે મેકરણનો સમય વિ. સ. ૧૭૨૦ થી ૧૭૮૬ મનાય છે. આ તથ્યના આધારે નિત્યલાભજીને મેકરણ પૂર્વે નહિ પણ મેકરણ પછીના કે તેમના સમકાલીન કવિ ગણી શકાય એ સમયે કચ્છ અને સિંધ જોડાયેલા હોવાથી થરપાકરમાં આવેલ પ્રસિદ્ધ ગોડીજી પાર્શ્વનાથ તીર્થના દર્શને મુનિજી ગટ હોય ને તે સમયે પ્રાદેશિક કચ્છી બોલીમાં રચના કરી

હોવાનો સંભવ છે. એ મુદ્દો ઈતિહાસ સંબંધી હોઈ એની ચર્ચા અહીં અસ્થાને છે, પણ આ તો એક શક્યતાનો ઉલ્લેખ માત્ર.

આ તો થઈ તેમના સ્તવનોના આધારે મળેલી માહિતીની વાત. આપણો ઉદ્દેશ્ય તેમના સ્તવનોનો આસ્વાદ માત્ર કરાવવામાં છે. નિત્યલાભજીના સ્તવનોમાં મોટે ભાગે સગુણભક્તિના પદો જોવા મળે છે. દાસ્યભક્તિ અને પ્રેમલક્ષણાભક્તિના સ્તવનો વિશેષ કરીને તેમણે રચ્યા છે. પ્રથમ જ ઋષભજિન સ્વામી સ્તવનમાં કવિનો જિનબિંબ પ્રત્યેનો પ્રેમ કંઈક આ રીતે પ્રગટ થયો છે:

**મૂરતિ રૂપ અનોપમ દેખી, ભગતે બાંધ્યા પ્રેમ રે,**
**આસંગા પ્રભુજી શું માંડ્યા, જલધર ચાતક જેમ રે...**

અહીં પ્રયોજાયેલ શબ્દ આસંગો નરસિંહે પણ પ્રયોજ્યો છે. 'આવડો શો આસંગો બાઈ! તારે શામળિયાની સાથે?' આ પ્રીત જગતપ્રીતિ કરતાં જુદી છે, પ્રભુ ગમે એટલે સાધકની યાત્રા આરંભાય. રાગ બાંધે છે જ્યારે પ્રભુ પ્રત્યેનો આ પ્રેમ મુક્ત કરાવશે એવી કવિને શ્રદ્ધા છે:

**'પ્રભુજીથી અલગા નવિ રહેશું, વંછિત માંગી લેશું રે,**
**જન્મ મરણ ભય દૂર નિવારી, શિવસુખ તાલી દેશું રે,**

'શિવસુખ તાલી દેશું રે'માં કવિની વિતરાગ પરમાત્મા અને તેમના માર્ગ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા અનુભવાય છે.

કવિને શાસ્ત્રીય રાગ-રાગિણી અને દેશી ઢાળાંનો સારો એવો અભ્યાસ હશે તેવું તેમના સ્તવનો પરથી જણાય છે. મોટાભાગના સ્તવન સુગેય છે. બીજા તીર્થંકર શ્રી અજિતનાથના સ્તવનનો દેશીઢાળમાં ઉપાડ જુઓ કેવો મજાનો છે!

**અજિત જિણેસર સેવિયે સહી મોરી રે**
**ગિરુઆ ગરીબ નિવાજ ગાઉં ગુણ ગોરી રે**
**ત્રુઠા સમકિત આપશે સહી મોરી રે**
**દેશે મુગતિનું રાજ ગાઉં ગુણ ગોરી રે**

અહીં પ્રયોજાયેલ ગરીબનિવાઝ શબ્દ ધ્યાન ખેંચે છે. 'ગરીબ નિવાઝ' ઈસ્લામની પરંપરા સાથે જોડાયેલો શબ્દ છે. ઉપર કૃપા કરનાર જે છે તે ખુદા કે કોઈ પીર-ઓલિયા માટે આ શબ્દ વપરાય છે. આ શબ્દ અહીં અરિહંત પરમાત્મા માટે પ્રયોજાયો એ સુચવે છે કે કવિને કોઈ ભાષા કે અન્ય પરંપરાના શબ્દોનો છોછ નથી.

ભગવાનના જીવનને આલેખતા સ્તવનો પણ તેમણે રચ્યા છે. અજિતનાથનું સ્તવન આ પ્રકારનું સ્તવન છે. ત્રીજા શ્રી સંભવનાથના સ્તવનમાં પ્રભુની પૂજા કરતી સ્ત્રીઓનું એક સરસ શબ્દચિત્ર ખડું થયું છે. ભગવાનની સામે પૂજા કરતા સમૂહમાં રાસ રમતી સ્ત્રીઓની વિગત અનાયાસ વણાઈ ગઈ છે. આ ભક્તિની ફલશ્રુતિરૂપે આશા તો એક જ વ્યક્ત થઈ છે ને તે છે મુક્તિપુરીમાં વાસ.

**'આલો આલો રે મુગતિનો વાસ, પ્રભુ કરુણા કરી;**
**ટાલો ટાલો રે ભવનો પાસ, વિનતિ ચિત્ત ધરી'**

આ સ્તવન સુરતમાં રચાયું હોય તેવી સંભાવના રહે છે, જે મુનિશ્રીના ગુજરાતના કચ્છ સિવાયના પ્રદેશમાં વિચરણ કર્યાની સાખ પૂરે છે.

**'સોહે સોહે રે સૂરત મઝાર, વિધિપક્ષ દેહરે,**
**મોહે મોહે રે બહુ નરનાર, દેખી નયણા ઠરે'**

નિત્યલાભનું એક બહુ જાણીતું સ્તવન છે. ખૂબ ગવાયું છે જે ગીતો કંઠય પરંપરામાં ગવાય છે તેમાં કાલાંતરે ઘણાં ફેરફાર પણ આવી જાય છે. આ સ્તવનનો જે પાઠ પ્રાપ્ત થયો છે તેમાં 'મોહન તારા મુખડાને મટકે...(૨) નોંધાયું છે, જ્યારે હવે તે પ્રચલિત થયું છે આવા કંઈક શબ્દે...

**'હાં રે હું તો મોહ્યો રે લાલ, જિન મુખડાને મટકે'**

બન્ને સ્તવનને સરખાવીએ તો ખ્યાલ આવશે કે મૂળ ભાવ એ જ છે પણ શબ્દો કેવા બદલાઈ ગયા છે! આ રચના એ બાબતના આડકતરી સાક્ષી પૂરે છે કે તેમનો સ્તવનો ખૂબ ગવાતા હશે.

ઉદાહરણ તરીકે...

મૂળ સ્તવન

**નયણ રસાલાં ને વયણ સુખાલાં, ચિતડું લીધું ચટકે**

**પ્રભુજી કેરી ભક્તિ કરતાં કર્મની કસ તટકે**

હાલ ગવાતું સ્તવન

**નયન રસીલાં ને વયણ સુખાળાં, ચિતડું લીધું હરિ ચટકે**
**પ્રભુજીની સાથે ભક્તિ કરંતા, કર્મ તણી કસ તટકે..**

પંક્તિમાં આવેલ ફેરફાર તરત નોંધી શકાય તેવો છે. જરૂર પડે 'હરિ' જેવો શબ્દ ઉમેરાઈ પણ ગયો છે. કંઠ્ય પરંપરામાં આવા કેટલાય ઉદાહરણ મળી શકે. એજ સ્તવનની આગળની પંક્તિ

**મુજ મન લોભી ભમર તણી પરે, નિજગુણ કમલે અટકે**
**રત્ન ચિંતામણી મૂકીને રાચે, કહો કોણ કાચ તણે કટકે...**

ઉપરોક્ત પંક્તિમાં વર્ણાનુપ્રાસ અલંકાર કેવી નજાકતથી વણાઈ ગયો છે. અહીં એક બીજી વિશેષતા પણ દેખાય કે સમગ્ર સ્તવનમાં કવિએ 'ટ જેવા વર્ણ પાસેથી કામ લીધું છે. ચટકે, તટકે, અટકે, કટકે, હટકે, પટકે, ભટકે, સટકે, લટકે - જેવા શબ્દોનો પ્રયોગ કવિની વિશેષ પ્રતિભાનો પરિચય કરાવે છે. શબ્દની સાથે રમત કરતાં કવિએ સાધેલું આ કવિકર્મ ભાવકના ચિત્તને પણ મોહી લે છે.

સંતકવિઓએ ધર્મની ગૂઢ વાતોને પોતાના પદોમાં સરળા રીતે વણી લીધી છે. ધર્મનું સરલીકરણ કરવાનું બહુ મોટું કામ કરનાર આ કવિઓની જેમ અભિનંદન જિન સ્તવનમાં તીર્થંકર બનેલા પ્રભુ સમવસરણ રચી જે ઉપદેશ આપે છે તેના હાર્દને કવિ નિત્યલાભજી સાદી-સરળ બાનીમાં કંઈક આ રીતે મૂકી આપે છે:

**ક્રોધ માન માયા તજો ગુણ રાજે છેહ, તમે વરજો વિકયા ચાય ઠકુરાઈ છાજે**
**નિંદા મ કરજો પારકી... ગુણ**
**વલી પરહરજો પરનાર.... ઠકુરાઈ**

અહીં પ્રથમ શું ન કરવું તેની શિક્ષા અપાઈ છે. વરજો શબ્દમાં મુંઝાઈ જવાય. વરજો એટલે વરણ કરવું નહિ પણ વર્જય ગણાજો એવો અર્થ લેવાનો છે. હવે શું કરવું તેની શીખ છે :

**શીલ ભલી પરે પાલજો... ગુણ..., વલી દેજો અઢળક દાન... ઠકુરાઈ**
**મુક્તિ તણાં સુખ પામશો... ગુણ તમે લેશો દેવવિમાન... ઠકુરાઈ**

આજ કવિને મુંઝવતો પ્રશ્ન છે કે જે બધા સાધકોનો પ્રશ્ન હોય છે, કે આ જન્મ-મરણના ફેરામાંથી મુક્ત ક્યારે થઈશું? કવિ પ્રભુ પાસે પોતાની મુંઝવણ રજુ કરી માર્ગની અપેક્ષા વ્યક્ત કરે છે :

**લાખ ચોરાશી જીવયોનીમાં રે, ભવ અટવી ગતિ ચાર**
**કાલ અનાદિ અનંત ભમતાં રે, કિમહિ ન આવે પાર**
**મારગ બતાવો રે સાહિબા માહરા રે, જિમ આવું તુમ પાય,**
**લાજ વધારો રે સેવક જાણીને રે, ઓ દરિશન જીનરાય**

નિત્યલાભજીના સ્તવનોમાં ભક્તિ, પ્રભુપ્રીતિની વાત વિશેષ આવે છે. તેમનાં અધ્યાત્મ અનુભવની વાત વિશેષ આવતી નથી. તેમછતાં એકાદ-બે સ્તવનોમાં આ અનુભૂતિ કંઈક આ રીતે શબ્દસ્થ થઈ છે :

**'પ્રભુ જ્ઞાન દશા પરગટ થઈ, મને મલિઓ પ્રભુનો સાથ**
**પ્રભુ સુખ સંપતિ આવી મલી, મને ત્રુઠા શ્રી જગનાથ**

આગળ નોંધ્યું તેમ નિત્યલાભજીના સ્તવનોમાં વિશેષ કરીને આવે છે પ્રભુપ્રેમનું ગાન. કવિને પ્રભુ કેટલાં વ્હલાં છે એની પ્રતીતિ કરાવવા કવિ કંઈક આવા ઉદાહરણ આપે છે :

**'સીતાને મન રામજી રે, રાધાને મન કાન**
**ભમરો માલતી ફુલડે રે, તિમ પ્રભુશું મુજ તાન...'**

કવિ પાસે ભગવાન સ્વયં સાક્ષાત નથી, પણ તેથી કાંઈ તે હાર માની બેસી જાય તેમ નથી. પ્રતિમાજીને સાક્ષાત પરમાત્મા સમજીને જ તેઓ વાત કરે છે ને અન્યને પણ મૂર્તિને મૂર્તિ ન ગણાતા જિનવર જ માનવાની શીખ આપતા કહે છે...

**'હાં રે જિન પ્રતિમા જિનવર સરખી દિલમાં જોય જો,**
**ભક્તિ કરતાં પ્રભુજી ખૂબ નિવાજશે રે જો...**

પ્રભુના દર્શન કવિ માટે પાપને હરનાર બની રહ્યા છે. પ્રભુના પાલવને વળગતાં જ પાતિક સઘળા અળગા થઈ ગયા છે. પ્રભુના માર્ગને પકડતા પાપ અનાયાસ જ છૂટી જવાની વાત કવિએ અહીં કરી છે.

'લોગવિરુદ્ધચાઓ'ની પ્રાર્થના જાણે કવિને ફળી છે. કવિ કહે છેઃ

**ભાગ્ય અમારૂં જાગીયું જી, પ્રભુને પાલવ વલગ્યા જી, મુખ દેખી પ્રભુજી તણું ને, પાતિક કોધાં અલગા...**

પ્રેમમાં મિલનનો આનંદ છે તો વિયોગની વેદના પણ છે. ભક્ત કવિને પ્રભુદર્શનની એટલે બધી તીવ્ર તૃષા છે કે જો પાંખ હોય તો પાસે ઊડીને જતા રહે. કવિ કહે છે :

**શાંતિજીનું મુખડું જોવા ભણી જી, મુજ મનડું રે લોભાય,**
**ચિત્તડું જાણે રે ઊડી મલું જી, પણ પ્રભુ કિમ રે મલાય...**
**દેવ ન દીધી મુજને પાંખડી જી, આવું હું કિમ રે હુજુર,**
**પણ પ્રભુ જાણજો વંદના જી, આતમ રામ સનૂર...**

'સાહિબ સાંભળો રે સંભવ અરજ અમારી' એ સ્તવનના રાગમાં એ જ ભાવનું સ્તવન શ્રી નિત્યલાભજી પાસેથી મળે છેઃ

**કુંથુ જિનની હો, સેવા માગું મારા લાલ**
**વિનય કરીને હોય, પાય લાગું મારા લાલ**

કવિ ભવોભવ પ્રભુની સેવા કરવાની અભિલાષા સેવે છે ને કર્મના મેલને દૂર કરવા વિનવણી કરે છે પણ આ બધું અંતર્યામીને કહેવું પડે? કવિ કહે છેઃ

**તુજને શું કહું હો તું છો જ્ઞાનની ખાણ મારા લાલ**
**ભવોભવ મળજો હો અહનિશ તારી આણ મારા લાલ**
**સુરરાજી કુલ ચંદલો હો શ્રી દેવીનો નંદ મારા લાલ**
**પ્રભુજી કાપજો હો કર્મના કંદ મારા લાલ**

તેમના નામે મુકેલી બે કચ્છી રચનાઓમાંથી એક તો મુનિ જયહર્ષજીની હોવાની વધારે સંભાવના છે. સ્તવનની અંતિમ પંક્તિઓ તેની સાક્ષી પૂરે છે.

'જેડાં વિહઝા તેડા ઈનકે ભજિયાં, જગમેં વડો પીર
જે હર્ષ જો સાંમી મલ્યો, ખીલ્લી હુઆ ખીર'
**અમા આંઉ નેહડો કંધી, ગોડીયે પેર વેંધી**

આ સિવાયની 'સુઘડ પાસ પ્રભુ રે' રચના તેમની છે. આ રચના આગળ નોંધ્યું છે તેમ થરપાકરના રણમાં આવેલ ગોડીજી પાર્શ્વનાથની યાત્રાએ ગયેલા કવિશ્રી રચ્યું હોય તેવી શક્યતા રહે છે. કવિ દૂરથી પ્રભુના દર્શને ગયેલા હોવાનો ઉલ્લેખ સ્તવનમા પણ કરે છેઃ

**અઘાં થકી અસી આવીયાં આવીયાં આવીયાં રે**
**સફલ જનમ થેયો અજ્જ...**

આગળની એક પંક્તિ જુદી રીતે નોંધપાત્ર છે.

**જગમેં દેવ દડા જજા દઠા જજા દઠા જજા રે**
**તેમેં તું વડો પીર...**

અહીં પ્રયોજાયેલો 'પીર' શબ્દ સિંઘની પરંપરામાંથી કવિએ લીધો હોય એવું પણ બને, મૂળ વાત કવિની ઉદારદૃષ્ટિની છે સ્તવનના અંતે કવિ કહે છે,

થરજો ઠાકુર મેં ભેટ્યો ભેટ્યો ભેટ્યો રે
નિત્યલાભ જો આધાર

થરપાકરના ઠાકુર ગોડીજી પાશ્વનાથના દર્શનની ક્ષણોને વધાવતા કવિનો હર્ષનાદ અહીં પ્રગટ્યો છે.

કવિશ્રી નિત્યલાભજીના સ્તવનો આવી વિધવિધ ભાવો પૂર્ણ ભક્તિનો રસથાળ છે. એમની પદાવલી તદ્દન સરળ અને સુગેય છે. આ રચનાઓ જે મૂળ દેશી ઢાળોમાં રચાઈ છે તેમાંની કેટલી ઢાળો આજે જીવંત છે, તે પ્રશ્ન છે, પરંતુ એના શબ્દોમાં સંગ્રહિત થયેલ ભાવો આજે પણ એટલા જ તાજા લાગે છે. મુનિશ્રીની રચનાઓમાં મીરાંની જેમ એહક પ્રકારની વાતોનું પુનરાવર્તન જોવા મળે છે, તેમ છતાં આ પ્રકાર પુનરુક્તિ ખટકતી નથી. તેમની રચનાઓમાં ભક્તિનો ઉલ્લાસ શબ્દેશબ્દે અનુભવાય છે. ઓછી છતાં ભાવસભર સ્તવન રચનાઓમાંથી પસાર થતાં કવિશ્રી નિત્યલાભજી આંતરપટને ઉઘાડ ભાવક અનુભવે છે. પ્રભુપ્રતિથી સભર એવા નિત્યલાભજીના આ સ્તવનો તેમની આંતરચેતનાનો કલાત્મક દસ્તાવેજ બની રહે છે.

***

સંપર્ક મો. ૭૫૬૭૦૬૪૯૯૩

# જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો: સાંપ્રત સમસ્યાનો ઉકેલ

ડૉ. પુલિન વસા

**સમસ્યા**

કોરોના કાળના દોઢ વર્ષના સમય ગાળામાં એક બાબત સ્પષ્ટ થઈ છે અને તે છે માનવજાત સંપૂર્ણ ખોટા, ભ્રામક રસ્તે દોડી રહી છે, જે રસ્તો તેના વિનાશ તરફ દોરી જાય છે. જે લોકો જોઈ શકતા હતા, પારખી શકતા હતા તેઓએ તો વર્ષોથી માનવની આ અયોગ્ય ચેષ્ટા પ્રત્યે ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યા કરતા હતા પણ તેમની વાત સાંભળવા કોઈ તૈયાર નહોતું. દુ:ખની વાત તો એ છે કે, આટલી હદે હેરાન થયા પછી પણ વિશ્વના મોટાભાગના લોકોની આંખો હજી ખુલી નથી. તેમ છતાં પણ એવો એક ચોક્કસ વર્ગ છે કે જે આ ગાંડીદોડને રોકવા આ વિનાશ માર્ગેથી માનવ જાતને પાછી વાળવાના ઉપાયો શોધી રહ્યો છે.

મારી દૃષ્ટિએ આ ઉપાય જૈન ધર્મના પાયાના સિદ્ધાંતોમાં સમાવિષ્ટ છે, આ સિદ્ધાંતો સમગ્ર માનવ જાતને ઉપયોગી છે. વળી આ વિચારધારા સર્વકાલીન છે અર્થાત જેટલી તે સમયે લાગુ પડતી હતી તેટલી જ આજે પણ લાગુ પડે છે. તેનો અમલ કરવા માટે જૈન થવું કે જૈન ધર્મનો અંગીકાર કરવો જરૂરી નથી. ''જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો અને તેનો અમલ કઈ રીતે આજની ગંભીર સમસ્યાને ઉકેલી શકે તે તરફનો માત્ર એક અંગુલિનિર્દેશ કરવો.''

સફળતાની ખોટી પરિભાષા, કોઈ પણ રીતે અલ્પ સમયમાં ઘણાબધા પૈસા કમાવા માટેનું ગાંડપણ, અસંખ્ય બિનજરૂરી વસ્તુઓ ખરીદવાની ટેવ અને તેમ નહીં થઈ શકે તો અનુભવાતું પારાવાર દુ:ખ, ભયજનક અહમનો ભાવ, પારાવાહ હિંસા, માનસિક અને શારીરિક, પોતે જ સાચા છે અને બાકી બધા ખોટા છે તેવી ભાવના, જે મારી જેમ નથી વિચારતો તે જીવવાને પાત્ર નથી એ પ્રકારની મનોવૃત્તિ આજની સમસ્યાનું મૂળ છે. આને કારણે અયોગ્ય પ્રતિસ્પર્ધાનો ભાવ, હાનિકારક શહેરીકરણ અને સતત અસંતોષની લાગણી પેદા થાય છે. એક નાણાકીય અને સામાજિક અસમાનતા એ અસંતુલન પેદા થાય છે. એક તરફ અંકલ સ્ક્રૂજના કાર્ટૂનમાં આવતું ''મારી પાસે એક અબજ ડોલરમાં એક ડોલર ઓછો છે અને તેથી હું બહુ દુ:ખી છું'' એ પ્રકારના લોકો છે જ્યારે બીજી તરફ બે ટંકનું ભોજન નહિ મળતું હોય એવા લોકો છે, એક તરફ કબાટ ભરી વસ્ત્રો હોવા છતાં દરેક સેલમાંથી ખરીદી કરતા, તો એક તરફ નિર્વસ્ત્ર લોકો છે. સમાજની પ્રગતિ, અર્થવ્યવસ્થાની પ્રગતિ અરે, માણસના સુખનો હિસાબ શેરબજારનો સેન્સેક્સ નક્કી કરે છે. આ આંધળી દોડ પર્યાવરણને, ધરતીને અને લોકોના સ્વાસ્થ્યને પારાવાર હાનિ પહોંચાડે છે. પોતાની રાજકીય કે ધાર્મિક કે વૈચારિક માન્યતામાં નહીં માનનારા અસંખ્ય લોકોને દુ:ખી કરવામાં કે મારી નાખવામાં કોઈને કોઈ વાંધો નથી આવતો. એક ભયાવહ સત્તાની ભૂખ, પોતાને અને બીજા અસંખ્ય લોકોને સુખેથી જીવવા નથી દેતી. આ કરુણ પરિસ્થિતિ સમગ્ર વિશ્વમાં જોવા મળે છે.

**જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો**

૧ અપરિગ્રહ (પોતાની જરૂરિયાત પૂરતી વસ્તુઓ રાખવી, ભેગી કરવી વગેરે)

૨ અહિંસા (માનસિક કે શારીરિક હિંસા નહીં કરવી)

૩ સમ્યક્ દૃષ્ટિભાવ (વસ્તુ કે પરિસ્થિતિને તેના મૂલસ્વરૂપમાં અને સત્યતાથી જોવી, નહીં કે આપણી સગવડ કે ઈચ્છા અનુસાર)

૪ અચૌર્ય (ચોરી નહીં કરવી)

૫ અસત્ય નહીં બોલવું

૬ સ્યાદવાદ અથવા અનેકાંતવાદ (જીવનની તમામ વસ્તુઓને અલગ અલગ રીતે જોઈ શકાય છે તેની અલગ

અલગ પરિસ્થિતિ હોઈ શકે છે તેથી તેનું અનુમાન કોઈ પણ વ્યક્તિ અલગ રીતે કરી શકે છે તેથી આ વિચારધારામાં, હું સાચો હોઈ શકું, એ સાચા હોઈ શકો આપણે બંને સાચા હોઈ શકીએ અને બંને ખોટા હોઈ શકીએ)

સમ્યક દૃષ્ટિભાવ અને સ્યાદવાદ અથવા અનેકાંતવાદ સિદ્ધાંતોનું અર્થઘટન ઘણી રીતે થઈ શકે છે પરંતુ મારા માનવા મુજબ આ સહુથી સરળ, સમજી શકાય તેવું અને લોકોપયોગી અર્થઘટન છે.

**અપરિગ્રહ એ સમ્યક દૃષ્ટિભાવ**

અપરિગ્રહ એ મૂળભૂત અને પાયાનો સિદ્ધાંત છે જે મુજબ પોતાની જરૂરિયાત જેટલું રાખવું કે ભેગું કરવું કે કમાવવાનો પ્રયત્ન કરવો. મારી દૃષ્ટિએ તો અપરિગ્રહ એક માનસિક પરિસ્થિતિ છે જે નાનપણથી કેળવવી જોઈએ. અપરિગ્રહનો અભિગમ માત્ર નાણાકીય કે જીવનની જરૂરિયાત પૂરતો જ સીમિત નથી તે જીવનના દરેક ક્ષેત્ર ને લાગુ પડે છે. જે અપરિગ્રહી છે તેને નહીં હોય નાણાંની, સત્તાની, જાતીયતાની કે વિકૃત ખોરાકની ભૂખ. ખરેખર જોઈએ તો દરેક વ્યક્તિની સાચી જરૂરિયાતો ઓછી હોય છે. માનસિક રીતે ઉદ્ભવેલી, જાહેરાતોથી કે દેખાદેખીથી પેદા થયેલી અમાપ જરૂરિયાત અસંતોષ વધુને વધુ કમાવવાની ચેષ્ટા અને એક શાશ્વત દોડ્યા કરવાની ટેવ પેદા કરે છે. ખુબ કમાવવા માટે ચોરી કરવી પડે કે ખોટું કામ કરવું પડે કે ખોટું બોલવું પડે એ આ બધું કર્યા પછી, ઘણાં પૈસા કમાયા પછી શું? એનો જવાબ કોઈ પાસે નથી, એનો જવાબ જાણવા અને સમજવા સમ્યકદૃષ્ટિ, હકીકત ને હકીકત સ્વરૂપે જોવાની દૃષ્ટિ કેળવવી જરૂરી છે. આવી દૃષ્ટિ કેળવાય પછી અતિ સામાન્ય રીતે બોલતા વાક્યો અર્થહીન થઈ જાય છે. ''બધા કરે છે એટલે હું કરું છું'' પણ મને આ કરવાની ખરેખર જરૂર છે? આટલું દોડવું, ખોટું કરવું મારા અને મારા કુટુંબ માટે જરૂરી છે? બધા પાસે મોટર છે પણ મને એની જરૂર છે? ફોન જરૂરી છે પણ એ એંશી હજાર રૂપિયાનો હોવો જરૂરી છે? કે માત્ર બીજા પાસે છે એટલે મારી પાસે હોવું જ જોઈએ? ફલાણા ભાઈનું નામ સહુથી પૈસાદારની યાદીમાં આવ્યું તો મારુ કેમ પાછળ રહી જાય.

સત્તાની ભૂખ પણ આ પરિગ્રહના પાયા પર રચાય છે. જે વ્યક્તિ સમ્યક રીતે જુવે છે, જે માનસિક રીતે અપરિગ્રહી છે તે ઘણા જ આનંદથી, સંતોષથી જીવે છે, તંદુરસ્ત રહે છે. માનસિક સંતાપ, અસંતોષ મોટા ભાગની બીમારીનું મૂળ છે. સમ્યક્ દૃષ્ટિભાવ કેળવવાથી માણસ શરીરની જરૂરિયાત અને મન દ્વારા પેદા કરાયેલી જરૂરિયાત વચ્ચેનો ભેદ સમજી શકે છે. સમ્યક્ દૃષ્ટિભાવ કેળવવાથી વ્યક્તિ ઈચ્છાના મૂળ સુધી પોતાની માનસિકતા, દુઃખના, દ્વેષ ભય વગેરે વિકારોના મૂળ સુધી પહોંચી શકે છે. મન દ્વારા પેદા થયેલી જરૂરિયાતોનો કોઈ અંત નથી હોતો. સહુથી મહત્વનો ફાયદો તો એ છે કે અર્થહીન દોડમાંથી મુક્ત થયા પછી માણસ પાસે પોતાના કલ્યાણમાર્ગને સમજવાનો સમય હશે, કસરત કરવાનો, તંદુરસ્ત રહેવાનો સમય હશે, પોતાના કુટુંબ માટે, બાળકો માટે અને તેમને સારા સંસ્કાર આપવા માટે પૂરતો સમય હશે. શહેરીકરણની જરૂરિયાત ઘટી જશે. શહેરીકરણ ઘટવાથી વસ્તીની અસમતોલતા ઘટી જશે, શહેરીકરણની ગંદકી, પ્રદૂષણ રોગચાળાનો ફેલાવો અટકી જશે. અસંતોષ અને અસમતોલ નાણાકીય પરિસ્થિતિ ગુનાખોરીનું મૂળ છે, અપરિગ્રહ તથા સમ્યક દૃષ્ટિભાવની કેળવણીથી ગુનાખોરીનું પ્રમાણ ઘટી જશે. વિકાસ અને ખાસ કરીને ઔદ્યોગિક વિકાસના પ્રચારકોએ એક ભ્રમ પેદા કર્યો છે કે ઉપભોક્તાવાદ, અર્થાત ખરીદીનું પ્રમાણ વિકાસનો માપદન્ડ છે. હજારો વર્ષથી ઉપભોક્તાવાદ વિના પણ માનવપ્રજા જીવતી આવી છે પરંતુ છેલ્લી થોડી સદીઓથી પેદા કરવામાં આવેલા ખોટા ભ્રમને કારણે આજની કરૂણ પરિસ્થિતિ સર્જાઈ છે.

**અચૌર્ય એ અસત્યનો ત્યાગ**

અસત્ય બોલવું, અસત્યનું આચરણ કરવું માત્ર સામાજિક દુષણ નથી, તે માણસને ભીરુ બનાવે છે કાંતો તેની

ભીરુતાનું પરિણામ છે. અસત્યનો ત્યાગ માણસને હિંમતવાન બનાવે છે. એજ રીતે ચોરી કરવી પણ ભીરુતાની, પરિગ્રહની અને હરામનું ખાવાની વૃત્તિનું પરિણામ છે. આપણે જોઈ ગયા તેમ જીવન પ્રત્યેની સમજ, અપરિગ્રહ અસત્યનો ત્યાગ દેખીતી રીતે વ્યક્તિને ચોરી કરતા રોકશે.

**અહિંસા અને સ્યાદવાદ**

હવે આપણે અહિંસા અને સ્યાદવાસના સિદ્ધાંત વિષે વાત કરીએ. અહિંસા માત્ર માંસાહાર નહીં કરવા પૂરતી કે જીવ હિંસા નહિ કરવા પૂરતી સીમિત નથી. તે બહુ-આયામી કરુણાનું સ્વરૂપ છે માનસિક કે શારીરિક રીતે કોઈને ઈજા નહીં પહોંચાડવી, કોઈને હેરાન નહી કરવા ત્રાસ નહી આપવો એ અહિંસાનો એક ભાગ માત્ર છે. સમગ્ર સૃષ્ટિ પ્રત્યેની લાગણી તેને નુકસાન કરતુ રોકશે. આજે અંગત સ્વાર્થ માટે લોકો જીવ સૃષ્ટિને પારાવાર નુકસાન પહોંચાડી રહ્યા છે. માત્ર જીવસૃષ્ટિને જ નહીં સમગ્ર પૃથ્વી નુકસાન પહોંચાડી રહ્યા છે તે સમયે સમગ્ર જીવ સૃષ્ટિ પ્રત્યેની કુરણા માનવને અહિંસક બનાવે છે, અને તેથી જ તેનું મહત્વ સમજવું અત્યંત જરૂરી છે. જીવ હિંસા ન કરવી, વૃક્ષ ન કાપવા એટલું જ નહીં, અરે બિનજરૂરી પાણીનો વ્યય ન કરવો એ પણ અહિંસાનો ભાગ છે. આ બધાથી પર્યાવરણની રક્ષા થાય છે. અહમ, પોતાના સિવાય કોઈ સાચું નથી, સારું નથી, લાયક નથીનો ભાવ, સત્તા એ ધનની લાલસા કે પરિગ્રહ, પોતાના પ્રત્યેનો અને બીજાઓ પ્રત્યેનો અયોગ્ય દૃષ્ટિકોણ, માણસની માણસ પ્રત્યેની સૂગ અને કરુણાનો અભાવ માણસને હિંસક બનાવે છે. છેલ્લા હજારો વર્ષોથી માણસ વધુ ને વધુ હિંસક બનતો જાય તેની હિંસા કરવાની તાકાત વ્યક્તિગત શક્તિમાંથી વિકસી સામૂહિક વિનાશ કરવા સુધી વિકાસ પામી છે. જગતના મહાન વિદ્વાનો માનવ કલ્યાણની જગ્યાએ માનવ વિનાશની શોધ કરવામાં પ્રવૃત છે. જો વૈશ્વિક સ્તરે અહિંસાનો સિદ્ધાંત આપણે લોકોના મનમાં ઉતારી શકીએ, હિંસાથી એ તેનાથી વધુ હિંસક વૃત્તિથી થતા નુકસાન બાબત જાગૃતિ લાવી શકીએ તો માનવ જાત પારાવર દુઃખમાંથી મુક્ત થી શકે અને જે અબજો રૂપિયા કે ડોલરનો વ્યય સામૂહિક હિંસા કરવાની શોધખોળ અને સાધનો વિકસાવવા માટે થાય છે તેના બદલે માનવ કલ્યાણ માટે થઈ શકે.

સ્યાદવાદ માણસને અહિંસક બનાવવા અત્યંત મદદરૂપ થાય છે. હું જ સાચો, હુંજ મહાન અને મારી રાજકીય કે બીજી માન્યતામાં નહીં માનનારા, મારા ધર્મમાં નહીં માનનારા જીવવાને લાયક નથી એ વૃત્તિ માણસને હિંસક બનાવે છે. સ્યાદવાદ અહમનો નાશ કરે છે. એ દરેક વ્યક્તિને, પોતાને અને બીજાઓને પોત પોતાની રીતે જીવવાનો, વિચારવાનો અધિકાર આપે છે. ભગવાન મહાવીર કહે છે કે તમે માંસાહાર ન કરો તે યોગ્ય છે પણ માંસાહાર કરનારનો દ્વેષ કરો તે યોગ્ય નથી. એમ કરવું એ માનસિક હિંસા છે. સેંકડો વર્ષોથી પોતાની ધાર્મિક કે રાજકીય માન્યતામાં નહીં માનનારા કરોડો લોકોની બેરહેમીથી હત્યા કરવામાં આવી છે અને હજી પણ તે પ્રવૃત્તિ ચાલુ જ છે. આ દુનિયાને વિનાશમાંથી બચાવવા માટે માનવજાત પાસે અહિંસાના સિદ્ધાંતને તેની સમગ્રતામાં અપનાવવા અને દરેકને પોત પોતાની રીતે, પોત પોતાની માન્યતા અને રીતરસમો પ્રમાણે જીવવા દેવાના અધિકારનો સ્વીકાર કર્યા સિવાય કોઈ માર્ગ નથી. જો જૈન ધર્મના આટલા સિદ્ધાંતો, કે જે, દુનિયાના તમામ દેશના, જાતના, વર્ગના અને ધર્મના લોકોને એકસરખા લાગુ પડે છે, તેમનો સાચી નિષ્ઠાથી સાર્વત્રિક ઉપયોગ કરવામાં આવે તો આપણી દુનિયા અને સમગ્ર માનવ જાત, ઘણી વધુ સ્વસ્થ, સુખી અને તુદુંરસ્ત રહેશે.

શાળાઓમાં ભણાવાતા અસંખ્ય અર્થહીન અને કેટલાક અર્થપૂર્ણ વિષયો ઉપરાંત આ પાયાનું જ્ઞાન જો બાળપણથી આપવામાં આવે તો આ બાળકો મોટા થશે ત્યારે માનસિક રીતે વધુ પ્રામાણિક, ઋજુ, અપરિગ્રહી, સત્ય વક્તા, અહિંસક અને સહિષ્ણુ નાગરિકો બનશે તેવી મને ખાત્રી છે.

***

# ગુફાઓ અને મંદીરોની જૈન પરંપરા: એક વિસ્તૃત વિશ્લેષણ – ૬

ડૉ. રેણુકા પોરવાલ

**પરિચય**

ગત અંકમાં આપણે બદામી, ઐહોલે, પટટડકલ, વગેરે કર્ણાટકની અદ્ભૂત ગુફાઓ અને મંદીરો વિશે જોયું. હવે આ અંકમાં સિતાનાવત્સલ, તિરુમલાઈ, તિરુપતિકુંદરમ, જિનકાંચિ વગેરે પહાડોની ગુફાઓમાં તરાશેલ પ્રતિમાઓ, પેઈન્ટિંગ તથા જૈન સાધુઓના નિવાસસ્થાન તરીકે વપરાશમાં લેવાયેલ પત્થરો પરની શૈયાઓ ક્યાં ક્યાં જોવા મળે છે તે વિશે વિસ્તારથી જોઈએ.

દક્ષિણ ભારતના રાજ્યોમાં આવેલા દુર્ગમ પહાડોની ગુફાઓમાં એક સમયે જૈન સાધુઓ રહેતા હતા. સાધુઓના આરામ માટેની શૈયાઓ ચકચકિત ઓશીકા સહિતની છે. તે એવા પ્રકાર તૈયાર કરવામાં આવતા કે એમાં પહાડનું પાણી ગુફાની

A Painting from Siddhanavasan cave

ઉપર રાખેલ નીકમાંથી જ વહી જાય જેથી શૈયાઓ વરસાદમાં ભીંજાય નહી. આવી ગુફાઓમાં પ્રતિમાઓ પણ સ્થાપિત થયેલ જોવાય છે. દક્ષિણના પ્રદેશોમા આવેલા તિરુમલાઈ, જિનકાંચી, થિરુકદમ્બૂર, એનારીમલાઈ, સીતાનાવત્સલ વગેરે મુખ્ય શહેરોના નજીકની પહાડોની ગુફાઓમાં શૈયાઓ, પ્રતિમાઓ અને પેઈન્ટિંગ જોવા મળે છે. શૈયાઓની સંખ્યા લગભગ પચ્ચાસ જેટલી છે.

**તામિલનાડુ:**

તામિલનાડૂના જિલ્લાઓ મદરાઈ, તિરુનેલવેલી, પુદુકોટટઈસ વેલોર અને વિલ્લુપુરમ, વગેરે જિલ્લાઓની ગુફાઓમા બ્રાહ્મી લિપીમાં લખાયેલ તામિલ ભાષાના ૮૫ શિલાલેખો છે પરંતુ એમાં ઐતિહાસિક બાબતોના ઉલ્લેખો નહિવત્ જોવા મળે છે. ડૉ. સાગરમલજી આ બાબતે વધુ પ્રકાશ પાડતા જણાવે છે કે - 'પૂર્વે કે બ્રાહ્મી લિપિ કે અનેક ગુફા અભિલેખ તમિલનાડૂ મેં પાયે જાતે હૈ કિંતુ વે શ્રમણોં યા નિર્માતા કે નામ કે અતિરિક્ત કોઈ જાનકારી નહીં દેતે. તમિલનાડૂ મેં અભિલેખ યુક્ત જો ગુફાયેં હૈ વે સંભવત નિર્ગ્રંથ કે સમાધિમરણ ગ્રહણ કરને કે સ્થલ રહે હોંગે. સંગમ યુગ કે તમિલ સાહિત્ય સે ઈતના તો અવશ્ય હી જ્ઞાત હોતા હૈ કી જૈન શ્રમણોને ભી તમિલ ભાષા કે વિકાસ ઔર સમૃદ્ધિ મેં અપના યોગદાન દિયા થાય.'

આ ઉલ્લેખ થકી એટલું તો ચોક્કસ કહી શકાય કે જૈન

A Painting from
Tirumalai, Arihantgiri

સાધુઓ અહી વિચરતા હતા તથા તેમનું તામિલ સાહિત્ય ક્ષેત્રે વિશાળ પ્રદાન રહ્યું. તામિલ રાજ્યમાં જૈન સાહિત્યની પણ ઘણી રચનાઓ થઈ છે, જેવી કે - તિરુવલ્લુવરનું કુરલ, નાલદિયાર, કુંડલકેશી, પંપા રાજકવિનું મહાભારત, ગોમ્મટસાર, જીવક ચિંતામણી, ગણિતસાર સંગ્રહ, વગેરે.

જૈન શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ રાજા સંપ્રતિ મૌર્ય જૈન ધર્મનો પ્રસાર કરવા સાધુઓને દૂરદૂરના પ્રદેશોમાં મોકલ્યા હતા. પોતાના સ્વધર્મી સાધુઓને અન્ય કોઈ પ્રજાજનો રંજાડ નહિ તેની ખાતરી કરવા માટે તેમણે પહેલા લશ્કરના સિપાહીઓને સાધુનો વેશ પહેરાવી અલગઅલગ રાજ્યો અને દેશોમાં મોકલ્યા. જ્યારે ત્યાંથી પાછા આવીને તેમણે

રાજાને દક્ષિણમાં સાધુઓ સલામત રીતે વિહાર કરી શકે એવું સૂચન કર્યું પછી જ સંપ્રતિરાજાએ સાચા સાધુઓને જૈનધર્મના પ્રચાર માટે સર્વત્ર મોકલ્યા. આજે દક્ષિણ ભારત અને શ્રીલંકામાં જૈન પુરાતાત્વિક અવશેષો પ્રચુર માત્રામાં ઉપલબ્ધ થાય છે તેનું એક કારણ આ પણ હોય શકે. દક્ષિણના રાજવંશો ચોલ વંશ, પલ્લવ વંશ અને પાંડ્ય વંશના રાજાઓ જૈન ધર્મી હતા અને સાધુ સંન્યાસીઓને ખૂબ માન આપતા.

**મદુરાઈઃ**

મદુરાઈની નજીક કલીન્જીમલાઈ, મેંનગુલમ, અલગરમલાઈ, કિલાવલાવુ, વગેરે સ્થળોએ પહાડી પર હારબંધ શૈયાઓ છે જેની સંખ્યા ચારથી લઈ પચ્ચીસ સુધીની છે. મલાઈ અર્થાત પહાડ કે ડુંગર. અલગરમલાઈની ગુફાઓ મદરાઈથી વીસ કીલોમીટર દૂર છે. અહીથી ગુફાનો રસ્તો સાંકડો અને ખાડા-ટેકરાવાળો છે પરંતુ પ્રાપ્ત થયેલ પ્રથમ સદી પૂર્વેના તેર શીલાલેખોમાં જણાવ્યા મુજબ આ સ્થળે ઘણા મહાત્માઓએ સંલેખના લીધી હતી માટે એનું મહત્વ વધુ છે. દક્ષિણ મથુરાના નામે જાણીતું મદુરાઈ જૈનોનું મોટું સ્થળ કહેવાતું, તેથી આસપાસના ઘણા પહાડો પર જૈન સાધુઓ મોટા પ્રમાણમાં રહેતા હતા એમ શૈયાઓ, પ્રાચીન લેખો, પ્રતિમાઓ વગેરેથી અનુમાન કરી શકાય. કાંચીપુરમ નગરના બે ભાગ હતા એક જિનકાંચી અને બીજું બૌદ્ધ કાંચી. જિનકાંચીમાં ઘણી ગુફાઓ છે. તે નગર પલ્લવ રાજાઓની રાજધાની હતી.

તિરુમલાઈની ગુફામાં એક ખૂબ વિશાળ નેમિનાથજીની પ્રતિમા છે. શ્રવણબેલગોલામાં બે પહાડી છે - વિંધ્યગિરિ અને ચંદગિરિ. વિંધ્યગિરિ પર વિશ્વવિખ્યાત બાહુબલીની પ્રતિમા એકજ પત્થરમાંથી કંડારેલ છે જ્યારે ચંદગિરી પરની ગુફામાં એક પગલાજી છે જ દીગંબર માન્યતા મુજબ ભદ્રબાહુસ્વામીના છે તથા ચંદ્રગુપ્ત મૌર્યા અહીં અનશન સ્વીકારી સંલેખના વ્રત લીધું હતું, એવું તેમનું માનવું છે.

**સીતાનાવત્સલઃ**

સીતાનાવત્સલ, જેનું મૂળ નામ સિદ્ધાનાવાસ છે એનો અર્થ સિદ્ધોનું નિવાસસ્થાન ગણાય કારણકે અહી ઘણા સાધુઓએ અનશન લીધું હતું. આ શહેર એના પેઈન્ટિંગો માટે વિશ્વવિખ્યાત છે. એની ગુફાઓના ચિત્રો અજંતાની ચિત્રકારી કરતાં વધુ પ્રાચીન છે. કમળો અને વિવિધ પુષ્પોથી શોભતાં નયનરમ્ય ભીતચત્રો અને સાધુઓ માટેની શૈયાઓ દર્શકોના મન મોહી લે છે. પ્રથમ સદીની શૈયાઓ ઉપરાંત ઘણા પ્રાચીન ચિત્ર અહી જોવા મળે છે. સાતમીથી નવમી સદી સુધી આ સ્થળ જૈનો માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું. અહીં તીર્થંકરોની પ્રતિમાઓ હારબંધ કોરેલી છે. પલ્લવવંશના રાજા મહેન્દ્રવર્માએ અહીં સુંદર ચિત્રકારી કરાવી હતી પરંતુ પાછળથી એણે શૈવ ધર્મ સ્વીકાર્યો હતો.

**સિંહલધ્વિપઃ**

મગધથી નીકળેલ જૈનસંઘ તામિલનાડૂથી શ્રીલંકામાં ઈ.સ.ની પ્રથમ સદી પહેલાં જ પહોંચી ગયો હતો જે મહાવંશના હસ્તપ્રતોના ઉલ્લેખોથી જાણવા મળે છે. તે મુજબ પાડૂંકાભય નામના રાજાએ નિગંઠ પરંપરાના સંન્યાસીઓ - નિગંઠ જાતિય, નિગંઠગિરી અને નિગંઠકુંભદા ને રહેવા માટે અનુરાધાપુરમાં સ્થાન આપ્યાનો શિલાલેખ છે. ત્યાં સ્થિત વેસ્સાગિરિ નગરનું નામ ત્યાં રહેતા પાંચસો વૈશ્યોને કારણ પડ્યું હોવાનું કહેવાય છે. આ સ્થળે પર્વતપર ચૌદ રાજલોકનું અંકન જોવા જેવું છે. ઉપરાંત શ્રીલંકાના બ્રાહ્મી શિલાલેખો ત્રીજી સદી પૂર્વેથી લઈ સાતમી સદી સુધીના મળે છે જે જૈન સંપ્રદાયના હોવા સંભવ છે. ત્યાના પુરાતાત્વિકોની માન્યતા મુજબ સીલોનના પ્રાચીન સ્તૂપો જૈનોના હોવા જોઈએ. જેનો કબજો પાછળથી બૌદ્ધો જ્યારે શ્રીલંકામાં પહોંચ્યા ત્યારે તેમણે લઈ લીધો હોય એ બનવાજોગ છે. ત્યારબાદ જૈનો શ્રીલંકાથી આજના કેરલ તરફ રવાના થઈ ગયા જે કેરલની જૈનગુફાઓના આધારે કહી શકાય.

**જૈનધર્મનો પ્રસારઃ**

મગધ રાજ્યની સીમામાંથી અનિવાર્ય સંજોગોમાં સ્થળાંતર કરત સમયે જૈના પહેલા આસપાસના જંગલોમાં રહ્યા. ત્યારબાદ જૈનોનો એક પ્રવાહ આગળ વધતો કલીંગ થઈ દક્ષિણમાં ઠેઠ શ્રીલંકા સુધી ગયો. બીજો પ્રવાહ ઉત્તર ભારતમાં અહીછત્રાથી વિદિશા થઈ મારવાડથી ગુજરાત, મહારાષ્ટ્ર થઈ કર્ણાટક પહોંચ્યો. ત્યાં દરેક સંપ્રદાયોને રાજાએ દાન આપ્યું આમ ત્યાં જૈન ધર્મની વિજયપતાકા લહેરાઈ. આવી અગણિત બાબતો અને સંદર્ભો ગુફા અને અન્ય લેખોને આધારે કહી શકાય.

**સંદર્ભ સૂચિઃ**


ડૉ. સાગરમલ જૈન, જૈન વિધ્યા કે આયામ.

ડૉ. હંપા નગારાજૈયા - અને ડૉ. એ એકામ્બરનાથનો શોધ આલેખ 'અર્લિ જૈન કેવ્સ' - સ્પેક્ટ્રમ ઓફ જૈનિઝમ, - સોમૈયા જૈન સેન્ટર કોન્ફરન્સ (૨૦૦૮)

ડૉ. રેણુકા પોરવાલ, ધ જૈન સ્તૂપ એટ મથુરાઃ આટ એન્ડ આઈકોન્સ, (૨૦૧૬)

સંપાદક - શુગન જૈન - શ્રીનેત્ર પાંડે. જૈનિઝમ ઈન એન્શિયન્ટ શ્રીલંકા. ઢેસીસ ઓફ શ્રમણ ટેડીસન પ્રાયાર ટુ ૬૫૦ BCE

પ્રબુદ્ધ જીવન ઓગસ્ટ ૨૦૧૮ વિશેષાંક

જૈન વિશ્વભારતી એમ. એ નોટ્સ - ગુફાઓની જૈન કળા એવં સંસ્કૃતિ


***


સંપર્ક મો. ૯૮૨૧૮૭૭૩૨૭

# નવલા વર્ષની પહેલી અંધારી રાત..

**જ્યોતિબેન મોતા**

'ઘુમક્કડી! શું છે આ ઘુમક્કડી? થોડા શબ્દોમાં કહું તો ઘુમક્કડી એટલે અલગારી રખડપટ્ટી, રઝળપાટ! કોઈ પણ વધુ પ્લાન વિના, સમયને મુટ્ઠીમાં બાંધ્યા વગર નીકળી પડવું! જે કોઈ વાહન મળે, જ્યાં રહેવા મળે અને જે કંઈ પણ ખાવા મળે, તેમાં સંતોષ માની, ઓછામાં ઓછી સગવડે અને ઓછામાં ઓછા આર્થિક ખર્ચે ફરવું. એના માટેનો આધુનિક શબ્દ છે 'ઘુમક્કડી. આ હિન્દી શબ્દ છે. ઘુમક્કડીમાં અનિશ્ચિતતાની સાથે અનેરો રોમાંચ પણ જોડાયેલો છે. પ્રકૃતિપ્રેમીઓ અને સાહસવીરોને ઘુમક્કડી આહ્વાન કરે છે. ઘુમક્કડીનો શોખ આજે વિશ્વભરમાં જોર પકડી રહ્યો છે. આપણા મહાન ઘુમક્કડ રાહુલ સાંકૃત્યાયનથી લઈને આજના નીડર, સાહસી, મહિલા વિશ્વપ્રવાસી પ્રીતિ સેનગુપ્તા જેવાં લોકોએ ઘુમક્કડીને નવા આયામો આપ્યા છે.

આવી જ એક ઘુમક્કડીમાં કૂદી પડવાનો મેં પણ નિર્ણય કર્યો. ઘુમક્કડી માટે સ્થાનો પસંદ કર્યા, ગુજરાત, રાજસ્થાન, ઉતરાખંડ, જમ્મુ-કાશ્મીર, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળ. સમય નક્કી કર્યો પૂરું એક વર્ષ!

મારી યાત્રાની શરૂઆત આમ તો ૨૯ મે ૨૦૧૮થી શરૂ થઈ. ત્રણ તબક્કામાં વહેંચાયેલી આ યાત્રાનો બીજો તબક્કો જૈન કલ્યાણક ભૂમિ, જૈન તીર્થ, ભગવાન બુદ્ધની ભૂમિ અને વચ્ચે આવતા પર્યટક સ્થળો હતાં. સમેતશિખર સુધી આવ્યા બાદ કલકત્તાની મુલાકાતે જવાનું કઈ રીતે ટાળી શકું? અને આ ઉત્કંઠાને સંતોષવા હું પહોંચી પશ્ચિમ બંગાળ! પશ્ચિમ બંગાળ અંતર્ગત આવતા અન્ય તીર્થસ્થળો કે જ્યાં ટૂર કે યાત્રામાં કે બીજી રીતે આવવું ખૂબ મુશ્કેલ હોવાથી પશ્ચિમ ભારતના જૈન યાત્રિકો અહીં સુધી નથી પહોંચતા. અરે! મારું પણ ક્યાં નકકી હતું કે હું પશ્ચિમ બંગાળ સુધી પહોંચીશ! કલકત્તા આવ્યા બાદ બીજા સ્થળોએ જવાનું નક્કી થયું. તો અહીં હું મારા પશ્ચિમ બંગાળના અવનવા શહેરો અને જૈન તીર્થોની વાત કરીશ.

પારસનાથ રેલ્વે સ્ટેશન ટ્રેન આવતા ધમધમી ઊઠ્યું. થોડીક મિનિટોમાં પાછું શાંત. લાઉડ સ્પીકર કોઈ સ્ત્રી અથવા પુરુષના મીઠા રણકારથી ગુંજી ઉઠતું અને ફરી એ પણ શાંત થઈ જતું. નાનકડા સ્ટેશનનું પ્રતીક્ષાલય ન જાણે કોની પ્રતીક્ષામાં બેઠું હતું? કદાચ મારા જેવા કોઈ એકલ-દોકલ મુસાફરની. ઈસુના નવા વર્ષની સવાર સમેતશિખર જૈન કલ્યાણક ભૂમિ પર સરસ વીતી અને હવે બીજી સવાર પશ્ચિમ બંગાળના મહાનગર કલકત્તામાં થવાની હતી. સમય બચાવવા આગલા દિવસે દેહરાદૂન હાવડા ટ્રેનની ટિકિટ તત્કાલમાં આરક્ષિત કરી લીધી હતી જે મને વહેલી સવારે ૭:૩૦ કલાકે મારા ગંતવ્ય સ્થળે પહોંચાડવાની હતી.

મોડી રાત્રે મધુવનથી પારસનાથ જતા જંગલના રસ્તેથી કોઈ વાહન આવવા તૈયાર ન થાય એટલે મારે ત્યાંથી વહેલા નીકળવું પડ્યું. થોડો સમય પારસનાથ રેલ્વે સ્ટેશનની બહાર ખાવાપીવામાં વીતાવ્યો. ટ્રેનનો સમય રાત્રે ૧૧:૩૦નો હતો. શિયાળાની સાંજ વહેલી અંધારામાં પરિવર્તિત થઇ રહી હતી. આખરે વહેલા સ્ટેશને પહોંચી પ્રતીક્ષાલયમાં બેસવા સિવાય કોઈ ઉપાય નહોતો. હું સાત વાગ્યે સ્ટેશને પહોંચી ગઈ. પ્રતીક્ષાલય મુસાફરોથી ઉભરાતું હતું. જ્યારે પ્લેટફોર્મ પર જવલ્લે જ કોઈ મુસાફરો દેખાતાં હતાં. કારણ હતું વધતી જતી ઠંડી. અંદર જઈને બેસવા માટે જગ્યા શોધી. જાતજાતના અને ભાતભાતના મુસાફરો! બધાને પ્રતીક્ષા હતી પોતાના ગંતવ્યે લઈ જતી રેલગાડીની. પ્રતીક્ષાલયની ભીંતો સુંદર મધુબની ચિત્રકારીથી ચિત્રિત હતી.

વારંવાર વાગતું ભૂંગળું પ્રવાસીઓને સાવધ કરી દેતું. ફેરીયા, કૂલી અને ભૂંગળાના અવાજથી સ્ટેશન જાણે કેટલીક ક્ષણો માટે કોઈ બજારમાં બદલાઈ જતું હતું. ગરમ થયેલો માહોલ ફરી થોડી મિનિટોમાં કડકડતી ઠંડી રાતોમાં ઠુંઠવાઈ જતો. શરીર અને મન બંને જેકેટ-મફલર-ટોપીમાં જકડાઈને ચુપકીમાં સરી જતાં. ઉતાવળા મુસાફરો વારંવાર ગાડીનો સમય જોવા આગળ પાછળ થતા હતા. ટ્રેન સમયથી જાણે વહેલી આવી જવાની ન હોય! તેમ

પ્લેટફોર્મ નીચે લાંબી પટ્ટરીઓની બન્ને બાજુ વારંવાર જોઈ લેતા. કેટલાક મુસાફરો મારી જેમ લાંબી પ્રતીક્ષામાં હોય તો પાટલી કે જમીન પર મસ્તીથી ઊંઘ ખેંચી લેતા. સતત વાગતા ભૂંગળાથી ખલેલ થતી ઊંઘમાંથી કોઈક મુસાફર ડોકિયું બહાર કાઢી, સમય જોઈ, ફરી રજાઈ-બ્લેન્કેટમાં ઢબુરાઈ જતો. મારી પ્રતીક્ષાની પળો પણ લાંબી હતી. હજી ચાર કલાક ખેંચવાના હતા. ટ્રેનમાં બેસીને જ ઊંઘ ખેંચી લઈશ અને વહેલી સવારે પશ્ચિમ બંગાળ કલકત્તા પહોંચી જઈશ, એ વિચારે જ રોમાંચિત હતી. મારા વતન કચ્છના કેટલાક લોકો કલકત્તામાં રહેતા હતા એ ભાઈઓ સાથે મારા ગુરુજીએ મારા રહેવા બાબત વાત કરી લીધી હતી એટલે હું થોડી નિશ્ચિંત પણ હતી. આવતી કાલનો આખો દિવસ કલકત્તા જોવા માટે મળી રહેશે એવું ધાર્યું હતું. 'ઘુમક્કડી દિલ સે' ટ્રાવેલ ગ્રુપના મારા મિત્ર કિશન બાહેતીજી જેઓ કલકત્તા રહેતા હતા એમને પણ મેં મેસેજ કરી દીધો હતો. આવતીકાલે હું કલકત્તા આવીશ, જૈન ધર્મશાળામાં રોકાઈશ સમય પસાર કરવા મેં હવે મારા ભ્રમણયંત્રનો સહારો લીધો. ઘણા દિવસના ભેગા થઈ ગયેલા સંદેશાઓ જોયા, જવાબ આપ્યા અને ફોન પર વાત પણ કરી.

પણ આ તો શિયાળાની લાંબી, કાળી, ઠંડી રાત....! આમ જલ્દી થોડી પસાર થાય? એકલ મહિલાને આમ લાંબા સમયથી બેઠેલ જોઈ ઘણા સહયાત્રીઓને કુતૂહલ પણ થયા કરતું. મારા પછી આવેલ મુસાફરો પણ એક પ્રશ્નભરી નજર છોડી પોતાની ગાડી આવતા નીકળી જતા. ત્રણ બેગ્સની આસપાસ જેકેટ અને સાલમાં જાતને સંકોચીને હું ઓટલા પર બેઠી હતી. ટ્રેનરાણીના આગમનથી સૂચના- પટલ વારંવાર ગૂંજી ઉઠતું... 'બા મુલાહીજા..! સાવધાન..! ''હાવડા કી ઓર ...ટ્રેન નંબર..પ્લેટફોર્મ નંબર.. પર આ રહી હૈ..'' હોશિયાર..! દરેક સાવધ મુસાફર પોતાના ગંતવ્ય જવા તૈયાર થઈ બહાર નીકળી જતા. હું શાંતિથી મારી ટ્રેનની પ્રતીક્ષા કરી રહી હતી. દસ વાગ્યે મારી ટ્રેનનું એનાઉન્સમેન્ટ થયું. 'દહેરાદૂર સે હાવડા કી ઓર જાનેવાલી ટ્રેન નંબર... દૂન એક્સપ્રેસ એક ઘંટા દેરી સે ચલ રહી હૈ..' મતલબ ૧૧:૩૦ના હવે ૧૨:૩૦ થશે ! એક સહયાત્રીએ પૂછી પણ લીધું,' આપ કો કહાઁ જાના હૈ? અકેલી હૈં આપ? યહાં કબ તક અકેલે બૈઠેંગી..? બ્લાહ બ્લાહ બ્લાહ...

આવા સમયે સંજોગોને પારખી ટૂંકો જવાબ આપી ચૂપ થઈ જવું અથવા ઉપેક્ષા કરવી જ રહી. નહીં તો અવનવા સવાલો અને સલાહોનો વરસાદ વરસતો રહે. આ યાત્રીને ખબર હતી હું ક્યારથી એકલી મારી મસ્તીમાં અહીં બેઠી છું. ૧૧ વાગ્યે એની ટ્રેનનું ભૂંગળું વાગતાં મને સલામ કરી એ સરકી ગયો. પ્રતીક્ષાલયમાં હવે હું અને બીજા બે-ચાર મુસાફરો બસ...! હું મારા સામાનને કારણે બેદરકારીથી એકાદ ઝોકું પણ ખાઈ શકું તેમ નહોતી. ભૂંગળું પણ હવે શાંત હતું. મોડી રાત્રે ટ્રેનો પણ ઓછી થવા લાગી. ૧૧:૦૦ વાગે બીજીવાર એનાઉન્સમેન્ટ થયું કે મારી ટ્રેન અઢી કલાક મોડી ચાલી રહી છે. હવે કલાકે કલાકે મારી ટ્રેન મોડી ચાલી રહી છે તેનું અનાઉસીંગ થતું રહ્યું. હું સમજી ગઈ હતી કે આ 'દૂન' ટ્રેને પોતાનો પરચો બતાવી દીધો છે. ભારતના કોઈ પણ સ્થાને જતી દૂન ટ્રેન ૧૦-૧૨ કલાક મોડી ન પડે તો એ દૂન ટ્રેન શેની? પ્લેટફોર્મ પર વાગતું ભૂંગળું મને મારી ટ્રેનથી દૂર કરી રહ્યું હતું અને મૂંઝવણના પાસમાં જકડી રહ્યું હતું. વધતી જતી ઠંડી અને ખાલી થતાં જતાં પ્રતીક્ષાલયે મને થોડી ભયજનક સ્થિતિમાં મૂકી દીધી હતી. બે-ચાર મુસાફરો પણ અઢી વાગે એમની ટ્રેન આવતા જતાં રહ્યાં. જતાં જતાં ચિંતા વ્યક્ત કરતાં ગયા કે, 'બહનજી આપ યહાં કબ સે બૈઠી હૈં, આપકો કહાં જાના હૈ? જવાબ તો આપી દીધો, પણ અંદર કોલાહલ મચી રહ્યો હતો એનું શું? રાત્રિ અને એમાંય વળી એકલતા...એનો કોઈ ફાયદો પણ ઉઠાવે એ વિચારમાત્રથી ભય લાગવા માંડ્યો. ૭-૮ ડિગ્રી નીચે ગયેલ તાપમાન હવે ૩-૪ ડિગ્રી સુધી જતું રહ્યું હતું. ઠંડીથી અને સતત બેસી રહેવાથી શરીર અકડાઈ ગયું હતું. આંખો વારંવાર ઘેરાઇ જતી. જરાક ઝોકો ખાઈ લઉં.. એ વિચાર પણ ભય ભરેલો લાગતો હતો. કોઈ શુભેચ્છા આપી નીકળી ગયું તો કોઈની ઘૂરતી નજર સાવધ કરી ગયું.

ભૂંગળાનો અવાજ થતાં જ આશા બંધાતી કે હવે તો ટ્રેન નજીક પહોંચી આવી હશે. પણ 'સર્વ આશ નિરાશ.' નવલા વર્ષની પહેલી રાત આવી ભયાવહ હશે એવું તો વિચાર્યું જ નહોતું! અડધી રાત્રી વીતી ગઈ. સ્વસ્થ મને ત્રીજો પહોર પણ પસાર કર્યો. ભળભાખળું થવા આવ્યું. ધીરેધીરે પક્ષીઓનો કલરવ પણ સંભળાતો થયો. પરોઢ

થઈ. થોડીવારે સૂર્યનારાયણ પણ રથ પર સવાર થઇને નીકળી પડ્યા પણ હું અહીં છેલ્લાં કેટલાય કલાકોથી સ્થગિત ગઈ હતી. છેલ્લાં દોઢ કલાકથી અનાઉસિંગ પણ બંધ હતું! ટ્રેન નીકળી તો નથી ગઈ? એવું કેમ બને? મારી અધીરાઈ વધતી ગઈ. મારી ટ્રેનનો કલકત્તા પહોંચવાનો સમય થઈ ગયેલ પણ હજી સુધી એ પારસનાથ રેલવે સ્ટેશન પર પણ નહોતી પહોંચી! ટ્રેનનું લાઈવ સ્ટેટ્સ હજી અહીં પહોંચવા માટે એક કલાક બતાવી રહ્યું હતું. તત્કાલ ટિકિટ કઢાવી દેનાર સમીરભાઈએ ના પાડવા છતાં મેં આ ટ્રેનની ટિકિટ કઢાવી. બીજી ટ્રેનોં મોડી રાત્રે ઉપડતી હતી તો કોઈક મોડી કલકત્તા પહોંચાડતી હતી. બીજી ટ્રેનો તો મધ્યરાત્રીએ નીકળી પણ ગઈ અને કલકત્તાની નજદીક પણ પહોંચી ગઈ હશે! જ્યારે મારી ટ્રેનનો કલકત્તા પહોંચવાનો સમય થઈ ગયો હોવા છતાં, પારસનાથ રેલ્વે સ્ટેશન પર પહોંચવાનો પત્તો ન હતો. મારી અધીરાઈ અને ડર હવે વધી ગયા. છેલ્લી ક્ષણે એનાઉન્સમેન્ટ થાય અને પ્લેટફોર્મ બદલવું પડે તો મારી શું વલે થાય? ત્યાં તો અચાનક કાને શબ્દો પડ્યા, 'પ્લેટફોર્મ નંબર તીન પર હાવડા કી ઓર જાનેવાલી દહેરાદૂન હાવડા એક્સપ્રેસ આ રહી હૈ.

એક કલાક દૂર બતાવતી ટ્રેન પ્લેટફોર્મ પર આવી રહી છે! એવું સાંભળી હું તો બેબાકળી થઈ ગઈ! આટલા ટૂંકા સમયમાં ત્રણ બેગ્સ સાથે ત્રણ નંબર પ્લેટફોર્મ પર કેવી રીતે પહોંચીશ? આખા શરીરે ભયની લહેરખીઓ દોડી ગઈ. હું સામાન લઈ હાંફળીફાંફળી બહાર દોડી. સુમસામ સ્ટેશન પર કોઈ કૂલી કે મદદગાર ન દેખાયો. ફટાફટ બે બેગ્સ લઈ ફ્લાયઓવર ચડી ને બેગ્સ મુકી, ત્રીજી બેગ લેવા નીચે દોડતી ઉતરી, લઈને સીધી પ્લેટફોર્મ નંબર ત્રણ પર મૂકી પાછી ઉપર..બે બેગ્સ લઈ નીચે આવી. ત્યાં સુધીમાં તો ટ્રેન પ્લેટફોર્મ પર આવી ગઈ હતી! મારો કોચ કેમ શોધવો? ઓનલાઈન કોચ જોવાનો સમય પણ નહોતો. ચાલતી ટ્રેનમાં કોચ શોધતી સામાનને ઢસડતી માંડ માંડ મારા કોચ સુધી પહોંચી. ટ્રેન ઉપડવાની સીટી વાગી અને હું હજી પ્લેટફોર્મ પર..! એક દરવાજેથી સામાન અંદર ફેંક્યો, બીજે દરવાજેથી ચાલતી ટ્રેનમાં ચડી! હાશ! જય હો ભારત! જય હો દૂન ટ્રેન! બાર કલાકના ઈંતજાર પછી, આઠ કલાક મોડી ચાલતી ટ્રેનને મેં પકડી તો પાડી! વાહ રે! રેલ્વે સુવિધાઓ અને સમય-સારિણી! મેં મારા હાથે જ પગે કુહાડો મારેલો તો પીડા તો ભોગવવી જ રહ્યું.

હજી તો સીટ પર સેટ થઈ શરીરને લંબાવું ત્યાં તો મારો ફોન રણકી ઉઠ્યો.

'જ્યોતિ બહન! કલકત્તા મેં આપકા સ્વાગત હૈ! ગુડ મોર્નિંગ! કહાં પહોંચી?'

'હે ભગવાન કિશન ભૈયા, જરા ટ્રેન કા લાઈવ સ્ટેટ્સ દેખીયે.'

'ધત તેરી કી...! આપ તો અભી પારસનાથ રેલ્વે સ્ટેશન સે નીકલી હો? અજીબ હૈ.. મુજે તો લગા થા કિ હમ સુબહ કી ચાય સાથ પીયેંગે... અબ તો કર લો બાત..! આપ તો દોપહર તક ભી આને સે રહી! ખેર! મૈં આપકે કોન્ટેક્ટ મેં રહેતા હું. હાવડા પહુંચો તબ બતા દેના. કુછ જાનના-પૂછના હો તો ભી બતા દેના. કોઈ દિકકત હો તો મૈં ગાઈડ કર દુંગા. શામ કો મિલતે હૈ કોફી પે..!' 'ઠીક હૈ કિશનભૈયા. હાવડા પહોંચને કે બાદ ફોન કરુંગી. અબ આપ કામ પર જાને કે લિયે ઉઠ જાઈએ ઔર મૈં સો જાતી હું. રાતભર નીંદ નહીં હુઈ ન...!'

નવલા વર્ષની મારી પહેલી રાત ચોવીસ કલાકે માંડ પડી હતી...! પણ ઊગતો સૂરજ મને નિદ્રાવસ્થામાં લઈ જઈ રહ્યો હતો મારા સ્વપ્નલોક ભણી....

***

*(કુ. જ્યોતિબેન મોતા મૂળે કચ્છ નાનીખાખરના વતની પણ વર્ષોથી મુંબઈમાં સ્થિર થયાં છે. પ્રવાસ, પ્રકૃતિ અને પરમ સાથેનું અનુસંધાન એમનાં જીવનમાં પ્રધાનતા ધરાવે છે. ભારતના વિભિન્ન પ્રદેશોથી માંડીને નેપાળ, ભૂતાન જેવાં દેશોનો એકલ પ્રવાસ આ સાહસિક મહિલાએ ઓછામાં ઓછા ખર્ચે વિશિષ્ટ રીતે કર્યો છે. એમની પાસે હિમાલયની ગોદમાં રખડવાના તો દુર્લભ તીર્થસ્થળોમાં ભમવાના એક અનુભવોનું ભાથું છે. તેમની કલમ અનુભવથી રસાયેલી છે એટલે એમનાં પ્રવાસના લખાણો અન્ય પ્રવાસીઓ માટે ઘણાં ઉપકારક પણ બની રહે છે. નાનીનાની વિગતોને સૂક્ષ્મત્તમ સંવેદનોથી સભર તેમનાં લખાણો ભાવકને સહપ્રવાસનો અનુભવ કરાવે છે.)*

સંપર્ક : મો. ૯૯૩૦૫૦૮૪૦૭

# જ્ઞાનસંવાદ – ૯ સમુદ્‌ઘાત

ડૉ. પાર્વતીબેન નેણશી ખિરાણી

**સુજ્ઞ વાચકગણ**

ગયા અંકમાં ઈન્દ્રિયદ્વારની વિગત જાણી હવે નવમા સમુદ્‌ઘાત દ્વારને જાણીએ.

**સમુદ્‌ઘાત દ્વારઃ-** સમુદ્‌ઘાત જૈન શાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે શરીરમાં જ રહેલા આત્મપ્રદેશોનો ઉદ્‌ઘાત થવો (બહાર નીકળવું) વિસ્તાર થવો તેને સમુદ્‌ઘાત કહે છે. સમુદ્‌ઘાત શબ્દ શાસ્ત્ર અનુસાર સમ + ઉત + ઘાત એ ત્રણ શબ્દનો બનેલો છે. સમ શબ્દ એકી ભાવના અર્થમાં છે. ઉત = પ્રબળતા, ઘાત = હનન કરવું નાશ કરવો એટલે એકાગ્રતાપૂર્વક પ્રબળતા સાથે ઘાત કરવી તે સમુદ્‌ઘાત કહેવાય છે. એટલે કે વેદના આદિમાં એકાકારપણા વડે આત્માનો કર્મને નાશ કરવા માટેનો પ્રબળ પ્રયત્ન વિશેષ સમુદ્‌ઘાત કહેવાય છે. એમાં મૂળ શરીરને છોડ્યા વિના એકાગ્રતાપૂર્વક પ્રબળતા સાથે અનંતાનંત કર્મપુદગલોથી વ્યાપ્ત પોતાના આત્મપ્રદેશોનું કંપન થાય અથવા શરીરની બહાર કાઢવાની અર્થાત વિસ્તાર કરવાની પ્રક્રિયા દ્વારા કર્મપુદ્‌ગલોની નિર્જરા કરવાની પ્રક્રિયા થાય છે.

વેદનીય અને કષાય સમુદ્‌ઘાતમાં શરીરની અંદરના પોલાણમાં જ આત્માના પ્રદેશો બહાર નીકળે છે. બાકીનામાં શરીરની બહાર નીકળે છતાં શરીરની સાથે સંલગ્ન જ હોય છે. અર્થાત્ શરીરથી છૂટા નથી પડી જતા. એટલે કે અડધા પ્રદેશ શરીરની એકદમ બહાર નીકળીને છૂટા પડી જાય અને અડધા શરીરની અંદર રહે એવું નથી બનતું કારણકે એક જીવના આત્મપ્રદેશો છૂટા નથી પડતા જેટલા હોય એટલા સાથે ને સાથે જ રહે છે. એટલે કેટલાક પ્રદેશો બહાર નીકળશે તો પણ શરીરની અંદર રહેલા બીજા પ્રદેશો સાથે જોડાયેલા જ રહે છે. સંકોચન-વિસ્તાર ગુણને કારણે આત્મપ્રદેશો બહાર ફેલાઈ શકે છે. અર્થાત્ વિસ્તરી શકે છે. પણ છૂટા પડી જતા નથી. કર્મના નિમિત્તની અપેક્ષાએ સમુદ્‌ઘાતના સાત પ્રકાર છે. વેદનીય, કષાય, મારણાંતિક, વૈક્રિય, તૈજસ આહારક અને કેવળી સમુદ્‌ઘાત.

**(૧) વેદનીય સમુદ્‌ઘાતઃ** જેની જેટલી શક્તિ હોય તેનાથી વધારે વેદના = અશાતા આવે ત્યારે આત્મપ્રદેશમાં કંપન વધી જાય છે. ત્યારે વેદનાથી અત્યંત વ્યાકુળ થયેલ આત્મા શરીરમાંથી આત્મપ્રદેશો બહાર કાઢે છે. તે શરીરમાં જ રહેલ મુખ, ઉદર આદિ પોલાણમાં તથા કાન ખભાની વચ્ચેની અંતરાલમાં ભરવા માટે શરીરની જાડાઈ, પહોળી, ઊંચાઈવાળો સમાન દંડ કરે છે. તેમાં આંગુલના અસંખ્યાત્મા ભાગ જેટલા જ આત્મપ્રદેશો બહાર કાઢે છે અને તેના દ્વારા ઉદય પ્રાપ્ત અશાતા વેદનીય કર્મનો નાશ થાય છે. તે વખતે જો અશુભ ધ્યાન હોય તો નવા ઘણાં અશાતાવેદનીય કર્મ બાંધે છે. આ સમુદ્‌ઘાતનો કાળ અસ. સમયના અંતર્મુહૂર્ત જેટલો જ હોય છે. એમાં એ અશાતા વેદનીયના ઘણા બધા કર્મોની નિર્જરા કરે છે. શાતા વેદનીયની સમુદ્‌ઘાત થતી નથી.

**(૨) કષાય સમુદ્‌ઘાતઃ-** તીવ્ર ક્રોધ આદિ કષાયને કારણે આત્મપ્રદેશોમાં સ્પંદન થઈને અમુક આત્મપ્રદેશોનું શરીરથી બહાર આવવું કષાયથી વ્યાકુળ બનેલો આત્મા વેદનયીવત પ્રક્રિયા કરીને ઘણાં કષાય મોહનીય કર્મ ખપાવે છે. તીવ્ર કષાય વખતે કષાય સમુદ્‌ઘાત થતી હોવાથી નવા કષાય મોહનીય પણ ઘણાં જ પ્રમાણમાં બાંધે છે. ક્રોધ, માન, માયા લોભ એ ચારે કષાયોની સમુદ્‌ઘાત થઈ શકે છે તેના દ્વારા ઉદય પ્રાપ્ત કષાય મોહનીયનો નાશ થાય છે. એનો કાળ અસં. સમયના અંતર્મુહૂર્ત જેટલો જ છે. આ સમુદ્‌ઘાતનો સંબંધ કષાય સાથે હોવાથી ચારિત્ર મોહનીય કર્મમાં જ થાય છે.

**(૩) મારણાંતિક સમુદ્‌ઘાતઃ-** મૃત્યુ વખતે આયુષ્ય કર્મને આશ્રિત જે સમુદ્‌ઘાત થાય છે તેને મારણાંતિક સમુદ્‌ઘાત કહે છે. આયુષ્યકર્મ ભોગવતાં ભોગવતાં જ્યારે અંતર્મુહૂર્ત

પ્રમાણ શેષ રહે ત્યારે જીવ પાસે આયુષ્ય કર્મની સ્થિતિ કરતા આયુષ્ય કર્મના દલિકા વધારે હોય ત્યારે આ સમુદ્ઘાત કરે છે. આ સમુદ્ઘાત કરવાવાળા જીવ મૃત્યુની પીડાથી વ્યાકુળ થઈને મરણથી અંતર્મુહુર્ત પહેલા પોતાના કેટલાક આત્મ પ્રદેશોને શરીરની બહાર કાઢે છે અને જ્યાં ઉત્પન્ન થવાના છે એ સ્થાન સુધી સ્વદેહ પ્રમાણ જાડા દંડના આકારે જઘન્યથી આંગુલના અસંખ્યાતમા ભાગ અને ઉત્કૃષ્ટથી અસંખ્ય યોજન સુધી લંબાવી અંતર્મુહૂર્ત સુધી તેવી જ અવસ્થાએ રહી મરણ પામે છે. ત્યારે આયુષ્યકર્મના પુદ્ગલો - વેદન થઈને ક્ષય પામે છે. પણ નવું આયુ. કર્મ બંધાતું નથી. કોઈ જીવ ઉત્પત્તિના દેશે (સ્થાને) જઈ પાછા આવીને પછી મૃત્યુ પામે છે તો કેટલાક ઉત્પત્તિ દેશે પહોંચી અહીંના પ્રદેશ ત્યાં ખેંચી લે છે.

આ સમુદ્ઘાત એક ભવ દરમિયાન વધુમાં વધુ બે વખત થઈ શકે છે. પ્રથમ વખતની સમુદ્ઘાતમાં મરણ પામે અથવા પાછો આવે તો પછીના અંતર્મુહૂર્તમાં સ્વાભાવિક રીતે અવશ્ય મૃત્યુ પામે છે. અથવા બીજી વખત મારણાંતિક સમુદ્ઘાત કરે એમાં અવશ્ય મૃત્યુ પામે છે. એક વખત આ સમુદ્ઘાત થાય પછી વધારેમાં વધારે એ ભવમાં અંતર્મુહૂર્ત રહી શકે પછી અવશ્ય મૃત્યુ પામે છે. સમુદ્ઘાતમાં મરણ પામે તેને સમોહિયા મરણ કહેવાય છે. મરણનો અંત બાકી હોય છે ત્યારે જ થાય છે મારે એને મારણાંતિક સમુદ્ઘાત કહેવાય છે.

**(૪) વૈક્રિય સમુદ્ઘાતઃ-** વૈક્રિય શરીર બનાવવા માટે આત્મપ્રદેશોને બહાર કાઢવામાં આવે તેને વૈક્રિય સમુદ્ઘાત કહે છે. એટલે કે વૈક્રિયરૂપનું નિર્માણ કરવાના હેતુથી વૈક્રિય વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરવા માટે (એક અસંખ્ય ભાગ જેટલા) આત્મપ્રદેશોને દિશા અથવા વિદિશામાં સંખ્યાતા યોજન સુધી ફેલાવવા તે વૈક્રિય લબ્ધિવાળો જીવ જ્યારે પોતાના જીર્ણ શરીરને પુષ્ટ અને સુંદર બનાવવા કે વિવિધ રૂપો બનાવવા માટે ઉત્તર વૈક્રિય શરીર બનાવે છે ત્યારે વૈક્રિય સમુદ્ઘાત કરે છે. તે વખતે મૂળ શરીરમાંથી આત્મપ્રદેશોને બહાર કાઢી સ્વશરીરની જાડાઈ પહોળાઈ જેટલો અને લંબાઈમાં સંખ્યાત જોજન સુધીનો દંડ બનાવે છે એના દ્વારા વૈક્રિય વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરીને નવું પોતે ઈચ્છિત વૈક્રિય શરીર બનાવે છે. આ સમુદ્ઘાત કરતા અસંખ્યાત સમયના અંતર્મુહૂર્ત જેટલો સમય લાગે છે. આ સમુદ્ઘાતમાં વૈક્રિય શરીર નામ કર્મના ઘણા પુદ્ગલો ખપાવે છે. આ સમુદ્ઘાત જેમની પાસે વૈક્રિય લબ્ધિ હોય તે જ કરી શકે છે.

૫) તૈજસ સમુદ્ઘાત તેજો લબ્ધિ દ્વારા કોઈના ઉપર તેજોલેશ્યા છોડવી હોય ત્યારે આત્મપ્રદેશોને બહાર કાઢીને (ફેલાવીને) તેજો વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે એને તૈજસ સમુદ્ઘાત કહે છે. આ સમુદ્ઘાતમાં તેજોલબ્ધિ સંપન્ન પુરુષ પોતાના આત્મપ્રદેશોનો વિસ્તાર કરવા માટે પહોળી અને જાડાઈમાં પોતાના શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન સુધીને દંડ બનાવી આત્મપ્રદેશોને ફેલાવે છે અને તદ્યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરીને ઉષ્ણ કે શીત તેજોલેશ્યાનો પ્રયોગ કરે છે. ઉષ્ણ તેજેલેશ્યાનો પ્રયોગ બાળવા માટે અને શીત લેશ્યાનો પ્રયોગ શીતળતા માટે કરવામાં આવે છે.

આધુનિક વિજ્ઞાન પરમાણુ શક્તિનો ઉપયોગ નિર્માણ એ દવંસ બંને માટે કરે છે તે જ રીતે તેજોલબ્ધિનો પ્રયોગ પણ નિર્માણ અને દવંસ બંને માટે થાય છે. આ સમુદ્ઘાતમાં તૈજસ શરીર નામ કર્મના પુદ્ગલો ખપે છે. આ સમુદ્ઘાત માટે તેજોલેશ્યા હોવી જરૂરી નથી. ૩થી ૧૨ દેવલોકના દેવો પાસે તેજોલેશ્યા નથી. છતાં તેજસ સમુદ્ઘાત કરી શકે છે. યુગલિક પાસે તેજોલેશ્યા હોવા છતાં આ સમુદ્ઘાત ન કરી શકે માટે એને તેજોલેશ્યા હોવા ન હોવા સાથે કોઈ સંબંધ નથી પણ તેજોલબ્ધિ હોવી જરૂરી છે. જેના દ્વારા તેજોલેશ્યાનો પ્રયોગ કરી શકે છે.

**(૬) આહારક સમુદ્ઘાતઃ-** આહારક લબ્ધિવાળા સાધુ ભગવંતને દૈવાધિદેવની ઋદ્ધિ દર્શન કરવાની ઈચ્છા થાય કે શંકાનું નિવારણ આદિ કરવાનુ હોય ત્યારે આહારક શરીર બનાવીને તીર્થંકર ભગવંત પાસે જાય છે. ત્યાં જવા

માટે વૈક્રિય શરીરવત્ પ્રક્રિયા કરીને સ્ફટિક સમાન કોઈ ન જોઈ શકે તેવું પૂતળું બનાવીને આત્મપ્રદેશોને ફેલાવે છે એને આહારક સમુદ્‌ઘાત કહે છે. એના દ્વારા આહારક શરીર નામ કર્મના દલિકો ખપાવે છે. આ સમુદ્‌ઘાત માત્ર ૧૪ પૂર્વી સાધુ જ કરી શકે છે.

**(૭) કેવળી સમુદ્‌ઘાતઃ-** જે કેવળી ભગવંતોના આયુષ્યકર્મની સ્થિતિ અલ્પ હોય અને શેષ વેદનીય, નામ, ગોત્ર કર્મની સ્થિતિ અને પ્રદેશ અધિક હોય એને આયુષ્ય કર્મની સમાન કરવા માટે જે પ્રક્રિયા કરવામાં આવે છે તેને કેવળી સમુદ્‌ઘાત કહે છે. આ સમુદ્‌ઘાત આઠ સમયમાં જ પૂર્ણ થઈ જાય છે. એમાં પહેલા સમયે આત્મપ્રદેશોના દંડની રચના કરે એ દંડની પહોળાઈ અને જાડાઈ શરીર પ્રમાણ હોય એ લંબાઈ ઊર્ધ્વલોકાંતથી અધોલોક પર્યંત (૧૪ રાજલોક)ની હોય બીજે સમયે તે દંડને ચારે દિશામાં ફેલાવે જેથી તે બે કપાટનો આકાર ધારણ કરે ત્રીજા સમયે કપાટને લોકોપર્યંત ફેલાવે ત્યારે તે મંથનનો આકાર ધારણ કરે. એમાં લોકનો અધિકાંશ ભાગ આત્મપ્રદેશોથી વ્યાપ્ત થઈ જાય. ચોથે સમયે આંતરા (લોકાંતના ખૂણના પ્રદેશો)ને પૂરીને સમસ્ત લોકાકાશને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરી દે છે. લોકાકાશ અને આત્માના પ્રદેશો તુલ્ય-સરખા છે. પછી જે ક્રમથી ફેલાવ્યા હોય એના વિપરીત ક્મથી સંકોચીને શરીરસ્થ થઈ જાય. આર્થાત પાંચમા સમયે આંતરામાંથી પ્રદેશોને સંકેલે, છઠે મંથન, સાતમે કપાટ અને આઠમે દંડને સંકેલીને શરીરમાં આવી જાય.

જે કેવળી ભગવાનને છ માસ કે તેનાથી ઓછું આયુષ્ય બાકી હોય ત્યારે કેવળજ્ઞાન થાય અને તેમના વેદનીય, નામ, ગોત્ર કર્મની સ્થિતિ આયુષ્યકર્મથી અધિક હોય તેને સમ કરવા કેવળી સમુદ્‌ઘાત કરે છે. આ પ્રક્રિયામાં વેદનીય, નામ, ગોત્ર કર્મની નિર્જરા થાય છે.

આમ આ સાત સમુદ્‌ઘાત દ્વારા શરીરધારી દરેક જીવોના શરીમાંથી આત્મપ્રદેશો કેવી રીતે બહાર નીકળે છે અને પાછા શરીરમાં સમાઈ જાય છે એનું પ્રરૂપણ કરવામાં આવ્યું છે. આ અનોખી પદ્ધતિ કાર્મણ શરીરના માધ્યમથી કે કર્મભેદના માધ્યમથી થાય છે માટે એના સાત પ્રકાર બતાવ્યા છે. પ્રથમની પાંચ સમુદ્‌ઘાતમાં મરણ થઈ શકે શેષ બે અમર છે. તથા સમકિતી અને મિથ્યાત્વી બંને કરી શકે છેલ્લી બે સમકિતી અને સાધુ જ કરી શકે. મારણાંતિક અને કેવળી સિવાયની સમુદ્‌ઘાતમાં આયુષ્યનો બંધ થઈ શકે છે.

**દંડકમાં સમુદ્‌ઘાતઃ-** નારકીના દંડકમાં પ્રથમની ચાર સમુદ્‌ઘાત હોય છે. દેવના ૧૩ દંડકમાં ભવનપતિથી ૧૨મા દેવલોક સુધી પ્રથમની પાંચ અને નવ ગ્રૈવનેયક અને અનુત્તર વિમાનમાં પ્રથમની ત્રણ સમુદ્‌ઘાત હોય. પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેદ્રિય સંમુર્ચ્છિમ મનુષ્ય અને જુગલિયામાં પ્રથમની ત્રણ સમુદ્‌ઘાત હોય વાયરામાં પ્રથમની ચાર અને સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં પ્રથમની પાંચ હોય સંજ્ઞી મનુષ્યમાં ૧થી ૭ બધી સમુદ્‌ઘાત હોય.

**સમુદ્‌ઘાતની વિચારણાનું મહત્વ** - સમુદ્‌ઘાત દ્વારા શરીરમાંથી આત્માના પ્રદેશોની બહાર નીકળવાની અને અંદર સમાવવાની પ્રક્રિયા જાણવા મળે છે. શરીર અને આત્મા બે અલગ છે એનું જ્ઞાન થાય છે. બદ્ધ કર્મોને ખંખેરવાની પ્રક્રિયાનું જાણપણું થાય છે. અનંત ભવોમાં પરિભ્રમણ કરતા કરતાં પ્રથમની પાંચ સમુદ્‌ઘાત અનંતી વાર કરી આવ્યા છીએ. છેલ્લી બે સમુદ્‌ઘાત તો સાધુપણ વગર આવતી જ નથી અને એ સમુદ્‌ઘાત કરનાર જીવ નિયમા ભવી જ હોય છે અને મોક્ષગામી જ હોય છે. બાકીની સમુદ્‌ઘાત ભવી અને અભવી બંને કરી શકે છે. મનુષ્યગતિ જ એવી છે જેમાં સાતે સાત સમુદ્‌ઘાત કરી શકાય છે. એમાંય સાતમી કેવળી સમુદ્‌ઘાત કરનાર તો અંતર્મુહૂર્તમાં જ મોક્ષ ગમન કરે છે. એનાથી મનુષ્યભવનું મહત્વ સમજાય છે. અનંત પુણ્યરાશિના પ્રભાવથી મળેલો આ મનુષ્યભવ વેડફાઈ ન જાય એ માટેનો પુરૂષાર્થ જાગે છે સમુદ્‌ઘાત રહિત સ્થાન (સિદ્ધ)માં જવા કટિબદ્ધ થાય છે માટે સમુદ્‌ઘાતની વિચારણા પણ મહત્વપૂર્ણ છે.

***

સંપર્કઃ ૯૮૨૧૦૫૦૫૨૭

# શ્રી ભક્તામર સ્તોત્ર આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

ગાથા - ૩૩

**સર્વજ્વર સંહારક**

**મન્દાર સુન્દર નમેરુ સુપારિજાત**
**સંતાનકાદિ કુસુમોત્કર વૃષ્ટિ રુધ્ધા।**
**ગંધોદ - બિન્દુ શુભ મન્દ મરુતપ્રપાતા**
**દિવ્યા દિવઃ પતતિ તે વયસાં તતિવાં।।૩૩।।**

**ભાવાર્થઃ** હે દિવ્ય દેશનાના દાતા! મંદાર, નમેરુ, સુંદર સુપારિજાત, સંતાનક આદિ ઉચ્ચ કોટિના પુષ્પોથી સમૃદ્ધ એવી શ્રેષ્ઠ પુષ્પવૃષ્ટિ સાથે પવિત્ર, સુગંધમય જલબિંદુઓ પણ મંદમંદ વાયુના સહયોગથી આકાશમાંથી વરસી રહ્યા છે. તે જાણે કે આપના વચનોની જ દિવ્ય પંક્તિ પ્રસારીત કરી રહ્યાં હોય એવું લાગે છે.

વિવેચનઃ- આ શ્લોકમાં પણ આચાર્યશ્રીએ ષષ્ટમ પ્રાતિહાર્યનું સુંદર ચિત્ર આલેખી પ્રતિબોધક પ્રેરણા આપી છે જેમ સુંદર ફળ પોતાના રૂપ રંગથી દૃષ્ટાને આનંદ આપી ક્ષુધા દૂર કરે છે, તેમ આ કાવ્યપદ નિર્દોષ આનંદ સાથે સાધકની પિપાસાને તૃપ્ત કરે છે. સંપૂર્ણ શ્લોકમાં દિવ્યવૃષ્ટિનું કથન છે, જેમાં પુષ્પોની અને ગંધોદકની વૃષ્ટિ સાથે મધુર સમીરની વૃષ્ટિનો ઉલ્લેખ કરી કવિશ્રીએ સંસ્કૃતિની પરંપરાને પણ જાળવી છે. સાથેસાથે અલંકારિક રીતે પ્રાતિહાર્યના કાવ્ય ભાવોને પ્રગટ કર્યા છે. દિવ્યવૃષ્ટિની આ કલ્પના ભક્તોના મનને પ્રસન્નતા તો આપે જ છે, પરંતુ નિર્મળ મનોભાવનું પણ દાન કરે છે.

કવિશ્રીએ પ્રભુના વચનરૂપી જે ધારા વહી રહી છે તેને પુષ્પવૃષ્ટિ સાથે સરખાવીને વચનને ફૂલની ઉપમા આપવાનો એક નવતર પ્રયોગ ષષ્ટમ્ પ્રાતિહાર્યરૂપે વર્ણવ્યો છે. ભારતીય ઉપાસનાની સંસ્કૃતિમાં પુષ્પોનું સ્થાન આગવું રહ્યું છે. માનો પુષ્પ વિના પૂજા નહિ અને પૂજા વિના પુષ્પ નહિ. વિવિધ પ્રકારના અને ભિન્નભિન્ન રંગના પુષ્પોથી ભક્તનું મન પણ નાચી ઊઠે છે. જ્યારે અહીં તો દેવકૃત પુષ્પો પ્રભુના પ્રાતિહાર્ય રૂપે ગગનમાંથી વૃષ્ટિરૂપે વરસી, પ્રભુના સમસ્ત ભક્તિયોગમાં સાથ પુરાવી અનુપમ શોભા વધારી રહ્યાં છે પુષ્પોનું નિર્માણ કરી પ્રકૃતિએ પોતાનો વૈભવ પ્રગટ કર્યો છે. પુષ્પની એકએક પાંદડીથી દિવ્યશક્તિના દર્શન થાય છે. જેને ઈશ્વરીયશક્તિ કહો કે દ્રવ્યની અલૌકિક પરિણતિ કે પછી પુણ્યકર્મની પ્રતિભા ગણો વિરતિભાવથી ભરેલા જૈન આગમ ગ્રંથોમાં પણ ઠેરઠેર કમળના દર્શન થાય છે અર્થાત્ કમળની ઉપમા વ્યાપક રીતે આપવામાં આવી છે.

પ્રસ્તુત શ્લોકની પ્રથમ પંક્તિમાં પ્રમુખપણે મંદાર, નમેરુ, પારિજાત, સંતાનક, કુસુમ આદિ પાંચ વિશેષ પુષ્પોનો ઉલ્લેખ કરેલ છે. જો કે પુષ્પોમાં કમળ આગવું સ્થાન ધરાવે છે, પરંતુ કવિશ્રીએ ઊર્ધ્વગામી પુષ્પોને જ ધ્યાન લીધા છે. એટલું જ નહિ સુરપુષ્પ વૃષ્ટિમાં મંદાર પુષ્પને પ્રથમ સ્થાન આપ્યું છે કારણ કે કાવ્યશાસ્ત્ર કે પુરાણોમાં એવો ઉલ્લેખ છે કે ઈન્દ્રલોકમાં ઈન્દ્રના ઉદ્યાનમાં પાંચ શ્રેષ્ઠ વૃક્ષો છે, તેમાં મુખ્ય મંદાર નામનું વૃક્ષ છે. આ મંદાર વૃક્ષના પુષ્પોનું સૌદર્ય અલૌકિક હોવાથી આચાર્યશ્રીએ પણ સુરપુષ્પ વૃષ્ટિ રૂપ ઈન્દ્રલોકનું આ ઉત્તમ પુષ્પને નવાજ્યું છે આમ પણ સ્વર્ગલોકનું મહત્ત્વ વિશેષ છે. તો પુષ્પોમાં પણ સ્વર્ગલોકના પુષ્પોનું સ્થાન કેમ ઊંચું ન હોય? એટલું નહિ ઈન્દ્ર જેવા વૈભવશાળી દેવો પણ ઈન્દ્રલોકનું સુખ છોડી પ્રભુભક્તિ કરવા દોડી આવે છે ત્યારે આ પુષ્પો પણ જાણે સજીવ બની પોતાની મેળે ભક્તિ કરવા ક્રિયાશીલ થતાં હોય તેમ સ્વતઃ વરસવા લાગે છે.

મંદાર પુષ્પોના પગલે નમેરુ, સુશ્રેષ્ઠ પારિજાત, સંતાનક, વગેરે પુષ્પો પણ ભક્તિનો સ્વસ્તિક પૂર્ણ કરવા પ્રભુના બિંબને અનુલક્ષીને વરસવામાં પોતાનું સૌભાગ્ય માને છે. ચંપકવૃક્ષના કુસુમ પુષ્પો સ્વાગતરૂપે સાથ પૂરાવી આ છઠ્ઠા પ્રાતિહાર્યના અંગ બની-વૃષ્ટિ પામી એક અભિનવ સૌન્દર્ય ઊભું કરે છે. જાણે એક બાજુ સુર પુષ્પ વૃષ્ટિ થઈ રહી છે, તો બીજી બાજુ પ્રભુની દિવ્યવાણીના વચનોની વૃષ્ટિ થઈ રહી છે. વચનવૃષ્ટિ અને પુષ્પવૃષ્ટિ બંને સમીપ આવવાથી તદ્રુપ બની ગયા છે. વચનો જાણે કુસુમ જેવા છે અને કુસુમ જાણે વચનો જેવા છે.

શ્રોતાઓને એક સાથે નેત્રસુખ અને કર્ણસુખ આપી રહ્યાં છે. આમ ઉભયસુખ પ્રાપ્ત થતાં પ્રભુની પરિષદ ભાવ વિભોર થઈ ખીલી ઊઠી છે.

આવા મંગળ પ્રસંગે પુષ્પો ચારેબાજુ ઉત્કૃષ્ટ સૌરભ ફેલાવી રહ્યા છે. અહીં સ્તુતિકારને લાગે છે કે કર્ણ અને નેત્રોની સાથે ઘ્રાણેન્દ્રિય પણ સાત્ત્વિક સુખનો અનુભવ મેળવી રહી છે, આ કાર્ય માટે તેમણે ઉદ્ધા શબ્દ પ્રયોજીને શબ્દ શક્તિનો પરિચય આપી તેમની વિદ્વતાના દર્શન કરાવ્યા છે. જ્યારે ઉચ્ચ કોટિના સુંગધિત પુષ્પોથી પ્રભુનો અભિષેક થતો હોય ત્યારે મંગલમય વર્ષાના બિંદુઓ ગંધોદક બનીને પાછળ કેમ રહે? 'મરુત્' અર્થાત્ વાયુનો સહયોગ લઈ દિવ્ય જલકણો પણ પુષ્પ વૃષ્ટિની સાથે ભળીને પ્રભુનો અભિષેક કરે છે, તો આ અભિષેક કરવામાં સાથ આપીને વાયુ પણ ધન્ય બન્યો છે. જાણે તે પુષ્પવૃષ્ટિ અને જલવૃષ્ટિ બન્નેનો વાહક બન્યો છે આમ સ્તુતિકારે આ પ્રાતિહાર્યના માધ્યમથી ત્રિયોગે અભિષેક દ્વારા પોતાની ભાવોર્મિને પ્રગટ કરી છે. એટલું જ નહિ જાણે પ્રકૃતિમાં પણ પરસ્પર સહયોગ આપવાનો એક સ્વતઃ સદ્ગુણ રહેલો હોય છે. એમ અચેતન દિવ્યતત્ત્વો પણ એકબીજામાં ગૂંથાઈને જાણે ત્રિવેણી તૈયાર કરી રહ્યાં હોય તેવો આભાસ થાય છે. **'परस्परोऽपग्रहो द्रव्यानाम्।'** અર્થાત સંપૂર્ણ સૃષ્ટિ પરસ્પરના સહયોગમાં ચાલી રહી હોય એવું લાગે છે.

પ્રસ્તુત શ્લોકના ત્રીજા પદમાં કવિશ્રીએ 'ગંધોદ બિંદુ'નો ઉલ્લેખ કર્યો છે. એવું લાગે છે કે ગંધોદકની પ્રણાલી દેવકૃત અમૃત વૃષ્ટિમાંથી ઉદ્ભવ પામી છે અને મૂર્તિના અભિષેકમાં સ્થાન પામીને તેણે પોતાની ઉચ્ચતા જાળવી રાખી છે. આમ પણ સમગ્ર પૂજા સંસ્કૃતિમાં દીપક કે અગ્નિ અને શુદ્ધ જળને પ્રમુખ ઉપકરણ માનવામાં આવ્યા છે. તેમ જ કળશપૂજા તરીકે પૃથ્વીને ચલાયમાન ચામર તરીકે વાયુને તથા પુષ્પો દ્વારા વનસ્પતિને સ્થાન આપીને પૂજાવિદોએ આ પંચ મહાભૂતનો સત્કાર કર્યો છે. અહીં કવિશ્રીએ પણ ગ્રંથો ગંધોદકને સહજ ભાવે કાવ્યમાં સ્થાન આપ્યું છે. હકીકતમાં જૈનદર્શનમાં આ પાંચેય એકેન્દ્રિય જીવરાશિના સમૂહ છે. ત્યારે અહિંસક ભાવે પૂજા થાય તે વધુ શ્રેયસ્કર છે.

પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રીએ **'मरुत्'**ને મંદગતિવાળો બતાવીને ગતિની તીવ્રતાનો પરિહાર કર્યો છે. અહીં વાયુની ગતિમાં મંદતાનો આભાસ આપ્યો છે, કારણ કે પરમાત્માના દર્શન કરવાથી ભૌતિક દ્રવ્યો પણ સ્થિર ગતિવાળા બની જાય છે. ઉત્ક્રમ પણ એવો છે કે સ્થિર થવું હોય તો પ્રથમ પોતાના આવેગને મંદ કરવો જરૂરી છે એ રીતે અહીં તીવ્ર ગતિવાળો વાયુ પ્રભુના દર્શનથી દૂરથી જ મંદગતિવાળો બની જાય છે. એટલુ જ નહિ પુષ્પો અને જલકણોની મંદગતિનો વિવેક પણ જાળવવા સ્વયં મંદગતિને ધારણ કરે છે. કાવ્યમાં સ્તુતિકારના એક એક શબ્દ ભાવ અર્થનો બોધક રૂપે રહેલ છે.

સમગ્ર ભક્તિ કાવ્યો હકીકતમાં અધ્યાત્મસ્પર્શી હોય છે. દ્રવ્ય રૂપે સાકાર પૂજા હોવા છતા ભાવ રૂપે તે નિરાકાર ચૈતન્ય તત્ત્વને સ્પર્શે છે અહીં સુરપુષ્પ વૃષ્ટિ રૂપી પ્રાતિહાર્ય જાણે દ્વારપાળ હોય તેમ દરવાજો ખોલીને સાધકને અંતર યાત્રા કરાવે છે બહાર રહેતો ભક્તિયોગ અંતરક્ષેત્રમાં તદ્રુપ બની જાય છે. દ્રવ્યપૂજાથી સંતુષ્ટ થયેલો સાધક ભાવપૂજામાં જોડાય છે. ત્યારે સ્થૂલ અને સૂક્ષ્મના ભેદ મટી જાય છે, અને એક અલૌકિક, અખંડ, અભેદ સ્વરૂપ તત્ત્વના દર્શન થાય છે. ખરેખર! કવિશ્રીએ આ શ્લોકમાં ખૂબ જ સુંદર રીતે આધ્યાત્મિક ભાવોનું આલેખન કરી સ્વયં પણ અંતર યાત્રામાં આગળને આગળ વધી રહ્યાં છે..

**ऋद्धि : ॐ ह्रीं अर्हं णमो सव्वोसहि-पत्ताणं।**

**मंत्र : ॐ ह्रीं श्रीं क्लीं क्लूं ध्यान-सिद्धि परम-योगीश्वराय नमे नमः स्वाहा।**

**વિધિ-વિધાન :** પવિત્ર થઈ શ્વેત વસ્ત્ર ધારણ કરી પૂર્વ દિશાની તરફ મુખ કરી યંત્ર સ્થાપિત કરવું. યંત્રની પૂજા અર્ચના કરી, ત્યારબાદ સફેદ આસન ઉપર ઉત્તર દિશા તરફ મુખ કરી બેસીને સફેદ માળા દ્વારા એક હજાર આઠવાર ઋદ્ધિ-મંત્રના જાય કરી સિદ્ધિ પ્રાપ્ત કરવી.

**ફલાગરમ :** કુંવારી કન્યા દ્વારા કાંતેલ કાચ્ચા સૂતરમાંથી દોરો બનાવી એને તેત્રીસમી ગાથા તેમ જ ઋદ્ધિ-મંત્ર દ્વારા એકવીસવાર મંત્રિત કરી બાંધવો તેમ જ યંત્ર પાસે રાખવાથી એકાંતરો તાપ-જ્વર, તિજારી વગેરે રોગો દૂર થાય છે. અર્થાત સર્વ પ્રકારના જ્વર દૂર થાય છે.

શ્રી ભક્તામર સ્તોત્રની ૩૨-૩૩ યુગત ગાથાનું સ્મરણ કરવાથી શું લાભ થાય છે. તે દર્શાવતી એક પ્રાચીન કથા

## મદનસુંદરીની કથા

વર્ષો પહેલાંની આ વાત છે. ઉજ્જૈન નામની નગરીમાં રાજા રતનશેખર રાજ્ય કરતા હતા. તેઓ ખૂબ જ નીતિવાન અને પ્રજાપાલક હતા એમની પટરાણીનું નામ મદનસુંદરી હતી. દુર્ભાગ્યવશ પૂર્વજન્મમાં રાણીએ જૈનધર્મની તેના શાસ્ત્રોની ઘોરનિંદા તેમ જ અનાદર કરી નિકાચિત કર્મ બાંધી લીધું. રાજા હોય કે રંક કર્મ કોઈને છોડતાં નથી. કરેલાં કર્મ ભોગવવા જ પડે છે. આ ઉક્તિ અનુસાર આ ભવમાં નિકાચિત કર્મનો ઉદય થતાં રાણીને કુરૂપ શરીર, બેડોળ અંગો તો મળ્યા સાથે સાથે દમ ખાંસી જેવા રોગોએ પણ સાથ આપ્યો. એટલું જ નહિ કાન-નાક વગેરેમાંથી વહેતાં પરુની દુર્ગંધથી એમની પાસે કોઈ ઊભું પણ રહેતું નહિ. જાણે નામ માત્ર રૂપે જ સુંદરી રહી હતી. રાજા રતનશેખર દરેક પ્રકારના ઈલાજ, ઉપાય વગેરે કરાવ્યા. તેમ છતાં સફળતા મળી નહિ.

એક દિવસ રાજા રતનશેખર રાણીની આવી અવદશા જોઈને ઉદાસ મને બેઠા હતા. ત્યાં તેમનો પરમ મિત્ર શ્રીદત્ત આવ્યો. શ્રીદત્ત જૈન ધર્મી હતો. તેને જૈનધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા હતી. રાજાને ચિંતિત જોઈને તે બોલ્યો, હે રાજન! આપ ખૂબ ચિંતાતુર લાગો છો! એવું તે ક્યું દુઃખ છે કે આપ આટલા બધા દુઃખી દુઃખી લાગો છો?

રાજા : હે પરમ મિત્ર! મને મારું દુઃખ જણાવવામાં ખૂબ જ સંકોચ થાય છે. કેમ કે, પોતાની જાંઘ ઉઘાડી કરવાથી પોતાની જ લાજ જાય.

શ્રીદત્તે વિનયપૂર્વક કહ્યું, હે રાજન! હું આપનો મિત્ર છું. આપ કોઈ પણ જાતનો સંકોચ રાખ્યા વગર મને આપની ચિંતા જણાવો.

હું અવશ્ય એનો ઉપાય શોધીશ.

ત્યારે રાજા રતનશેખરે રાણી મદનસુંદરીની અવદશાની સારી હકીકત જણાવી. વાત સાંભળીને શ્રીદત્ત બોલ્યો, હે રાજન! તમે રાણી મદનસુંદરીને મુનિ ધર્મસેન પાસે લઈ જાઓ. આ મુનિ ભગવંત આ વ્યથાને દૂર કરવામાં સમર્થ છે.

રાજા : તો પછી વાર કેવી! હમણાં જ પાલખી મોકલાવી એમને અહીં બોલાવી લઈએ.

શ્રીદત્ત : હે રાજન! વીતરાગી મુનિવર હાથી, ઘોડા, રત્ન વગેરે કોઈ વસ્તુની અપેક્ષા રાખતા નથી. એટલું જ નહિ ન તો એમને રાજદરબારનો કોઈ મોહ છે. આપની ઈચ્છા હોય તો તમે જ એમના શરણે જાઓ.

ત્યારે રાજા અને રાણી પગે ચાલીને વનમાં મુનિ ભગવંત પાસે ગયા. તેમણે જઈને જોયું તો કૃશશરીરી એવાં મુનિવર તો પોતાની આત્મસાધનામાં લીન બેઠા હતા. રાજા-રાણી બન્નેએ પ્રદક્ષિણા કરી મુનિવરને વંદન-નમસ્કાર કર્યા ત્યારે મુનિ ભગવંતે ધર્મલાભ કહ્યો. ત્યારબાદ રાજાએ મુનિભગવંતને કહ્યું, હે નિર્ગ્રંથ સ્વામી! આપ માટે હું સોનું, રત્ન, માણેક, હાથી, ચીર વગેરે લાવ્યો નથી, હું તો બસ, આપના ચરણનું શરણ લેવા આવ્યો છું. આપના સિવાય હું ક્યાં જાઉ? જૈનધર્મ જ મારું સંકટ દૂર કરી શકશે. તમે તો દીનદયાળુ છો. વધારે હું શું કહું? શરણે આવેલની લાજ તમારે રાખવાની છે. મારા દુઃખનું સમાધાન કરો, એવી હું વિનંતી કરું છું.

ત્યારે મુનિરાજે કહ્યું, હે રાજન્! તારી સમસ્યાનું સમાધાન હું કાલે કહીશ. આમ મુનિભગવંતે રાજાને કહી તો દીધું, પરંતુ એમને ચિંતા થઈ કે, હું કેવી રીતે રાજાનું દુઃખ દૂર કરી શકીશ! જેનાથી તેઓ જપ-તપ પણ ભૂલી ગયા અને વિચારવા લાગ્યા કે, જો રાણીનો રોગ દૂર નહિ થાય તો જૈનધર્મની હાંસી થશે. એટલા માટે સંન્યાસ છોડવાની તૈયારી કરતાં હતા, ત્યાંજ પદ્માવતી દેવી પ્રગટ થઈ બોલ્યા, હે મુનિવર! આપ શા માટે ચિંતા કરો છો! શ્રી ભક્તામર સ્તોત્રની ૩૨-૩૩મી યુગલ ગાથા રાણીને શિખવાડી દેજો. ધર્મના પ્રતાપથી સફળતા મળશે.

બીજા દિવસે સવારે રાણી મુનિરાજ પાસે આવી. ત્યારે મુનિરાજે રાણીને શ્રાવકના વ્રત સહિત યુગલ ગાથા ઋદ્ધિ મંત્ર વિધિ વિધાન સાથે શિખવાડી. રાણીએ ઘરે જઈને મુનિભગવંતના જણાવ્યા અનુસાર વિધિપૂર્વક જાપ કર્યા. જેનાથી એમનું જેવું નામ હતું એવું જ રૂપ થઈ ગયું. અને બધા જ રોગ પણ નષ્ટ થઈ ગયા. રાણી સર્વ પ્રકારે સુંદર અને નીરોગ થઈ ગઈ. ત્યારે રાજા તથા સર્વ પ્રજાજનોએ જૈનધર્મનો જય જયકાર બોલાવ્યો.

શ્રી ભક્તામરની એક એક ગાથાનો મહિમા અપરંપાર છે....

❊❊❊

સંપર્ક:khimji_chhadwa@yahoo.com
૯૮૯૨૮૨૮૧૯૬

# ફરીએ તો વિસ્તરીએ – ૧૪

## પ્રા...આ...હા...!

**જેલમ હાર્દિક**

હા જ તો.. આપણે અત્યારે એ જ ફ્રાન્ઝ કાફ્કાનાં જન્મસ્થળ પ્રાગમાં છીએ, જેને લીધે અંગ્રેજી ડીક્ષનરીને 'કાફ્કએસ્ક' શબ્દ મળ્યો. પણ કાફ્કાનાં દુઃસ્વપ્નોનું સાક્ષી પ્રાગ અત્યારે તો એક રૂપકડાં સપના જેવું લાગતું'તું.. મૂળ ગામના એ મુખ્ય ચોક પર, ઑલ્ડ ટાઉન સ્કવેર પર હકડેઠઠ મેદની જામી'તી.. એક બાજુ એક શૂરવીરનું સરસ મજાનું કાળું શિલ્પ હતું ને થોડે દૂર બરોક શૈલીનાં બાંધકામવાળું ચર્ચ, વૉલ્ટ ડિઝનીની એકાદી ફિલ્મમાં કે કોઈ અંગ્રેજી વાર્તાની ચોપડીમાં હોય ને એવું સરસ.. આ બધાંના નામમાં પડવાનું આપણે રહેવા દઈએ છીએ, કેમ કે ચૅક ભાષા એટલી અટપટી છે કે ઉચ્ચારના વાંધા થશે. એટલે શેક્સપિયરને યાદ કરી, નામને રાખીએ એકબાજુ, ને મજા કરીએ એ ચોકમાં ભરાયેલ મેળામાં.

ખાણી-પાણી ને જાતજાતની ગમ્મતોવાળા એ મેળાને જોઈને મને તો ભુજનાં હમીરસરને કિનારે ને રાજકોટનાં રૅસકોર્સ મેદાનમાં ઉજવાતા સાતમા-આઠમના મેળાની રોનક યાદ આવી ગઈ. અત્યારે તો જૂનાં પ્રાગના એ ચોકમાં વચ્ચોવચ મ્હોરેલાં રંગબીરંગી ફૂલોની જેમ ઈસ્ટરનો માહોલ પણ પૂરબહારમાં ખીલ્યોતો. આવી ભીડ ટાળવા ઘણા લોકો રજાઓમાં ફરવા જવાનું પસંદ ન કરે, પણ આપણે તો મેળાનાં માણસ, માણસ ભૂખ્યાં. ભારતથી દૂર છીએ કદાચ એટલેય બને, એ ચિત્ર-વિચિત્ર, રંગબીરંગી ધક્કામુક્કીમાં ધબકતું ગામ જ પોતીકું લાગે. તો એના કલબલાટ ભેગાં અમે ખેંચાયાં ચોકની નજીક આવેલા જૂના ટાઉનહૉલ તરફ, જેની એક દીવાલે છે આજ સુધી એકદમ વ્યવસ્થિત રીતે ચાલતું વિશ્વનું જૂનામાં જૂનું ઍસ્ટ્રોનોમિકલ ક્લૉક. પંદરમી સદીમાં ત્યાંના એક ઘડિયાળી અને ચાર્લ્સ યુનિવર્સિટીના એક ખગોળશાસ્ત્રીએ સાથે મળીને બનાવેલ આ ઘડિયાળ સમયની સાથે-સાથે મહિના અને સૂર્ય-ચંદ્રની સ્થિતિ પણ બતાવે છે. પણ ખાસ જોવાલાયક છે એમાં ભજવાતું એક દૃશ્ય; ટ્વેલ્વ અપોસલ્સની પરેડ. દર કલાકે. નાટકના કોઈ પડદાની જેમ જે એ ઘડિયાળના દરવાજા ખુલતાંની સાથે જ એમાંથી બહાર નીકળે ઈસુના મુખ્ય બાર શિષ્યો... એમની સાથે બીજાં કેટલાંક નાનાં શિલ્પો ભેગું હોય એક હાડપિંજર; મૃત્યુંનું સૂચક. કાળનું જ ને...! ને એ બધાં ફરવા માંડે એ કાળચક્રની ફરતે...! સારી વાત એ છે કે એ ઘડિયાળ એટલું ઊંચુ છે કે આ નાટકીય દ્રશ્ય જોવામાં ભલભલી ભીડ પણ આડે ન આવે.. હા, ત્યાં ફોટો પાડવામાં ને પડાવવામાં જબરી આવડત જોઈએ, એમાં ના નહિ. પણ એ બધાંયના સરવાળા જેવો એ આખો અનુભવ જ ખૂબ રોમાંચક.. ત્યાંથી એ છીપરીયા રસ્તે જ આગળ વધ્યાં અમે ચાર્લ્સ બ્રિજ તરફ. આખો રસ્તો ઠેઠેઠેઠ પથ્થરિયો, મારાં બાળપણનાં ઘરનાં આંગણાં જેવો. એટલે જ કેટલુંય ચાલી નાખ્યું હશે અમે, તોય લાગ્યું તો એવું જ કે જાણે ઘરનાં મો..ટાં આંગણામાં ફરીએ છીએ. ખબર પડે ન પડે ને સામે પ્રગટે ચાર્લ્સ બ્રિજ. ચૌદમી સદીના અંતમાં રાજા ચાર્લ્સ ચોથાના સમયમાં બંધાયેલ કમાનવાળો આ પુલ આપણને વિશાળ પટવાળી વોલ્ટાવા નદી પાર કરાવતો કેવો શાનથી ખડો છે..! એના બેય છેડે આવેલાં ટાવર્સ વચ્ચે ચાલવા માંડીએ, ને આપણી બંને તરફ દેખાય ત્યારના સમયના ત્રીસ સંતોનાં બરોક શૈલીનાં શિલ્પ. એમની નિશ્રામાં એવો તો સોહામણો લાગતો'તો એ આખો પુલિયો કે વાત નહિ.. એની ઉપર ચાલતાં-ચાલતાં જાણે ઓચિંતા આપણા પણ છંટાઈ જાય ચિત્રો દોરતા કલાકારોની પીંછીના રંગો. તો ક્યારેક આપણને ઘેરી વળે આસપાસની હવામાં રેલાતા ટ્રમ્પેટ ને બેસ ગિટારના સૂરો.. મદહોશ થઈ જવાય ત્યાંનો વખણાતો બિયર વગર પીધે. જાતને બહાર કાઢવી પડે એમાંથી.. પ્રયત્નપૂર્વક..આગળ તો વધવું ને..? એ પહેલા યાદગીરી માટે ફોટો પાડવા અટક્યાં તો નજીકની રેલિંગ પર તાળાંનાં છૂમખે-ઝૂમખાં દેખાયાં..! પ્રેમીનો સાથ ક્યારેય ન છૂટે એની માનતા માટે. મોકળાશની લાગણી માટે બંધનની આ તે કેવી માનતા..! હશે..

અમારે તો હવે જવું'તું, ભાઈ, પ્રાગનો કિલ્લો જોવા.. વિશ્વમાં સૌથી વધુ વિસ્તાર ધરાવતા કિલ્લા તરીકે જેનું ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન છે એવો આ કિલ્લો સ્વાભાવિક રીતે દૂર હતો, જ્યાં પહોંચવામાં પદયાત્રા કામ આવે એમ નહોતી.. પણ ટ્રામ સીધી ત્યાં પહોંચાડી દેતી'તી. મેટ્રોમાં તો આમેય આપણે બેસી લીધું તું, હવે લાભ મળવાનો હતો ટ્રામનો.. અત્યાર સુધીની રખડપટ્ટીમાં એને ઘંટડી વગાડીને પડખેથી પસાર થઈ જતી કેટલીવાર જોઈ તી..! હવે તો એમાં બેસવા મળશે.. પણ એના પહેલા એક સરપ્રાઈઝ છે.. શું..!!?

ખોલી દઉં એ સરપ્રાઈઝ પ્રાહાનાં પેલાં ઍસ્ટોનોમિકલ ક્લોકના દરવાજાની જેમ..? તો લ્યો, ખાઓ આ 'ચિમની કેક-ટ્રેડલનીક **(Tradelnik)**'. વિયેનામાં ઝાકર તોર્ત' ખાધી' તી, યાદ છે..? એક પ્રાગમાં જ્યાં જુઓ ત્યાં એક જ નામ દેખાય; 'ચિમની કેક'. એવી તો નજરે ચડાવી દે આ લોકો કે આપણને લાગે આ ખાધા વગર તો આપણો જન્મારો એળે જશે.. જબરા છે મારા બેટા.. સફળ થયે છૂટકો કર્યો.. કહેવાતી તી એ બોહેમિયન કેક; વેલણ જેવી એક મોટી લાકડી પર લોય વીંટાળી ને ભઠ્ઠીમાં શેકીને તૈયાર થતી, ને ઉપર દળેલી ખાંડ કે બદામ-પિસ્તાંનો ભૂકો ભભરાવેલી અંદરથી પોલી એવી એ કેક હતી સાવ આપણા ક્રીમ રૉલ જેવી.. આપણે ત્યાં જેમ અંદર ક્રીમ ભરે, એમ અહીંયાં આઈસ્ક્રીમ.. ને મૂળ સ્લોવાકની આ કેકને કે' પાછા પ્રાગની પ્રખ્યાત કેક..! હકીકતમાં તો આપણા જેવા લોકોને આકર્ષવા પ્રાગે હજી એકવીસમી સદીમાં ઉમરેલું આ એક ગતકડું જ છે.. પણ અમેય કંઈ ઓછાં નથી, બે વચ્ચે એક જ લીધી.. ને પાછી ખાધી કેવી આપણે બધાએં સાથે મળીને..!

ચાલો, હવે ચડીએ ટ્રામમાં.. તો અત્યાર સુધી ન જોયેલાં પ્રાગમાં ચક્કર મરાવતી એ ટ્રામ સીધી લઈ ગઈ પ્રાગના કિલ્લે ઓહોહો.. શું જબરો દેખાતો'તો..! નવમી સદીમાં બંધાયેલા આ કિલ્લો ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ્સ પ્રમાણે વિશ્વનો સૌથી મોટામાં મોટો પુરાણો કિલ્લો છે, તો હોય જ ને..! ઈમ્પ્રેસ થઈ જઈએ એટલો હૅન્ડસમ લાગતો તો હો બહારથી ભૂતાનના ઝૉન્ગની જેમ એ અહીંનું એડમિનિસ્ટ્રેટિવ કોમ્પ્લેક્સ બોહેમિયન રાજાઓ અને રોમન સમ્રાટોથી લઈને ચેકોસ્લોવાકિયાના ને હવે ચેક રિપબ્લિકના પ્રમુખની સત્તા જ્યાંથી ચાલે છે, એ આ 'પ્રાહા કાસલ'. એની અંદર હતાં અનેક રોમન અને ગોથિક શૈલીનાં એકમેકથી ચડિયાતાં બાંધકામો, જેમાં સેઈન્ટ વીટસ કેથીડ્રલ પણ ખરું. અંદરથી જોવા માટે ટિકિટ હતી, પણ અમે તો મોટેભાગે બહાર જ ફર્યાં. મને તો આમેય યુરોપમાં કે ક્યાંય પણ, ચાર દીવાલની અંદરનું જોવા કરતાં બહારની, કુદરત વચ્ચે રહીને એને અંદર ઉતારવું વધારે ગમે. ત્યાંથી બહાર નીકળ્યાં અમે સીધાં એક પુલ ઉપર, ને જેવાં જોઈએ છીએ તો સામે હતું ચેરી બ્લૉસમથી લચી પડેલું એક ઝાડ.. આહાહા..! એવું લટકાળું લાગતું તું જાણે વાસંતી હવાને ગુલાલથી રંગતી પિચકારી..! હું તો દોડતી વળગી જ પડી એને.. થોડીવાર પછી માંડ-માંડ મન મનાવ્યું આગળ જવા.. વળતી ટ્રામ લેતાં પહેલાં ફરીવાર પાછું વળીને જોયું તો એ મખમલી ચૅરી બ્લૉસમ પાછળ માથું ઊંચકીને ઉભેલો એ પથરીલો કિલ્લોય હવે મુલાયમ લાગ્યો..! કેવો જાદુ કુદરતનો..!

એ ગુલાબી મૂડમાં ક્યાં સાંજ પડી ગઈ અમને ખબર જ ન પડી. સારું એ હતું કે દિવસો ત્યારે લાંબા હતા. રાત થવાને હજી વાર હતી, એટલે ત્યાંથી અમે ગયા વેન્સેસ્લાસ સ્કવેર. દેખાવમાં તો સારી હતી જગ્યા, પણ મનમાં કૈંક મજા ન આવે તમનેય કહી દઉં કે, એ વિસ્તાર થોડો સાચવવા જેવો ખરો, ખાસ કરીને દિવસ આથમ્યે. ત્યાં એક આંટો મારીને નીકળતાં જ હતાં, ત્યાં સામે શું જોયું; બિયર ભરાતો હોય એવાં લાકડાંના મોટાં પીપડાં સાથેની એક મોટ્ટી ખુલ્લી ગાડી એમાં બેઠેંતા ચૌદ-પંદર લોકો, જે દરેકની સીટ પાસે હતાં પેડલ. એકબાજુ એ ગાડીને સાઈકલની જેમ પેડલ મારતાં જાય ને સાથે-સાથે બિયર પીતાં જાય. એ હતી બિયર બાઈક! આપણે હરતું-ફરતું પુસ્તકાલય જોયું' તું, હવે જોયું પબ.. આ ત્યાંનું ઍલકોટુરિઝમ! પ્રાગના સુંદર ઐતિહાસિક ચહેરા પર નશાનું મહોરું ચિતરતી આ ઈન્ડસ્ટ્રીનો વિરોધ ઘણો છે ત્યાંના લોકોમાં, બંધ કરવા ચર્ચાઓ પણ ચાલે છે. પણ એ સફળ થાય ત્યારે સાચું. હવે ધીમે-ધીમે રાત પડવામાં હતી ને અમારે જવાનું હતું અમારા એક ભાઈબંધને ત્યાં પ્રાગમાંય ભાઈબંધ..! બોલો, નસીબદાર ને? રૂપેન્દ્ર સાથેની ભાઈબંધી બોલોન્યાના સમયથી મૂળ એ હરિયાણાનો, પણ હવે પ્રાગમાં એવો તો ઠરીઠામ થઈ ગ્યો છે કે ન પૂછો વાત. બે-ત્રણ રેસ્તરાં ચલાવે છે. એમાંના જ એક ભારતીય રેસ્તરાં 'તાજ'માં જમવા માટેનું આમંત્રણ હતું. અમે નવ વર્ષે મળ્યાં, એને સ્વાગત જ એણે આદુવાળી સ્પેશિયલ ચા ને સમોસાથી કર્યું પછી તો એણે ખાસ અમારા માટે બનાવડાવેલી જુદી-જુદી વાનગીઓ પીરસાતી રહી ને અમારી વાતો ચાલતી રહી. ઘણે મોડે સુધી એની સાથે રહીને અમે હૉટલે જવા નીકળ્યાં, ત્યાં એ દિ સુધી જે પ્રાહા અજાણ્યું હતું, એનું અંધારું પણ પોતાનું લાગ્યું..!

આ આપણી પ્રા..આ..હા..મૉમેન્ટ..!

❋❋❋

જેલમ હાર્દિક સિડની, ઓસ્ટ્રેલિયામાં મીડિયા બ્રૉડકાસ્ટર છે. તેમનો ઈમલે સંપર્ક **jelamhardik@gmail.com** છે.

# સર્જન સ્વાગત

## સંધ્યા શાહ

**મૈત્રી માધુર્ય - ડૉ માણેક પટેલ**
**પ્રથમ આવૃત્તિ ૨૦૨૦**
**પૃષ્ઠ - ૩૫૬ કિંમત : મૈત્રીભાવ**

મિત્રો સાથેના મધુર સંસ્કરણોનો સંચય એટલે મૈત્રી માધુર્ય આ કેવળ મિત્રોથી મૈત્રીની જ વાત નથી, ૭૫ વર્ષનો એ કાળખંડ અહીં સજીવ થયો છે. વાંચન, લેખન, ઇતિહાસ, ફિલ્મ નિર્માણ અને ફોટોગ્રાફીનો શોખ ધરાવતાં લેખકે જીવન યાત્રાના મહત્તમ પડાવ, દેશ વિદેશના પ્રવાસની ઝલક, ફિલ્મ નિર્માણના અનુભવો પુસ્તક લેખન અને વિમોચનના પ્રસંગો સાથે મિત્રોની ભાઈબંધને રંગીન ફોટાઓ સાથે વર્ણવી છે.




અમદાવાદના ગૌરવને ઉજાગર કરવા આ શહેરના ઈતિહાસને નગરજનો સુધી પહોંચાડવા તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. દસ્તાવેજી ફિલ્મો અને પુસ્તકો આ શહેરના ભવ્ય ભૂતકાળને આલેખે છે પ્રત્યેક અમદાવાદીએ તો આ પુસ્તક વાંચવું જ રહ્યું, ખરેખર તો અહીં એની ઝલક છે તોપણ, 'અમદાવદ ફાઉન્ડેશન' થકી અમદાવાદની અલગ ઓળખ ઊભી કરવા માટે ઊંડાણપૂર્વકનું સંશોધન કરી રહેલા લેખકે આ ક્ષેત્રે ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. સફળ દંતતજજ્ઞ અને સંશોધકની પાસે ગુજરાતની - અમદાવાદની વિરાસતનો અમૂલ્ય ખજાનો છે. ગાંધીજીના જીવનપટના અદ્‌ભુત પ્રસંગોનું તેમણે ફિલ્માંકન કર્યું છે. સ્થળ વિશેષના સૌંદર્યને શબ્દોથી શણગાર્યું છે.

ટૂંકમાં, એક મજેદાર માણસની મૈત્રીની મહેફિલ, જીવનની અખિલાઈ, અનુભવોનું અમૃત અને અમદાવાદની અસ્મિતા એટલે 'મૈત્રી માધુર્યનો આ દળદાર ગ્રંથ સામાન્ય રીતે અભિવાદન ગ્રંથોમાં મિત્રો વ્યક્તિ વિશેષને આલેખે છે, અહીં વ્યક્તિવિશેષે પોતાના જીવનના સ્મરણીય પ્રસંગો, અને ઘટનાઓને આલેખ્યા છે.

૧૮૯૧માં પિતા દેવેન્દ્રનાથે રવીન્દ્રનાથને તેમની જમીનદારીનો વહીવટ સંભાળવા પદ્માને કિનારે આવેલી તેમની જાગીરને સ્થળે શિલાઇદહ (હાલ બાંગ્લાદેશમાં) મોકલ્યા. શિલાઇદહમાં મોટેભાગે તેઓ હાઉસબોટમાં રહેતા અને વહીવટનાં કામો પછીનો બધો સમય વાંચવાલખવામાં પસાર કરતા. અહીં તેઓ પહેલી વાર સામાન્ય જનજીવનના નિકટ સંપર્કમાં આવ્યા. તેમણે બાઉલ ભજનિકોને સાંભળ્યા, લોકગીતો સાંભળ્યાં આ બધું તેમની રચનાઓમાં, ખાસ તો તેમની વાર્તાઓમાં પ્રતિબિંબિત થાય છે. આ ગાળા દરમિયાન તપોવનની સંસ્કૃતિની પુનઃસ્થાપના માટે કવિ સ્વપ્નાં જોવા લાગ્યા. ૧૯૦૧નું વર્ષ રવીન્દ્રનાથના જીવનમાં જ નહિ ભારતીય કેળવણીના ઇતિહાસમાં પણ અતિ મહત્ત્વનું છે. શિલાઇદહની જાગીરદારીનો વહીવટ છોડી રવીન્દ્રનાથે તેમના પિતા દેવેન્દ્રનાથે જે સ્થળે ૧૮૬૩માં શાંતિનિકેતનની સ્થાપના કરી હતી, ત્યાં બોલપુરમાં બ્રહ્મચર્યાશ્રમ નામથી એક શાળાની શરૂઆત ૨૨મી ડિસેમ્બર, ૧૯૦૧માં, તેમના જ્યેષ્ઠ પુત્ર સમેત પાંચ છાત્રો સાથે અને પાંચ શિક્ષકો સાથે કરી. આર્થિક મુશ્કેલીઓમાં કવિપત્નીએ પોતાનાં ઘરેણાં પણ શાળા ચલાવવામાં દીધેલાં. રવીન્દ્રનાથ પોતે જ એક શિક્ષક. પ્રકૃતિને ખોળે શિક્ષણ સાથે ચિત્રકલા, સંગીત વગેરે ઉપરાંત હાથકારીગરીની વસ્તુઓ પણ શીખવવામાં આવતી. ગાંધીજીએ બુનિયાદી શિક્ષણપદ્ધતિ શરૂ કરી, તે પહેલાં શાંતિનિકેતનમાં તેની શરૂઆત થઈ હતી. વર્ગો વૃક્ષોની છાયામાં લેવાતા. છાત્રોના સ્વતંત્ર વ્યક્તિત્વના વિકાસ પર ધ્યાન અપાતું.

'પ્રાણ' નામની કવિતાની આ પંક્તિઓમાં રવીન્દ્રનાથનું જાણે સમગ્ર જીવનદર્શન છે :

મરિતે ચાહિ ના આમિ સુન્દર ભુવને
માનવેર માઝે આમિ બૉચિબારે ચાઇ.

(આ સુંદર વિશ્વમાં મને મરવાની ઇચ્છા નથી થતી, મનુષ્યની વચ્ચે હું જીવવા ચાહું છું.) રવીન્દ્રનાથનો પ્રકૃતિપ્રેમ, મનુષ્યપ્રેમ, રાષ્ટ્રપ્રેમ કે કાવ્યપ્રેમ, ઈશ્વરપ્રેમમાં પર્યવસિત થાય છે. ૧૯૧૦માં પ્રકટ થતાં બંગાળી 'ગીતાંજલિ'નાં ૧૫૭ ગીતોમાં અહમ્નું  વિગલન ઇચ્છતા ભક્તહૃદયની આર્દ્રતા, આર્જવ અને દૈન્ય પણ અનુભવાય છે.

રવીન્દ્રનાથના સમગ્ર વાઙ્મયસર્જન અને જીવનદર્શનમાં એક ઉદાર માનવતાવાદી જીવનાદર્શ પ્રકટતો જોવા મળે છે. પ્રાચીન અને મધ્યકાલીન ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યમાં જે ઉત્તમ છે, જે સ્પૃહણીય છે તેનો સ્પંદ કવિની વાણીમાં અનુભવાય છે. ઉપનિષદોનું આર્ષદર્શન, ગૌતમ બુદ્ધની પારમિતા વાણી, વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસ જેવા કવિઓની જીવંત પરંપરાનો સંસ્પર્શ તેમના સર્જનમાં અનુભવાય છે તેમ અનુભવાય છે મધ્યકાલીન ભક્તિપરંપરાના સંસ્કાર.

# અતીતની બારીએથી................ પર્યુષણ વ્યાખ્યાનમાળા

બકુલ ગાંધી
૯૮૧૯૩૭૨૯૦૮

પર્યુષણના દિવસોમાં મોટા શહેરોમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ યોજવાનો અને એ રીતે સપ્તાહને સાચા અર્થમાં એક સંસ્કાર પર્વ બનાવવાની પરંપરા લગભગ ૯૦ વર્ષ પૂર્વે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે શરૂ કરેલ. પર્વના આઠેય દિવસે સંબંધિત સમયના પ્રખર, વિદ્વાન, વ્યક્તિત્વ ધરાવનાર સાધુ-સંત-મહાપુરૂષોએ આધ્યાત્મિક અને સામાચિક વિષયો પર પ્રવચનો આપતા આવ્યા છે. પંડિત સુખલાલજી, કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી, માર્ટીન લ્યુથર કીંગ, અટલ બિહારી વાજપેયી, સ્વામી અખંડ આનંદ,, પાંડુરંગ શાસ્ત્રી, કાકા કાલેલકર, શ્રી ઉમાશંકર જોષી, શ્રી વાડીલાલ ડગલી, જ્યોતીન્દ્ર દવે, ડૉ. કુમારપાળ દેસાઈ, મોરારીબાપુ, ફાધર વૉલેસ, હરીભાઈ કોઠારી, નરેન્દ્ર મોદી, વિમલાતાઈ, પંડિત બેચરદાસ...... આવા વ્યાખ્યાનોનો વ્યાપક સારાંશ ''પ્રબુદ્ધ જીવનના'' પછીના મહિનાના અંકમાં પ્રકાશિત કરવામાં આવતા રહ્યા છે, જેથી સબ્સ્ક્રાઈબર્સ / વાચકો જે વ્યક્તિગત રીતે વ્યાખ્યાનમાં હાજરી આપી શક્યા ન હોય તેમના લાભ માટે વર્ષ ૨૦૦૮ થી તમામ સંપૂર્ણ વ્યાખ્યાનોનું ઓડિયો રેકોર્ડિંગ સંસ્થાની સાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

વ્યાખ્યાનોની ઓડીઓ લિંક : http://www.mumbai-jainyuvaksangh.com/

વિગતવાર વાંચન માટે : visit http://prabuddhjeevan.in

## દ્રષ્ટાંતરૂપ વ્યાખ્યાનોની સૂચિ

| વિષય | વક્તા | |
|---|---|---|
| આધ્યાત્મ અને વિજ્ઞાન | ડૉ. નરેશ વેદ | ૨૦૧૪ |
| કર્મનુ વિષયક | ડૉ. રશ્મિ ઝવેરી | ૨૦૦૯ |
| ક્ષમાપના | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૦૧૦ |
| દુકાનમાં દેરાસર | ડૉ. ગુણવંત શાહ | ૨૦૧૪ |
| નથી હું મારામાં...તો...ક્યાંથી આવું પ્રભુ તારામાં | ડૉ. સેજલ શાહ | ૨૦૧૬ |
| નય પ્રમાણથી મન પ્રમાણ સુધી | ડૉ. સેજલ શાહ | ૨૦૧૪ |
| ભક્તિ કરે એ તરે | હરિભાઈ કોઠારી | ૨૦૦૯ |
| ભક્તિપ્રભાવ | બ્રહ્મકુમારી પૂ. ગીતાદેવી | ૨૦૧૫ |
| મથવું ન મિથ્યા | ડૉ. સેજલ શાહ | ૨૦૧૭ |
| મહાવીર કા સચ્ચા માર્ગ | શ્રી વલ્લભ ભણસાલી | ૨૦૧૫ |
| રાષ્ટ્રીય એકતા ધર્મ માર્ગે | પ.પૂ. મોરારિ બાપુ | ૨૦૧૮ |
| સ્વીકારમાં સુખ | પ્રજ્ઞાચક્ષુ ભાવેશ ભાટિયા | ૨૦૧૪ |

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# સાધો : મનકા માન ત્યાગો

## આચાર્યશ્રી વિજયશીલચંદ્રસુરિશ્વરજી મ. સા.

સંત તુલસીદાસનો એક માર્મિક દોહરો છેઃ

**''કંચન તજવો સ્હેલ હૈ । સ્હેલ હૈ તિરિયા - નેહ,**
**માન-બડાઈ-ઈર્ષા, 'તુલસી' દુર્લભ તજવા એહ**

સોના-રૂપાનાં પ્રલોભનમાંથી છૂટી શકાય છે. રૂપભરી લલનાઓના મોહપાશથી છૂટવું પણ બહુ મુશ્કેલ નથી. પણ તુલસીદાસ કહે છે કે અભિમાન, આપવડાઈ મને ઈર્ષ્યા જેવા ચોરટાઓનાં પંજામાંથી ચિત્તને છોડાવવું બહુ કઠિન છે.

આવી ઉક્તિઓને મમળાવીએ તો વાચ્યાર્થથી ઉપર ઊઠીને તેના ધ્વનિ સુધી પહોંચી શકાય. તુલસીદાસે આ દોહરા દ્વારા કર્મકાંડી આડંબરોને એક સમર્થ પ્રહાર આપ્યો છે. સાચો સાધક માથું નહિ, મન મૂંડાવવાનો મહિમા કરે છે. એને મન બહારના કર્મકાંડોનું મૂલ્ય અંતરને નરવું બનાવવાના સાધનથી અધિક કશું જ નથી. એ એટલે જ જે પળે બાહરી કર્મકાંડો, ચિત્તશોધનના પંથમાં અવરોધ કરનારા આડંબરનું પરિમાણ ધરે, તે જ ક્ષણે જાગૃત સાધક તેને ફેંકી દીધા વિના જંપતો નથી.

**તુલસીદાસ કહે છેઃ** સંપત્તિનો અને સ્ત્રીનો ત્યાગ એ માત્ર બાહ્ય કર્મકાંડ છે. એવાં કર્મકાંડ જે અહં અને આપવડાઈ એ ઈર્ષ્યા જેવાં આસુરી તત્ત્વોના ત્યાગનું પ્રતીક બને. આગળ વધીને કહેવું હોય તો, જેણે આત્મિક પ્રગતિને રૂંધી દેનારાં આ તત્ત્વોનો ત્યાગ કર્યો હોય તે જ સ્ત્રી અને શ્રીનો ત્યાગ કરી શકે, એમ કહી શકાય.

અજ્ઞ કે અલ્પજ્ઞ જીવો બહિર ત્યાગનો મહિમા ગાય છે. સાધક ભીતરી દોષત્યાગનો આશિક હોય છે. આચાર્ય હરિભદ્રસૂરિએ આ જ વાતને આ રીતે કહી છેઃ ''બાલજીવ બાહ્ય લિંગ જુએ છે અને બુધ જન અંદરના તત્વને શોધે છે.''

આ સંસારમાં આંતરિક ગુણ સંપત્તિને પેખે તેવા ડાહ્યા જનો કરતાં, બાહરી કર્મકાંડની ભરમારમાં રાચીને આંતરિક ગુણોનો સર્વનાશ નોતરે તેવા બાહ્યત્યાગીઓને જ પૂજનારા દોઢ ડાહ્યાઓ વધુમતીમાં હોય છે. આવા લોકોનાં બાહ્ય ત્યાગની પશ્ચાદભૂમાં કાળા કકળાટ અને ઘેરી માયા-મમતાના ભડકા જ ભડભડતા હોય છે. જેની ભાળ પેલા દોટ ડાહ્યાઓને મળે ત્યારે બાજી તેમના હાથમાંથી સરી ગઈ હોય છે. નિષ્કુળાનંદે કહ્યું છે તેમ આવા લોકોની હાલત **''ઉપર વેષ અચ્છો બન્યો, માં મોહ ભરપૂર જી''** જેવી હોય છે.

આવાઓના ત્રાસથી ઉભગી-અકળાઈ ગયેલો સંતજીવ જ્યારે ''માન-લડાઈ-ઈર્ષ્યા, દુર્લભ તજવા એહ'' પોકારી ઉઠે છે, ત્યારે તે વાસ્તવમાં કર્મકાંડના ઓઠા હેઠળ વકરેલાં અંતરનાં આસુરી તત્વોને જ પડકારતા હોય છે. બાકી સંતોને વળી સજ્જન-દુર્જન કેવા ? જેની દૃષ્ટિમાં સારોએ સંસાર સજ્જન દીસે તે જ તો સંત છે, ભલા એ કોઈને દુર્જન કે ખરાબ કેવી રીતે કહે ? એ તો કહેશેઃ ''સાધોઃ મનકા માન ત્યાગોઃ''

સંતની રીત જ ન્યારી હોવાની દુર્જન, હા, જેના હૈયે અહં એ આપવડાઈની હોળી સળગી હોય તે દુર્જન જઃ તેને પણ સંત કહેશેઃ ''સાધુ ! મનનું ગુમાન ત્યાગ ને ! સ્ત્રી અને સંપત્તિ ત્યાગે શું વળશે જે અહંકારને ત્યાગ નહિ કરે તો માટે ભાઈ, મન ચોખ્ખું કરે.''

કર્મકાંડના આડંબરોમાં જ અટવાયેલા વેષધારીઓ તો કહેશે કે તુલસી અને નાનક જૈન ક્યાં હતા કે એમના સંદર્ભ ટાંકો છો ? એમનો આ ઘમંડ અને અહં એમને મુબારક રહો ! આપણે તો પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં સંતોની શીખ હૈયે ધરવી છે, આસુરી તત્ત્વો થકી જાતને બચાવવી છે, અને આંતરિક સંપત્તિ માટે પુરુષાર્થ આચરી બાહરી કર્મકાંડને સાર્થક ઠરાવતા છે.

પર્યુષણ પર્વ આપણું પ્રેરણાબળ હજો !

Postal Authority : If Undelivered Return To Sender At : 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415
**Editor : Dr. Sejal M. Shah**
Temporary Add.: 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.